بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/જુલાઈ/૨૦૧૬**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૭, સળંગ અંક : ૧૫૧

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | દુ:ખિયારી ઉમ્મતની પરેશાની દૂર કરો ! | 02 |
| 02 | **ખબરદાર ! કોઈના પર જુલ્મ ન કરશો !** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 15 |
| 06 | હદાઈકે બખ્શિશ | 17 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 20 |
| 08 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 23 |
| 09 | વારસાની વહેંચણીમાં સૌને પૂરો હક્ક આપો ! | 31 |
| 10 | કાદયાની–અહમદિયા જમાઅતને ઓળખો ! | 36 |
| 11 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |
| 12 | સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ | 48 |


**કલામુલ ઈમામ ઈમામુલ કલામ**
રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલે જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ
યે જો તુઝ કો બુલાતા હૈ યે ઠગ હૈ માર હી રખેગા
હાએ મુસાફિર દમ મેં ન આના મત કૈસી મતવાલી હૈ
સોના પાસ હૈ સૂના બન હૈ સોના ઝહેર હૈ ઉઠ પ્યારે
તૂ કહતા હૈ નીંદ હૈ મીઠી તેરી મત હી નિરાલી હૈ
બાદલ ગર્ઝે બિજલી તળપે ધક સે કલેજા હો જાએ
બન મેં ઘટા કી ભયાનક સૂરત કૈસી કાલી કાલી હૈ
સાથી સાથી કેહ કે પૂકારું સાથી હો તો જવાબ આએં
ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલ રે મૌલા વાલી હૈ
તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે તુમ તો અજમ કે સૂરજ હો
દેખો મુઝ બેકસ પે સબને કૈસી આફત ડાલી હૈ
શહદ દિખાએ ઝહર પિલાએ કાતિલ ડાઈન શૌહર કુશ
ઈસ મુર્દાર પે ક્યા લલચાના દુન્યા દેખી ભાલી હૈ
વો તો નિહાયત સસ્તા સૌદા બેચ રહે હૈં જન્નત કા
હમ મુફલિસ કયા મોલ ચૂકાએં અપના હાથ હી ખાલી હૈ
મૌલા તેરે અફવો કરમ હો મેરે ગવાહ સફાઈ કે
વરના **"રઝા"** સે ચોર પે તેરી ડિગ્રી તો ઈકબાલી હૈ

# દુઃખિયારી ઉમ્મતની પરેશાની દૂર કરો !

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત વગેરે ઈબાદતોનો મક઼ામ યક઼ીનન ! ખૂબ જ ઉચ્ચ તથા આ'લા છે અને એ ઈસ્લામના અરકાન (સ્તંભો) છે, પરંતુ એમના સિવાય એક એવો અમલ છે જે હુઝૂર ﷺને અતિશય પ્રિય અને તેમની ખુશ્નૂદીનો ઝરીઓ છે, અને તે છે ખુદાની મખ્લૂક઼ સાથે ખૈર ખ્વાહી (ભલાઈ કરવી) અને ખાસ કરીને મો'મિનોની ખૈરખ્વાહી. એ જ કારણે હુઝૂર રહ઼મતે આલમ ﷺએ મુસ્લિમ ઉમ્મતની ખૈરખ્વાહીના માટે ભાગદોડ (કોશિશ) કરવાવાળાની ખૂબ ફઝીલત વર્ણવી છે અને ઠેક ઠેકાણે એના પ્રતિ આકર્ષિત કરેલા છે. જો કોઈ શખ્સ કોઈ મો'મિનની પરેશાનીના નિવેડા માટે થોડાંક ડગલાં ચાલે તો રહ઼મતે આલમ ﷺએ તેને પોતાની મસ્જિદમાં એ'તેકાફથી બેહતર ફર્માવ્યું. *(અત્તરગીબ વત્તરહીબ)*

ખુદ હુઝૂર રહ઼મતે આલમ ﷺ વિલાદતથી લઈને વિસાલ સુધી ઉમ્મતી ! ઉમ્મતી ! કહેતા રહ્યા. એક દુઆ જેનો ઈખ્તિયાર દરેક નબીને અલ્લાહે અતા ફર્માવ્યો છે તે દુઆ સરકાર ﷺ આખેરતમાં ઉમ્મતના માટે ફર્માવશે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર મુસીબતોના તથા તકલીફોના પહાડો તોડવામાં આવ્યા તેમ છતાં તેમણે (તેને દૂર કરવા)ને દુઆ ન ફર્માવી બલ્કે આખેરતમાં પોતાની ઉમ્મતના હક્ક઼માં એ દુઆ કરશે. આપણા નબી પોતાની ઉમ્મતનો કેટલા પ્રમાણમાં ખયાલ કરતા હતા કે આપે મિસ્વાક કરવાને કેવળ એ કારણે ફર્ઝ ન કર્યું કે આપની ઉમ્મત તકલીફમાં પડી જશે ! ટૂંકમાં એ કે ઉમ્મતે મુહમ્મદિયહ્ની ખૈરખ્વાહી એવો અમલ છે જે રબ્બુલ આલમીન તથા રહ્મતુલ્ લિલ્ આલમીનની ખુશ્નૂદીનો ઝરીઓ છે. જરૂરત એ વાતની છે કે આપણે સરકાર ﷺની આ સુન્નત પર પણ અમલ કરીએ.

આપણે અત્યારે માહે રમઝાનની નેક નસીબીઓ તથા બરકતોથી ફયઝયાબ થઈ રહ્યા છીએ. આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ એનું નામ "શહરુલ મુવાસાત" પણ રાખ્યું છે એટલે ગમખ્વારીનો મહીનો. વાંચકો ! ખુદાને ખાતર મુસ્લિમ ઉમ્મતના દુઃખ દર્દનું નિવારણ કરીને હુઝૂર રહમતે આલમ ﷺની ખુશ્નુદી હાંસલ કરીએ. અંબિયાએ કિરામ, સહાબાએ એઝામ અને અસ્લાફે કિરામે ઈબાદતની કાળજીની સાથે સાથે ઉમ્મતે મુસ્લિમાની ખૈરખ્વાહીના થકી રસૂલે અકરમ ﷺને રાજી કરવાની ભરપુર કોશિશ કરી.

આ મહીનામાં લોકોની સાથે ગમખ્વારીનો ખાસ દર્સ મળે છે. ગરીબો તથા મિસ્કીનોની સાથે સારી રીતનો વર્તાવ કરો. ઈફતારના માટે જે કાંઈ તૈયાર કરો એમાંથી અમુક હિસ્સો ગરીબોનો પણ કાઢો. એની જેટલા પ્રમાણમાં પણ હિંમત થઈ શકે એને પોતાના અમલનો હિસ્સો બનાવો. ગરીબો, વિધવાઓ તથા યતીમોની ખબરગીરી કરો. એ ખબરગીરી માલી હમદર્દી પણ થઈ શકે છે અને ઝબાની હમદર્દી પણ. ત્યાગવૃત્તિ તથા કુર્બાનીના સંબંધે સહાબાએ કિરામના સેંકડો બનાવો છે જેને વાંચીને કેવળ આશ્ચર્ય જ કરી શકાય છે. હુઝૂર નબી علیہ الصلوٰۃ والسلامના એક ઈર્શાદ મુબારકનો ભાવાર્થ છે કે મારી ઉમ્મતમાં દરેક વખતે ૫૦૦ બરગુઝીદા બંદા રહે છે. જ્યારે કોઈ શખ્સ એમાંથી મૃત્યુ પામે છે તો બીજો એની જગા લઈ લે છે. સહાબાએ અર્ઝ કરી કે તે લોકોના ખાસ અમલો શું છે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે જુલ્મ કરનારાઓથી દરગુઝર કરે છે, અને બુરાઈનો મામલો કરનારાઓથી પણ એહસાનનો વર્તાવ કરે છે, અને અલ્લાહના અતા કરેલા રિઝ્ક઼માં લોકોની સાથે હમદર્દી તથા ગમખ્વારીનો વર્તાવ કરે છે.

જેથી આપણે પણ આ મહિનામાં ખાસ કરીને વાણી તથા વર્તનમાં કાળજીપૂર્વક નરમી પેદા કરવી જોઈએ. નોકરોને પણ છૂટછાટ આપવી જોઈએ, અને પછી તેને આવતા પૂરા વરસ માટે પોતાનો નિયમ બનાવી લેવો જોઈએ. આવો ! આપણે પણ માહે રમઝાનુલ મુબારકમાં હુઝૂર રહમતે આલમ ﷺની દુઃખિયારી ઉમ્મતની ભલાઈના માટે ક઼દમ ઉઠાવીએ, તેમની પરેશાનીઓને દૂર કરીએ, તેમનો ગમ હલકો કરીએ, તેમની ખુશીઓને ઓળખીએ, તેમના ચહેરા પર મુસ્કુરાહટ લાવીએ અને તેમના દિલોમાં ખુશી ઉત્પન્ન કરીએ. અલ્લાહ સૌને તૌફીક઼ બખ્શે. (આમીન)

**ખબરદાર !**

# કોઈના પર જુલ્મ ન કરશો !

(તંત્રી લેખ...)

આજકાલ સમાજમાં, કુટુંબમાં, ઘરોમાં જુલ્મનું પ્રમાણ દિન પ્રતિ દિન વધતુ જઈ રહ્યું છે. માનવી નાહક્ક્ કોઈ નબળા માનવ પુરૂષ કે સ્ત્રીને ક્યાં તો પોતાનો રૂઆબ દેખાડવા તો ક્યાંક પૈસાની લાલચમાં, ક્યાંક કોઈ વેર ભાવનાથી સતામણી કરતો જોવા મળે છે. ક્યાંક બે માણસોમાં કે પતિ પત્નીમાં ઝઘડો પડે તો ત્રીજો માણસ ઈસ્લામી ક઼ાનૂનની રૂએ તેમના વચ્ચે ગમે તે રીતે સુલહ કરાવવાની કોશિશ કરવાને બદલે તેમના ઝઘડામાં તેલ રેડીને તેને ઔર ભડકાવે છે અને પછી કોઈના બળતા ઘરને પોતાનુ તાપણુ બનાવે છે ! આને જુલ્મ કહે છે. જગતભરમાં એવા લોકોની કમી નથી. ઈલ્લા માશાઅલ્લાહ ! ક્યાંક અંગત સ્વાર્થ કે ક્યાંક કોઈ અદાવતના પૂર્વગ્રહમાં લોકોને લડાવવામાં તેને સાંત્વન મળે છે. આને જ જુલ્મ કહેવાય છે ! જો અલ્લાહે તમને શક્તિ, બુદ્ધિ કે આવડત આપી છે તો લોકોના ઝઘડાઓની પતાવટ કરી જન્નતના હક્ક઼દાર બનો, પણ લોકોના ઝઘડાના નિમિત્ત બનીને જાલિમોનું લેબલ કપાળ પર ન લગાડો અને જહન્નમના હક્ક઼દાર ન બનો. કુટુંબમાં પણ કે ઘરમાં પણ પતિ પત્ની, સાસુ વહુ, ભાઈ ભાઈ, બહેન બહેન, બહેન ભાઈ, કે કાકા મોટા સૌએ એકબીજાથી કુસંપ ન કરવો અને ન અદાવત રાખવી બલ્કે એકબીજાની ઈજ્જત કરવી તથા માનવસહજ કોઈ વાત અણગમતી બને તો દરગુઝર કરી આપસમાં મહોબ્બત તથા નિખાલસતાથી રહીને કુટુંબને તથા ઘરને જન્નતનો નમૂનો બનાવવો જોઈએ કે ઘરમાં જે રહે તેને ચૈન જ ચૈન અને સુકૂન તથા સંતોષ સદા મયસ્સર રહે. તમે જુલ્મ કરો છો કે નહીં એ કોઈને પૂછવા જવાની જરૂર નથી, તમારા દિલને જ પૂછો કે હું શું કરી રહ્યો છું ! જો દિલ મુર્દા નથી થયું તો દિલમાંથી જે અસલ હશે તેનો અવાજ તમને સંભળાશે કે તમે કોણ છો ?! તમારે તમારા બચાવમાં કોઈને ખુલાસા આપવાની કે દલીલબાજીમાં ઉતરવાની જરૂર નથી.

### ★ ક઼યામતમાં જાલિમોનો કોઈ મદદગાર હશે નહીં ! ★

ક઼યામત એટલે શું ? ખબર છે ! હિસાબ કિતાબનો દિવસ ! આપણુ શરીર તથા આ લાંબુ જીવન તથા સર્વ નેઅમતો એ રબની અમાનત છે. એના આપણે જાતે માલિક નથી ! તો જીવનભરમાં પળેપળ શું કર્યું, શું ખાધું ? શું પીધું ? આંખોએ શું જોયું ? હાથોએ શું પકડયું ? પગો કઈ બાજુ ચાલ્યા હતા, નેકી તરફ કે બુરાઈ તરફ ? જીભે કોની સાથે શું વાત કરી ? શું કમાયા ? કેવી રીતે કમાયા ? ક્યાં વાપર્યું ? એ દરેક દરેક ચીજનો હિસાબ આપણા ખાલિક઼ તથા માલિક, કહ્હાર તથા જબ્બાર રબની સમક્ષ આપવાનો રહેશે. ત્યાં તરહ તરહના અઝાબમાં લોકો પોતાના ગુનાહોના પ્રમાણે સપડાયેલ હશે, કોઈ કોઈનો હાલ પૂછનાર હશે નહીં ! ન માબાપ, ન દોસ્ત, ન ઔલાદ ! એવા સમયે જાલિમોનો શું હાલ હશે તેના વિશે ખુદ રબ્બે ઝુલજલાલ શું ફર્માવે છે, સાંભળો ! :–

"જાલિમોનો ન તો કોઈ મિત્ર ન તો કોઈ ભલામણ કરનાર હશે કે જેની વાત માનવામાં આવે.

*(સૂ. ગ઼ાફિર, ૪૦/૧૭)* બીજા ઠેકાણે રબ્બે ઝુલ જલાલે ફર્માવ્યું : "અને ક઼યામતમાં સિતમગારો (જાલિમો)નો **કોઈ મદદગાર થશે નહીં."** *(સૂરએ હજ્જ, ૨૨/૭૧)*

**હે અક્કલવાળાઓ ! અલ્લાહ કે જે સજા તથા બદલાનો માલિક છે તે ખુદ ફર્માવે છે કે જાલિમોનો, કોઈના પર સિતમ ગુજારનાર સિતમગારોનો ક઼યામતમાં કોઈ મદદગાર થશે નહીં !** તો શું ખયાલ છે તમારો હજીય જુલ્મ કરવાનું, અન્યોને સતાવવાનું નહીં છોડો ?! એનાથી તૌબા નહીં કરો ?! સમજો ! જો તમારું દિલ તદન મુર્દા નથી થઈ ચૂક્યું તો આજે જ ચેતી જાવ અને **જેના પર જુલ્મ કર્યો છે તેને ગમે તે રીતે મનાવીને માફી માગી લો અને રબની બારગાહમાં પણ તૌબા કરી લો** તો ત્યાં બચવાનો કોઈ માર્ગ રહેશે, નહીં તો જહન્નમની આગ તમારી રાહ જ જોઈ રહી છે, એ ન ભૂલશો !

## ★ જુલ્મથી દૂર રહેવા ચેતવણી આપતી હદીષો ★

હદીષે કુદસી છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે અલ્લાહ ફર્માવે છે : હે મારા બંદાઓ ! મેં મારા માટે જુલ્મ હરામ કરી દીધો છે અને **તમારા માટે પણ હરામ ઠરાવ્યો છે,** જેથી **તમો એકબીજા પર જુલ્મ ન કરો.** હે મારા બંદાઓ ! તમો બધા જ ભટકી જશો, સિવાય કે હું જેને હિદાયત આપું. જેથી તમો મારી પાસે હિદાયત માગો, હું તમને હિદાયત આપીશ....... *(મુસ્લિમ શરીફ)*

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہએ વર્ણવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જુલ્મથી બચો, કારણ કે **ક઼યામતના દિવસે જુલ્મ (સિતમ) અંધકારનો સબબ બનશે.** *(મુસ્લિમ શરીફ)*

ક઼યામતના ડરામણા માહોલમાં જો અંધકાર નસીબ થશે તો ક્યાં અથડાતા ફરશો ?! અહીં તો રાત્રે અંધારામાં સપડાવ તો કોઈ સાથી મદદે આવે, મોબાઈલની ટોર્ચ લાઈટ ચાલુ કરી કામ ચલાવી લો પણ જાલિમ બન્યા હશો તો ક઼યામતમાં ન કોઈ મદદગાર થશે ન કોઈ ચીજ સહારો બનશે જેથી આજે જ સંભલી જાવ. વળી કેટલાક લોકો ઘરમાં કે બહાર જુલ્મ કરે છે છતાં તેમને તાત્કાલિક કાંઈ થતુ નથી તો સમજે છે કે આપણે જે કરીએ છીએ તે સહીહ છે. તેઓ આ હદીષનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે.

એક હદીષમાં છે : **તમારું લોહી, તમારો માલ અને તમારી ઈજ્જત એકબીજા પર હરામ છે.** (બુખારી વ મુસ્લિમ)

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **બેશક ! અલ્લાહ તઆલા જાલિમને ઢીલ આપે છે, પરંતુ જ્યારે પકડશે તો પછી છોડશે નહીં.** પછી કુર્આનની આ આયત પઢી : (અર્થ) : "અને જ્યારે તમારો પરવરદિગાર વસ્તીઓને તેમના જુલ્મના કારણે પકડે છે તો તેની પકડ એવી જ હોય છે. બેશક ! તેની પકડ દુઃખદાયક અને સખત છે." –સૂ. હૂદ, ૧૧/૧૦૨. *(બુખારી તથા મુસ્લિમ)*

બીજી એક હદીષમાં છે : "જે વ્યક્તિ જૂઠી ક઼સમ ખાયને કોઈ મો'મિનનો હક્ક઼ પરાણે ક઼બજે કરી લે છે તો **અલ્લાહ તેના માટે જહન્નમ વાજિબ ઠરાવી દે છે,** અને **જન્નત** તેના માટે **હરામ** ઠરાવી છે. એક જણે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ જો તે સામાન્ય પ્રકારની વસ્તુ હોય તો ?!

ફર્માવ્યું, ભલે પછી તે પીલૂડીના ઝાડની એક ડાળી જ કેમ ન હોય !" *(મુસ્લિમ)*

આજકાલ કેટલાક લોકો પોતાની જમીન કરતાં ખેતરમાં કે ઘરની પાસે ફૂટ બે ફૂટ અધિક લેવાની નિયત રાખે છે. એના માટે પડોશી સાથે કે સગા ભાઈ તથા કાકા મોટા સાથે ઝઘડા પણ વહોરી લે છે. આવું કરવું જુલ્મ છે અને આવા જુલ્મના વિશે રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامનું ફર્માન સાંભળો ! : હઝરત આઈશા સિદીક઼ા ઉમ્મતીઓનાં મા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "જે કોઈ એક વેંત જમીન કોઈની પચાવી પાડે છે તો તેને **ક઼યામતના દિવસે સાત જમીનોની ઘૂંસરી (તોક) ગળે પહેરાવવામાં આવશે."** *(બુખારી વ મુસ્લિમ)*

આજે પાંચ દસ કિલો વજન તે પણ હાથમાં હોય તો થોડીવારમાં હાથ દુઃખી આવે છે, જ્યારે ક઼યામતનો પચાસ હજાર વરસનો એક દિવસ હશે ત્યાં જો ગળે આવું ભારે વજન લટકાવાશે તો કોની અંદર શક્તિ છે કે તેને ઊંચકીને ફરે !

હવે જેનામાં આવા અઝાબો વેઠવાની હિંમત હોય તે ન સમજે ! અને જે પોતાની જાત પર રહમ કરવા ચાહતો હોય તે અન્યોની જમીનો હડપ કરીને લોકો પર આજે જુલ્મ ન કરે.

### ★ મઝલૂમ (જુલ્મ પામેલ)ની બદ્દુઆથી બચો ! ★

બુખારી તથા મુસ્લિમની હદીષમાં છે કે : **"મઝલૂમ (જુલ્મ પામેલ)ની બદ્દુઆથી બચીને રહેજો, કારણ કે તેની દુઆ અને અલ્લાહની વચ્ચે કોઈ આડ કે પર્દો નથી હોતો."** (એટલે મઝલૂમની દુઆ અલ્લાહ જરૂર ક઼બૂલ કરે છે.)

કેટલીક કિતાબોમાં નોંધાયેલ છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :– **"તે માણસ પર જુલ્મ મારા ગઝબને ભડકાવી દે છે જેનો મારા સિવાય કોઈ મદદગાર નથી."**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہથી રિવાયત છે. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જ્યારે મખ્લૂક઼ને પેદા ફર્માવી અને તેઓ ઊભા થઈ ગયા તો તેમણે અલ્લાહની તરફ માથુ ઉઠાવીને જોયું અને કહ્યું, હે અલ્લાહ ! તું કોની સાથે હશે ? રબ્બે જલીલે ફર્માવ્યું, મઝલૂમ (જુલ્મ પામેલા)ની સાથે ત્યાં સુધી કે તેને તેનો હક઼ આપવામાં આવે.

વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ કહે છે કે, કોઈ જાલિમ બાદશાહે શાનદાર મહેલ બનાવ્યો. એક મુફલિસ વૃદ્ધા આવી અને તેણીએ મહેલની બાજુમાં પોતાની ઝુપડી બનાવી લીધી જેમાં તે સુકૂનથી રહેતી હતી. એકવાર જાલિમ બાદશાહે સવાર થઈને મહેલની આસપાસ ચક્કર લગાડયો તો તેને વૃદ્ધાની ઝુપડી જોવા મળી. તેણે પૂછયું, આ કોની છે ? કહેવામાં આવ્યું કે એક વૃદ્ધા છે તે એમાં રહે છે. તો તેણે હુકમ આપ્યો કે એને તોડી નાખો ! જેથી તેને તોડી નાખવામાં આવી. જ્યારે વૃદ્ધા ડોશી પાછી આવી તો તેણે પોતાની તોડી પાડેલી ઝુપડી જોઈને પૂછયું કે એને કોણે તોડી પાડી છે ? લોકોએ કહ્યું, બાદશાહે જોઈ અને તોડી પાડી. ત્યારે વૃદ્ધા આસ્માન તરફ માથુ ઉઠાવીને બોલી, હે અલ્લાહ ! જો હું હાજર ન હતી તો તુ ક્યાં હતો ? અલ્લાહ તઆલાએ જિબ્રઈલ علیہ السلامને હુકમ આપ્યો, મહેલને તેના રહેવાવાળાઓ ઉપર પલટાવી દો ! અને એવું જ કરવામાં આવ્યું.

## ★ જાલિમથી અલ્લાહ બદલો લેશે ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું : જે નાહક્ક એક ચાબુક મારે છે, કયામતના દિવસે તેનો બદલો લેવામાં આવશે. *(હિલ્યતુલ અવલિયા, ૪/૪૨૦, કન્ઝુલ ઉમ્માલ, ૯/૭૪)*

હઝરત અબી અમામા رضی اللہ عنہ થી રિવાયત છે. જાલિમ કિયામતના દિવસે આવશે. જ્યારે તે પુલસિરાત પર પહોંચશે તો તેને મઝલૂમ (જેના પર જુલ્મ કર્યો હતો તે) મળી જશે અને તે પોતાના જુલ્મને સારી રીતે ઓળખી કાઢશે. જેથી જાલિમ મઝલૂમોથી છૂટકારો પામશે નહીં ત્યાં સુધી કે જુલ્મના બદલામાં તેમની નેકીઓ લઈ લેશે, અને તેમની નેકીઓ નહીં હોય તો તેમના જુલ્મના જેટલા તેમના ગુનાહ જાલિમો પર નાખી દેશે જેથી કરીને જાલિમને જહન્નમના સૌથી નીચલા તબકામાં પહોંચાડવામાં આવશે.

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ વર્ણન કર્યું કે જ્યારે ખૈબરનો દિવસ આવ્યો તો આપના સહાબીઓમાંથી એક જૂથ આપની પાસે આવ્યું અને અરજ કરી, "ફલાણો શહીદ છે અને ફલાણો શહીદ છે", ત્યાં સુધી કે તેઓ એક મૃતક વ્યક્તિ પાસેથી પસાર થયા તો કહ્યું, "ફલાણો શહીદ છે." આ વાત સાંભળી નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, કદાપિ નહીં ! મેં એ વ્યક્તિને જહન્નમમાં જોઈ છે ! એક ચાદર કે એક જબ્બાના કારણે જેની તેણે ઉચાપત કરી હતી. *(મુસ્લિમ શરીફ)*

આના પરથી વિચારો કે કોઈને દુઃખી કરનાર, **વ્યાજ ખાનાર** તથા **લાંચ લેનાર** કે **કોઈના માલને હડપ કરનાર** કે **કોઈ પણ રીતે માલ પડાવી લેનાર** ગમે તેવાં નેક કામો કરે, બલ્કે જેહાદમાં જઈ જાન પણ નિછાવર કરી આપે પણ જુલ્મથી કોઈ બંદાનો હક્ક માર્યો હશે તો તે તેનો પીછો કરી તેને જહન્નમમાં પહોંચાડી દેશે. (અલ્લાહની પનાહ !)

## ★ મુસલમાન પ્રત્યે રહમદિલીથી વર્તવા વિશે આદેશો ★

આવો દીની ભાઈઓ તથા બહેનો ! આજે આપણે કોઈ પણ માનવ પર જુલ્મ કરવાથી તૌબા કરી લઈએ અને માનવ ભલાઈનાં કામોમાં એવા લાગી જઈએ કે રબની રહ્મતોના હક્કદાર બની જઈએ. જિંદગીનો કોઈ ભરોસો નથી, આવનારી કોઈ પળ આપણા તાબામાં નથી, જેથી આ સમયને ગનીમત સમજી મૌત આવી જાય તે પહેલાં તૌબા કરવામાં ઢીલ ન કરીએ અને મો'મિન ભાઈ બહેનોને સહાયરૂપ થવામાં, તેમની સહાનૂભૂતિમાં જીવન ગુજારીએ. વળી આ કામોની ફઝીલત પણ અગણિત છે.

અલ્લાહના રસૂલ ﷺ ને મો'મિનોથી કેટલો પ્યાર છે તે તો જુઓ ! ફર્માવે છે : "જે કોઈ અમારી મસ્જિદો કે બજારોમાં તીર વગેરે અણીદાર વસ્તુ લઈને પસાર થાય તો જરૂરી છે કે તેના અણીદાર ભાગને ઢાંકી લે અથવા સુરક્ષિત સ્થળે સાચવીને રાખી દે, જેથી બીજા કોઈ મુસલમાનને તે અણીદાર વસ્તુથી ઈજા ન પહોંચે." *(બુખારી તથા મુસ્લિમ)* અને નબી કરીમ ﷺ આવું કેમ ન ફર્માવે જ્યારે કે ખુદ રબ ફર્માવે છે : "અને મુસલમાનો સાથે દિલની ભલમનસાઈથી વર્તો. (મુસલમાનોને પોતાની રહમતની પાંખોમાં લઈ લો.) *–(સૂ. હિજર, ૧૫/૮૮)*

હકીકત તો એ છે કે દુનિયાના કોઈ ખૂણે મુસલમાનને તકલીફ થાય તો તમને પણ તેના માટે રંજ થવો જોઈએ. તમે કાંઈ ન કરી શકો તો દુઆ તો કરો ! આ ઈમાનની નિશાની છે. સાંભળો ! મુસ્લિમ ઉમ્મતની લાગણી રાખવી અને તેના ભલા માટે કોશિશ કરવી એ નબી પાક ﷺની સુન્નત છે અને તેમ કરવાથી જેમનાથી આપણે શફાઅતની ઉમ્મીદ બાંધીને બેઠા છીએ તે નબી પાક રહ્મતુલ્ લિલ્આલમીન ﷺ ખુશ થાય છે. અને જેનાથી નબી ﷺ ખુશ તેનાથી રબ ખુશ થાય છે અને તેની બખ્શિશ થઈ જાય છે. અને એથી ઉલ્ટુ કરશે, નબી ﷺની ઉમ્મતને રંજાડશે તેનો બદલો પણ તેને આથી ઉલ્ટો મળશે કે તેનાથી નબી ﷺ નારાજ થશે, રબ નારાજ થશે અને તેને બદલામાં જહન્નમ મળશે. સાંભળો !

હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنهએ વર્ણવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બે મુસલમાનોનું દૃષ્ટાંત મકાન સમાન છે, તેનો એક ભાગ બીજા ભાગને મજબૂત કરે છે. ત્યાર બાદ આપે હાથોના ઈશારાથી પોતાની મુબારક આંગળીઓ એકબીજામાં પરોવીને દર્શાવ્યું. *(બુખારી વ મુસ્લિમ)*

તેમજ ફર્માવ્યું નબી ﷺએ કે, ''પરસ્પર મહોબ્બત, હેત અને સહાનુભૂતિમાં મુસલમાનોનું દૃષ્ટાંત એવું છે જાણે માનવ શરીર કે જ્યારે કોઈ એક અંગમાં દર્દ થાય છે તો તેનું આખુ શરીર પીડા વેઠે છે. *(બુખારી વ મુસ્લિમ)*

એકવાર હુઝૂર ﷺ પાસે આપના નવાસા હઝરત હસન رضي الله عنه તશરીફ લાવ્યા તો આપે તેમને ચુંબન કર્યું. તો આપની પાસે હઝરત ઈકરા બિન હાબિસ رضي الله عنه હતા તેમણે કહ્યું, બેશક ! મને દસ સંતાનો છે પણ એમાંથી કોઈને મે કદીય ચુંબન નથી આપ્યું. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''જે વ્યક્તિ કોઈની ઉપર રહમ નથી દાખવતો તેના ઉપર રહમ કરવામાં નથી આવતી.'' *(બુખારી વ મુસ્લિમ)*

બલ્કે રસૂલે ખુદા ﷺએ એટલે સુધી ફર્માવ્યું કે, ''હું જ્યારે નમાઝ પઢાવવા ઉભો થાઉં છું તો મને વિચાર થાય છે કે લંબાણથી નમાઝ પઢું, પરંતુ **કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળીને નમાઝને ટૂંકાવી દઉં છું,** હું એ વાતને પસંદ નથી કરતો કે કોઈ માને પરેશાન કરું. *(બુખારી)* તે સમયે સ્ત્રીઓ જમાઅતમાં પાછલી સફમાં રહેતી હતી, પછીથી મનાઈ થઈ ગઈ.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : એક બીજાની અદેખાઈ ન કરો, અને લેવડ દેવડમાં ધોકાબાજી ન કરો અને ન તો કીનો રાખો અને ન તો એકબીજાથી મોઢુ ફેરવો અને કોઈના સોદા પર સોદો ન કરો. અલ્લાહના બંદાઓ ! ભાઈ ભાઈ બની જાવ. મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને પોતાના ભાઈ પર જુલ્મ ન કરો, અને ન તો તેને તુચ્છ સમજો અને ન તો તેની મદદ કરવાનું બંધ કરો. તક્વો (પરહેઝગારી) અહીં છે. કહીને આપે ત્રણવાર દિલ તરફ ઈશારો કર્યો. પછી ફર્માવ્યું, કોઈ વ્યક્તિ માટે એટલી દુષ્ટતા પૂરતી છે કે તે પોતાના મુસલમાન ભાઈને તુચ્છ (નીચ, હકીર) સમજે. એક મુસલમાનની દરેક વસ્તુ, તેનુ ખૂન, તેનો માલ તેની આબરૂ વગરે બીજા મુસલમાન માટે હરામ છે. *(મુસ્લિમ)*

## ★ મુસલમાન પર જુલ્મ નહીં બલ્કે તેની મદદ કરો ! ★

ફર્માને ઈલાહી છે : "નેકી તથા પરહેઝગારીમાં એકબીજાની મદદ કરો." *(સૂ. માઈદા, આ.૨)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **જે શખ્સ કોઈ ભાઈની ઈમદાદ અને ફાયદાના માટે કદમ ઉઠાવે છે, તેને ખુદાની રાહમાં જેહાદ કરનારાઓ જેવો સવાબ મળે છે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૫)*

ફર્માને નબવી છે કે **જે કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે (મદદ કાજે) કોશિશ કરે છે, ચાહે તેની હાજત પૂરી થાય કે ન થાય પણ અલ્લાહ તઆલા તે કોશિશ કરવાવાળાના આગલા પાછલા ગુનાહોને બખ્શી આપે છે અને તેના માટે બે છૂટકારા લખી આપવામાં આવે છે, જહન્નમથી મુક્તિ અને મુનાફિકતથી છૂટકારો.**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે ચાલે છે તેના દરેક કદમના બદલામાં અલ્લાહ તઆલા ૭૦ નેકીઓ તેના આમાલનામામાં લખી આપે છે, અને સિત્તેર ગુનાહ તેના મિટાવી દેવામાં આવે છે અને જો તે હાજત તેના હાથે પૂરી થઈ જાય તો તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જેવી રીતે માના પેટેથી આવ્યો હતો. અને જો તે એ દરમ્યાન મરી જાય તો વિના હિસાબે જન્નતમાં જશે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૭, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૬૪, અલ્કામિલ ફી દુઅફાઈરિર્જાલ, ૪/૧૫૦)*

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાનના માટે એ જાઈઝ નથી કે તે પોતાના ભાઈ સાથે ત્રણ દિવસથી વધારે સંબંધ કટ રાખે. બંને એકબીજાની સામે આવે તો આ એક તરફ મોઢું ફેરવીને પસાર થઈ જાય અને તે બીજી બાજુ મોઢું ફેરવીને ચાલ્યો જાય ! એમનામાંથી શ્રેષ્ઠ તે છે જે સલામ કરવામાં પહેલ કરે. *(સહીહ મુસ્લિમ, ૨/૮૯૭, ઈબ્ને માજહ, પેજ : ૭, મોઅત્તા ઈમામ માલિક, ૨/૯૦૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૮૭, મુસન્નફે અબ્દુર્રઝઝાક, ૧૦/૧૮૨, હિલ્યતુલ અવલિયા, ૩/૪૨૮)*

તો હે મુસલમાન ભાઈઓ ! બહેનો ! ઈસ્લામ તો કોઈકની મદદ કરવાનું તેની હમદર્દી રાખવાનુ કહે છે, તો તમો કોઈની મદદ કરો ન કરો, એ તો તમારું મુકદ્દર પણ કોઈના પર જુલ્મ ન કરશો, કોઈના દિલને ન રંજાડશો, નહીં તો તમારી દુનિયા તથા આખેરત બર્બાદ થઈ જશે, કઈ રીતે એ તમે અલ્લાહ વ રસૂલ عزوجل وصلی اللہ علیہ وسلمનાં ફર્માનોથી જાણી લીધું. આજે જગતભરમાં જે માનવોનું શોષણ થઈ રહ્યું છે, જે માનવ લાશો ઢળી રહી છે, એ સર્વ જાલિમોનો અંજામ પણ બંને દુનિયામાં બદથી બદતર આવવાનો જ છે. જુલ્મ કરીને કોઈ સુખી થયું નથી અને ન થશે. માટે તમો પણ સર્વની સાથે હમદર્દીની ભાવના સાથે જીવતાં શીખો અને તમારી ઔલાદને પણ એ જ ઈસ્લામી તા'લીમ શીખવાડો. અલ્લાહ તઆલા સૌને નેક સમજ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન



અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَاِذَا طَلَّقۡتُمُ
النِّسَآءَ فَبَلَغۡنَ اَجَلَهُنَّ فَاَمۡسِكُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ
اَوۡ سَرِّحُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ ۚ وَّلَا تُمۡسِكُوۡهُنَّ ضِرَارًا
لِّتَعۡتَدُوۡا ۚ وَمَنۡ يَّفۡعَلۡ ذٰلِكَ فَقَدۡ ظَلَمَ نَفۡسَهٗ ؕ
وَلَا تَتَّخِذُوۡٓا اٰيٰتِ اللّٰهِ هُزُوًا ۚ وَّاذۡكُرُوۡا نِعۡمَتَ
اللّٰهِ عَلَيۡكُمۡ وَمَآ اَنۡزَلَ عَلَيۡكُمۡ مِّنَ الۡكِتٰبِ
وَالۡحِكۡمَةِ يَعِظُكُمۡ بِهٖ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعۡلَمُوۡٓا اَنَّ
اللّٰهَ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۲۳۱﴾ وَاِذَا طَلَّقۡتُمُ النِّسَآءَ
فَبَلَغۡنَ اَجَلَهُنَّ فَلَا تَعۡضُلُوۡهُنَّ اَنۡ يَّنۡكِحۡنَ
اَزۡوَاجَهُنَّ اِذَا تَرَاضَوۡا بَيۡنَهُمۡ بِالۡمَعۡرُوۡفِ ؕ ذٰلِكَ
يُوۡعَظُ بِهٖ مَنۡ كَانَ مِنۡكُمۡ يُؤۡمِنُ بِاللّٰهِ وَالۡيَوۡمِ
الۡاٰخِرِ ؕ ذٰلِكُمۡ اَزۡكٰى لَكُمۡ وَاَطۡهَرُ ؕ وَاللّٰهُ يَعۡلَمُ وَاَنۡتُمۡ
لَا تَعۡلَمُوۡنَ ﴿۲۳۲﴾ وَالۡوَالِدٰتُ يُرۡضِعۡنَ اَوۡلَادَهُنَّ
حَوۡلَيۡنِ كَامِلَيۡنِ لِمَنۡ اَرَادَ اَنۡ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ
وَعَلَى الۡمَوۡلُوۡدِ لَهٗ رِزۡقُهُنَّ وَكِسۡوَتُهُنَّ بِالۡمَعۡرُوۡفِ ؕ
لَا تُكَلَّفُ نَفۡسٌ اِلَّا وُسۡعَهَا ۚ لَا تُضَآرَّ وَالِدَةٌ ۢ

## સૂરએ બકરહની તફસીર

જ્યારે તમે સ્ત્રીઓને તલાક઼ આપો અને એમની મુદ્દત આવી પહોંચે[૨૦૨] તો તે સમય સુધી અથવા ભલાઈ સાથે રોકી લો[૨૦૩] અથવા બેહતરી સાથે છોડી દો[૨૦૪] અને તેણીઓને નુકસાન પહોંચાડવા ખાતર રોકવાનું ન હોય કે હદથી વધો, અને જે એવું કરશે તે પોતાનું જ નુકસાન કરે છે[૨૦૫] અને અલ્લાહની આયતોને મશ્કરીરૂપ ન બનાવો[૨૦૬] અને યાદ કરો અલ્લાહનું એહસાન જે તમારા પર છે[૨૦૭] અને તે જે તમારા પર કિતાબ અને હિકમત[૨૦૮] ઉતારી, તમને નસીહત આપવા માટે અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે અલ્લાહ સર્વ કંઈ જાણે છે[૨૦૯] (૨૩૧) અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક઼ આપો અને તેણીઓની મુદ્દત પૂરી થઈ જાય[૨૧૦] તો અય સ્ત્રીઓના વાલીઓ ! તેણીઓને ન રોકો કે પોતાના પતિઓ સાથે નિકાહ કરી લે[૨૧૧] જ્યારે માંહો માંહે શરીઅત મુજબ રાજી થઈ જાય[૨૧૨] આ નસીહત તેને આપવામાં આવે છે જે તમારામાંથી અલ્લાહ અને ક઼યામત પર ઈમાન ધરાવતો હોય આ તમારા માટે વધારે સ્વચ્છ અને પવિત્ર છે. અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા (૨૩૨) અને માતાઓ ધવડાવે પોતાના બાળકોને[૨૧૩] પૂરા બે વર્ષ તેના માટે જે ધાવણની મુદ્દત પૂરી કરવા માગે[૨૧૪] અને જેનું બાળક છે[૨૧૫] તેના પર સ્ત્રીઓનું ભરણ પોષણ અને વસ્ત્રો છે નિયમ મુજબ[૨૧૬] કોઈ જીવ પર બોજ લાદવામાં

بِوَلَدِهَا وَلَا مَوْلُودٌ لَّهُ بِوَلَدِهِ ۚ وَعَلَى الْوَارِثِ
مِثْلُ ذَٰلِكَ ۗ فَإِنْ أَرَادَا فِصَالًا عَن تَرَاضٍ مِّنْهُمَا
وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا ۗ وَإِنْ أَرَدتُّمْ أَن
تَسْتَرْضِعُوا أَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ إِذَا سَلَّمْتُم
مَّا آتَيْتُم بِالْمَعْرُوفِ ۗ وَاتَّقُوا اللَّهَ وَاعْلَمُوا أَنَّ
اللَّهَ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿٢٣٣﴾

*નહીં આવે પણ તેની શક્તિ મુજબ, માતાને નુકસાન ન પહોંચાડાય તેણીના બાળકથી[૨૧૭] અને ઔલાદવાળાને તેની ઔલાદથી[૨૧૮] અથવા માતા તકલીફ ન આપે પોતાના બાળકને અને ન સંતાનવાળો પોતાના સંતાનને[૨૧૯] અને જે બાપનો વારસદાર છે તેના પર પણ આવું જ વાજિબ છે, પછી મા બાપ બંને પોતપોતાની ખુશી અને સલાહથી ધાવણ છોડવવા ઈચ્છે તો એમના પર ગુન્હો નથી. અને જો તમે ઈચ્છો કે દાયણો પાસે પોતાના બાળકોને ધવડાવો તો પણ તમારા સામે વાંધો નથી. જ્યારે કે જે આપવાનું ઠર્યું હતું (તે) ભલાઈની સાથે તેણીઓને આપી દો અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે અલ્લાહ તમારા કામ જોઈ રહ્યો છે (૨૩૩)*

## :: સમજૂતી ::

**૨૦૨.** એટલે કે ઈદ્દત પૂરી થવા આવી હોય.

**શાને નુઝૂલ** : આ આયત ષાબિત બિન યસાર અન્સારી વિશે ઉતરી. તેઓએ પોતાની પત્નીને તલાક઼ આપી હતી અને જ્યારે ઈદ્દત પૂરી થવા આવી ત્યારે રજઅત કરી લેતા હતા જેથી સ્ત્રી કેદમાં સપડાયએલી રહે.

**૨૦૩.** એટલે કે નિભાવી જાણવા અને સદવર્તનની નિય્યતથી રજઅત કરો.

**૨૦૪.** અને ઈદ્દત પૂરી થઈ જવા દો જેથી તેણીઓ ઈદ્દત પછી છૂટી થઈ જાય.

**૨૦૫.** કે અલ્લાહના આદેશની વિરૂધ્ધ વર્તીને ગુનેહગાર થાય છે.

**૨૦૬.** કે તેઓની પરવાહ ન કરો અને એના વિરૂધ્ધ વર્તન કરો.

**૨૦૭.** કે તમને મુસલમાન કરીને હુઝૂર ﷺના ઉમ્મતી બનાવ્યા.

**૨૦૮.** કિતાબનો મતલબ કુર્આન છે અને હિકમતનો મતલબ કુર્આનના આદેશો તેમજ હુઝૂર ﷺની સુન્નતો છે.

**૨૦૯.** તેનાથી કશું જ છુપું નથી.

**૨૧૦.** એટલે કે તેણીઓની ઈદ્દત પૂરી થઈ જાય.

**૨૧૧.** જેઓને તેણીઓએ પોતાના નિકાહ માટે પસંદ કરી લીધા હોય, ભલે પછી તે નવા હોય, અથવા આ તલાક઼ દેનાર હોય કે ત્યાર પહેલાં તલાક઼ દેનાર હોય, ગમે તે હોય.

**૨૧૨.** પોતાના કફૂ (સરખી ખાનદાની ધરાવતો)માં મેહરે મિષ્લના બદલે. કારણ કે એનાથી વિરૂધ્ધમાં વાલીઓ વાંધો ઉઠાવવાનો હક ધરાવે છે.

**શાને નુઝૂલ** : મઅકલ બિન યસાર મુઝનીની બહેનનો નિકાહ આસિમ બિન અદી સાથે થયો હતો. તેમણે તલાક઼ આપી, અને ઈદ્દત પૂરી થયા પછી ફરી વાર નિકાહ કરવાની ઈચ્છા દર્શાવી, ત્યારે મઅકલ બિન યસારે ઈન્કાર કર્યો, ત્યારે આ આયત ઉતરી.

**૨૧૩.** તલાક઼ના બયાન પછી એ પ્રશ્ન સ્વભાવિક રીતે સામે આવે છે કે જો તલાક઼વાળી

સ્ત્રીના ખોળામાં ધાવતું બાળક હોય તો આ વિયોગ પછી તેને ઉછેરવાનો શું બદોબસ્ત થાય ? એટલા માટે એ વાત ઈચ્છનીય છે કે બાળકના ઉછેરને લગતા મા બાપ પર જે આદેશો છે તે આ પ્રસંગે બયાન કરી દેવામાં આવે, માટે અહીં એવા કાનૂનોનું બયાન કર્યું છે.

**મસ્અલો** : માતા તલાક્વાળી હોય કે ન હોય તેના પર પોતાના બાળકને ધવડાવવું વાજિબ છે, જ્યારે કે બાપની વળતર આપીને ધવડાવી લેવાની શક્તિ ન હોય. અથવા કોઈ ધવડાવનાર સ્ત્રી મળતી ન હોય અથવા બાળક માતા સિવાય કોઈનું દૂધ ધાવતું ન હોય. જો આ બાબતો ન હોય એટલે કે બાળકનો ઉછેર ફક્ત માતાના દૂધ પર જ અવલંબિત ન હોય તો માતા પર ધવડાવવું વાજિબ નહીં પણ મુસ્તહબ છે. *(તફસીરે અહમદી, જુમલ વિગેરે)*

**૨૧૪.** એટલે કે આ મુદ્દત પૂરી કરવી જરૂરી નથી. જો હવે બાળકને ધવડાવવાની આવશ્યક્તા ન હોય અને ધાવણ ભૂલાવવામાં તેના માટે ખતરો ન હોય તો એ મુદ્દતની અંદર પણ ભૂલાવી શકાય છે.

**૨૧૫.** એટલે કે બાપ બયાન કરવાની આ પધ્ધતિથી જાણવા મળ્યું કે વંશ બાપ તરફથી ચાલે છે.

**૨૧૬. મસ્અલો** : બાળકનો ઉછેર અને તેના ધાવણનો બંદોબસ્ત કરવો બાપ પર વાજિબ છે. એના માટે તે ધવડાવનાર સ્ત્રી નક્કી કરે, પણ માતા જો પોતાની રાજી ખુશીથી ધવડાવે તો મુસ્તહબ છે.

**મસ્અલો** : પતિ પોતાની પત્ની પર પોતાના બાળકને ધવડાવવા માટે દબાણ કે જબરદસ્તી કરી શકતો નથી અને ન તો પત્ની પતિ પાસે તેના બાળકને ધવડાવવાનું વળતર માંગી શકે છે, જ્યાં સુધી કે તેના નિકાહ અથવા ઈદ્દતમાં છે.

**મસ્અલો** : અગર કોઈ માણસે પોતાની પત્નીને તલાક્ આપી ને ઈદ્દત પૂરી થઈ ગઈ. તો હવે તેણી પેલા માણસ પાસે તેના બાળકને ધવડાવવાનું વળતર માંગી શકે છે.

**મસ્અલો** : બાળકના પિતાએ એક સ્ત્રીને અમુક વળતર નક્કી કરીને પોતાના બાળકને ધવડાવવા નિયુક્ત કરી. હવે જો બાળકની માતા એટલા જ વળતરમાં અથવા વગર વળતરે ધવડાવવા રાજી હોય તો ધવડાવવાની માતા જ વધારે હક્દાર છે. અને જો માતા વધારે વળતર માંગતી હોય તો બાળકના પિતાને બાળકની માતા પાસે જ ધવડાવવા દબાણ કરી શકાશે નહીં. *(તફસીરે અહમદી, મદારિક)* ''મઅરૂફ''નો અર્થ હસ્તી પ્રમાણેનો થાય છે, એટલે કે તંગી અને ફુઝૂલખર્ચી વગર.

**૨૧૭.** એટલે કે તેણીને તેની મરજી વિરૂધ્ધ ધવડાવવા માટે લાચાર કરવામાં ન આવે.

**૨૧૮.** વધારે વળતર માંગીને.

**૨૧૯.** માતા બાળકને નુકસાન એ રીતે પહોંચાડી શકે છે કે સમયસર ન ધવડાવે અને તેની દેખરેખ ન રાખે અથવા પોતાના સહવાસની ટેવ પાડયા પછી વિખૂટું મૂકી દે અને બાપ બાળકને એ રીતે નુકસાન પહોંચાડી શકે કે માતાના સહવાસથી ટેવાયેલા બાળકને ઝૂંટવી લે, અથવા માતાનો હક્ પૂરો ન કરે જેનાથી બાળકને નુકસાન થાય.

**માની ખિદમતનો બદલો** : અબૂયઅલા અને તિબરાનીની રિવાયત છે કે એક માણસ આપની સેવામાં હાજર થયો અને કહ્યું કે હું જેહાદમાં જવાની ઈચ્છા ધરાવુ છું પણ કેટલીક મજબૂરીઓને કારણે લાચાર છું, આપે ફરમાવ્યું કે તમારા મા બાપમાંથી કોઈ જીવંત છે ? તેણે અર્ઝ કરી કે મારી મા હયાત છે. તો આપે ફરમાવ્યું કે અલ્લાહથી તૌફીક માંગીને માની સાથે સારો વર્તાવ કરતો રહે તો તને હજ, ઉમરા અને ખુદાની રાહમાં જેહાદનો સવાબ મળશે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૬, મુકાશફતુલ્ કુલૂબ)*

**હદીષ** : *હઝરત બરાઅ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : એના પેશાબમાં કાંઈ વાંધો નથી જેનો ગોશ્ત ખાવામાં આવે. અને જાબિરની રિવાયતમાં છે કે જેનો ગોશ્ત ખાવામાં આવે તેના પેશાબથી કોઈ વાંધો નથી[૧]. (અહમદ, દારકુત્ની)*

## મોજાઓ પર મસહ કરવા વિશે પ્રકરણ[૨]

**(પ્રથમ વિભાગ)** : *હઝરત શરીહ ઈબ્ને હાનીથી[3] રિવાયત છે. ફર્માવે છે મેં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہથી મોજાઓ પર મસહ વિશે પૂછયું[૪] ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ મુસાફિરના માટે ત્રણ દિવસ રાત, અને મુકીમના માટે એક દિવસ રાત નિશ્ચિત કરી[૫]. (મુસ્લિમ)*

*હઝરત મુગીરા ઈબ્ને શઅબાથી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવએ તબૂકમાં ભાગ લીધો. મુગીરા ફર્માવે છે કે હુઝૂર ﷺ એક દિવસ ફજરથી પહેલાં કુદરતી હાજત માટે ગયા. હું મારી સાથે એક વાસણ લઈ ગયો[૬]. જ્યારે પાછા આવ્યા તો આપના હાથ શરીફ પર વાસણ વડે પાણી રેડવા લાગ્યો. આપે આપનો હાથ તથા મોઢું ધોયું[૭]. આપના પર ઉનવાળો જબ્બો હતો. આપ કોણીઓએથી ચઢાવવા લાગ્યા પરંતુ જબ્બાની બાંય સાંકડી હતી[૮] તો આપે આપના હાથ શરીફ જબ્બા નીચેથી કાઢયા અને જબ્બો પોતાના ખભાઓ પર રાખી દીધો[૯]. કોણીઓ સુધી હાથ ધોયા પછી પેશાની અને પાઘડી પર મસહ કર્યો[૧૦] પછી મેં આપના મોજાઓ ઉતારવાનો ઈરાદો કર્યો, ફર્માવ્યું : એને રહેવા દો કેમ કે મેં એને પાકી પર પહેર્યા છે[૧૧]. પછી એના પર મસહ કરી લીધો. પછી આપ સવાર થયા અને હું પણ. અમે કૌમ સુધી પહોંચ્યા જેઓ નમાઝના માટે ઉભા થઈ ચૂક્યા હતા. તેમને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ નમાઝ પઢાવી રહ્યા હતા. એક રકાત પઢાવી ચૂક્યા હતા[૧૨]. જ્યારે તેમણે નબી કરીમ ﷺને મહેસૂસ કર્યા તો પાછા હટવા લાગ્યા. હુઝૂર ﷺએ તેમને ઈશારો કર્યો[૧૩] હુઝૂર ﷺએ તેમની સાથે એક રકાત મેળવી. જ્યારે તેમણે સલામ ફેરવી તો હુઝૂરે અન્વર ﷺ ઉભા થઈ ગયા, હું પણ આપની સાથે ઉભો થઈ ગયો, જે રકાત રહી ગઈ હતી તે અમે પઢી[૧૪]. (મુસ્લિમ)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એટલે કે હલાલ પક્ષીઓનો પેશાબ પાક છે. આ હદીષના કારણે અમુક ઉલમાએ હલાલ જાનવરોના પેશાબને પાક માન્યો, પણ આપણા ઈમામ સાહબને ત્યાં નાપાક છે. તેમની દલીલ તે હદીષ છે જે અઝાબે કબ્રના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, છાંટાઓથી બચો કે સામાન્યતઃ અઝાબે કબ્ર એનાથી થાય છે. અને જેની કબ્ર પર ખજૂરની લીલી ડાળી ખોસી હતી તેના વિશે ફર્માવ્યું હતું કે એ ઊંટોને ચારનારો હતો. એમાં હર્જથી મુરાદ સખત હર્જ છે, એટલે કે જેવી રીતે હરામ જાનવરોનો પેશાબ નાપાક ગંદો હોય છે

કે એક દિરહમ જેટલો લોગવાથી કપડુ નાપાક થઈ જાય છે, એવો હલાલ જાનવરોનો પેશાબ નથી, બલ્કે એ હલકી નાપાકી છે કે ચોથાઈ કપડુ ખરડાય તો નાપાક થશે. જેથી આ હદીષ ઈમામ સાહબની વિરુદ્ધ નથી. ઉરૈનાવાળાઓની હદીષ છે કે હુઝૂર عليه الصلوٰة والسلامએ તેમને ઊંટોનો પેશાબ પીવાની ઈજાઝત આપી. એની તેહકીક઼ એ હદીષ હેઠળ કરવામાં આવશે, ઈન્શાઅલ્લાહ ! અહીં કેવળ એટલું અર્ઝ કરી દઈએ છીએ કે સખત જરૂરતના મોક઼ા પર દવા રૂપે હરામ ચીજનો ઉપયોગ જાઈઝ છે.

**૨.** કેમ કે વુઝૂ ''કુલ'' છે એના પર મસહ ''જુઝ'' છે. તેમજ મોજાનો મસહ પગો ધોવાનો નાઈબ છે એટલા માટે આ પ્રકરણમાં વુઝૂ પછી લાવ્યા. યાદ રાખશો કે મસહ મોજાઓ પર થાય છે ન કે મોજાની અંદર. તેમજ ચામડાના મોજા પર મસહ થશે, ન કે બારીક કપડા કે સુતરાઉના મોજા પર. એટલા માટે લેખકે **عَلٰی** તથા **خُفَّيۡنِ** ફર્માવ્યું. યાદ રાખશો કે મોજાનો મસહ ઈશારતન્ કુર્આન શરીફથી અને સ્પષ્ટપણે અગણિત હદીષથી સાબિત છે, જેથી એનો ઈન્કાર ગુમરાહી છે. હઝરત અનસ رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે અહલે સુન્નતની નિશાની શું છે ? **تَفۡضِيۡلُ الشَّيۡخَيۡنِ وَحُبُّ الۡخَتۡنَيۡنِ وَالۡمَسۡحُ عَلَى الۡخُفَّيۡنِ** ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ કહે છે કે મેં સિત્તેર સહાબીઓથી મુલાકાત કરી સૌ મોજા પર મસહને માનનાર હતા. ઈમામ કર્ખી ફર્માવે છે કે મસહના મુન્કિરના કુફ્રનો અંદેશો છે કેમ કે મોજાનો મસહ ''મુતવાતિર'' હદીષોથી સાબિત છે. યાદ રાખશો કે ઈબ્ને અબ્બાસ તથા આઈશા સિદ્દીક઼ા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પ્રથમ આ મસહનો ઈન્કાર કર્યો હતો, પછી તમામ સહાબાના પ્રમાણે માની લીધું. હઝરત આઈશા رضی اللہ عنہا પણ મસહને માનનાર છે. એ જે કહેવામાં આવે છે કે આપ رضی اللہ عنہا ફર્માવે છે કે, ''મારા પગો કપાય જાય તો સારું મોજા પર મસહ કરવા કરતાં.'' આ તદ્દન ગલત તથા બનાવટી છે.

**૩.** આપ તાબઈ છે. હુઝૂર ﷺના જમાના શરીફમાં પેદા થઈ ચૂક્યા હતા. આપના વાલિદ ''હાની'' સહાબી છે. હુઝૂર علیہ الصلوٰة والسلامએ આપની કુન્નિયત અબૂ શરીહ રાખી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہના ખાસ સાથીઓમાંથી છે.

**૪.** જાહેર એ છે કે આપનો પ્રશ્ન મસહની મુદ્દતના વિશે હતો, ન કે મસહના તરીક઼ા વિશે અથવા મસહની દલીલોના વિશે, જેમ કે જવાબથી જાહેર છે.

**૫.** એટલે કે મુસાફિર સફરની હાલતમાં એકવાર મોજા પહેરીને સતત ત્રણ દિવસ તથા રાત મસહ કરી શકે છે, અને મુક઼ીમ (સ્થાનિક) એક દિવસ તથા રાત મસહ કરી શકે છે. એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂર ﷺ અહકામના માલિક છે કે અલી મુર્તઝા رضی اللہ عنہએ એ મુદ્દતને નિશ્ચિત કરવું હુઝૂર ﷺની તરફ સંબંધિત કરી આપ્યું. **બીજુ** એ કે મુદ્દતો એ લોકો માટે છે જેઓ પ્રથમથી છેવટ સુધી એક સ્થિતિ પર રહે, એટલે કે દા.ત. પહેરતી વખતે પણ મુક઼ીમ હોય અને છેવટ સુધી મુક઼ીમ રહે. જો પહેરતી વખતે તો મુક઼ીમ હતો પણ મુદ્દત ખત્મ થતા પહેલાં મુસાફિર થઈ ગયો તો હવે મુસાફિરની મુદ્દત પૂરી કરશે. એ જ પ્રમાણે મુસાફિર જો મુક઼ીમ થઈ જાય તો મુક઼ીમની મુદ્દત પૂરી કરે. **ત્રીજુ** એ કે મસહની મુદ્દત હદષના સમયથી શરૂ થશે, ન પહેરવાના સમયથી ન મસહ કર્યાના સમયથી. **ચોથુ** એ કે શરીઅતની રૂએ મુસાફિર તે છે જે ત્રણ દિવસના માર્ગનો સફર કરે, એનાથી ઓછા સફરથી (૯૨ કિ.મિ.થી ઓછાથી) મુસાફિર થશે નહીં. નહીં તો એક દિવસના અંતર સફરનો મુસાફિર આ હદીષ પર અમલ ન કરી શકતો. જ્યારે કે હદીષ દરેક મુસાફિરના માટે સામાન્ય છે. એની તેહક઼ીક઼ અમારી કિતાબ ''જા અલ હક્ક઼, ભાગ : ૨'' માં જુઓ.

**૬.** જેથી હુઝૂર ﷺ પાણી વડે ઈસ્તિંજો તથા વુઝૂ કરે. જાણવા મળ્યું કે બુઝુર્ગોની ખિદમતના માટે હાજર રહેવું અને હુકમ વિના ખિદમત માટે તૈયાર રહેવું સુન્નતે સહાબા છે, અને નમાઝની તૈયારી નમાઝના સમયથી પહેલાં સુન્નત છે.

**૭.** એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે વુઝૂમાં બીજાથી મદદ લેવી સુન્નતથી સાબિત છે. **બીજુ** એ કે બુઝુર્ગોને એ રીતે વુઝૂ કરાવવું કે લોટો (વાસણ) ખાદિમના હાથમાં હોય, એ સુન્નતે સહાબા છે. યાદ રાખશો કે અહીં કુલ્લી તથા નાકમાં પાણીનો ઉલ્લેખ નથી કર્યો, કેમ કે એ બંનેવ ચહેરામાં સામેલ છે.

**૮.** ઉનનું કપડુ તથા ઉનનો લિબાસ પહેરવો કે જે સૂફિયાએ કિરામનો તરીકો છે, એટલા માટે એમને ''સૂફી'' કહેવામાં આવે છે (સૌફવાળા) એનો માખઝ (આધાર) આ હદીષ છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બાંય ખૂબ જ પહોળી રહેતી હતી, આ સાંકડી બાંયોવાળો જબ્બો કોઈ જેહાદમાં માલે ગનીમતરૂપે આવ્યો હતો. અહીં મિર્કાતે ફર્માવ્યું કે, આ હદીષથી જાણવા મળ્યું કે કાફિરોનાં બનાવેલાં કપડાં અને બીજા દેશની સ્ટાઈલવાળો લિબાસ પેહરવો જાઈઝ છે, એ કપડા પર વિના કારણે નાપાક હોવાનો વહેમ ન કરો. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ હેરાના હુલ્લા (કપડાં) પહેરવાથી મનાઈ ફર્માવી અને ફર્માવ્યું, સાંભળ્યું છે કે તે લોકો કપડાં પેશાબથી ધૂએ છે. ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہએ અર્ઝ કરી કે નબવી યુગમાં જોડ કપડાં અમે પણ પહેરેલ છે અને હુઝૂરે પણ. ત્યારે આપે આપનો હુકમ પરત લઈ લીધો. **બીજી કૌમનો લિબાસ પહેરવો જાઈઝ છે, શર્ત એ કે તે કાફિરો તથા ફાસિકોની નિશાની ન હોય.**

**૯.** નીચે કમીસ તથા તેહબંદ પણ હતું, નહીં તો બેપર્દગી થાત. એનાથી જાણવા મળ્યું કે એકી સમયે (એક સાથે) કુર્તો, જબ્બો, સદરી વગેરે કેટલાંક કપડાં પહેરવાં જાઈઝ છે.

**૧૦.** પેશાનીથી મુરાદ માથાનો આગલો ચોથો ભાગ છે તે સામાન્યતઃ પેશાની જેટલો હોય છે. યાદ રાખશો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام હમેશાં પૂરા માથાનો મસહ કરતા હતા. ચોથાઈ માથાનો મસહ આ હદીષથી સાબિત છે. આ (ચોથાઈ) ફર્ઝ અને એ સુન્નત છે. સરકાર ﷺએ અમામા પર મસહ કર્યો ન હતો, બલ્કે તેને પકડયો હતો જેથી પડી ન જાય. હઝરત મુગીરા એને મસહ સમજ્યા. જેથી આ હદીષ હઝરત જાબિર رضی اللہ عنہની હદીષની વિરુદ્ધ નથી કે આપે ફર્માવ્યું, ''અમામા પર મસહ જાઈઝ નથી, જ્યાં સુધી કે માથા પર હાથ ન ફરે.'' *(મિર્કાત)*

**૧૧.** એટલે કે પહેલાં વુઝૂ કરી લીધું છે પછી મોજા પહેર્યા. યાદ રાખશો કે જો કોઈ શખ્સ પ્રથમ પગ ધોઈને મોજા પહેરી લે પછી વુઝૂનાં બાકી અંગો ધૂએ તો પણ જાઈઝ છે. આ હદીષથી એ જ સાબિત થઈ રહ્યું છે, કેમ કે ફર્માવ્યું, ''મોજા પહેરતી વખતે મારા પગો પાક હતા.'' એવું નથી ફર્માવ્યું કે હું બાવુઝૂ હતો.

**૧૨.** એ એટલા માટે બન્યું કે સહાબાની જમાઅતને ખયાલ ગુજર્યો કે હુઝૂરે અન્ય જગાએ નમાઝ પઢી લીધી હશે. કેમ કે સરકાર علیہ الصلوٰۃ والسلام એમનાથી દૂર હતા, અને હાલત સફરની હતી, નહીં તો સહાબીઓ હુઝૂર ﷺ વિના નમાઝ ન પઢતા, ભલે સમય તંગ થઈ જતો. જેવું કે ઘણી બધી રિવાયતોમાં છે.

**૧૩.** કે પાછા ન હટો નમાઝ પઢતા રહો. એનાથી કેટલાક મસાઈલ જાણવા મળ્યા : **એક** એ સહાબીઓ તદ્દન નમાઝની હાલતમાં હુઝૂર ﷺની તા'ઝીમનો ખયાલ રાખતા હતા. **બીજુ** એ કે સહાબીઓ નમાઝમાં હુઝૂર ﷺનો અદબ (તા'ઝીમ) કરતા હતા જેનાથી એમની નમાઝ નાકિસ (કમીવાળી) થતી ન હતી, વધુ પેજ નં. ૨૨ પર

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## الغَنِیُّ، المُغْنی
## અલ્ ગ઼નિય્યુ-અલ્ મુગ઼ની

**(ખુદ બેનિયાઝ–અન્યોને બેનિયાઝ કરનાર)**

**સમજૂતી** : જે પોતાની ઝાત તથા સિફતોથી બેનિયાઝ અને અન્યોની સાથે સંબંધની ગંદકી જે તેની શાનને પાત્ર નથી એનાથી પાક હોય, એવો મુત્લક઼ ગ઼ની જે કોઈનો મોહતાજ ન હોય. અને એ જ અર્થ છે. એનો ભાવાર્થ એ છે કે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને બેનિયાઝી અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **الغَنِیُّ "અલ્ ગ઼નિય્યુ"**થી બંદાના માટે દર્સ એ છે કે તે પોતાના રબ પર ભરોસો કરીને તેના સિવાય સર્વથી બેનિયાઝ થઈ જાય. અને **المُغْنِی "અલ્ મુગ઼ની"**થી એ દર્સ લે કે તે પોતાના જૂદ તથા સખા (સખાવત) વડે બંદાઓને ગ઼ની તથા બેનિયાઝ કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક **الغَنِیُّ "અલ્ ગ઼નિય્યુ"**ની ખાસિયત એ છે કે તેનો ઝિક્ર દરેક ચીજમાં ભલાઈ આપે છે. જે બીમારીમાં એનો ઝિક્ર કરે તેને શિફા મળશે. અને જે મુસીબતમાં એનો વિર્દ કરે તો મુસીબત ટળશે. આ સિફતમાં માલદારી તથા તવંગરીનું રાઝ પણ છે અને ઈસ્મે આ'ઝમનો ભાવાર્થ પણ છે. અને ઈસ્મે અક઼દસ **المُغْنِی "અલ્ મુગ઼ની"**ની ખાસિયત માલદારી તથા બેનિયાઝી છે. એવો ઈન્સાન જે મખ્લૂક઼થી માયૂસ થઈ ચૂક્યો હોય તે એક હજારવાર **یَامُغْنِی "યા મુગ઼નીય્યુ"**નો વિર્દ કરે તો અલ્લાહ તઆલા તેને ગ઼ની કરી દેશે. અને જે શખ્સ જુમ્આની રાતમાં દસ જુમ્આઓ સુધી દસ હજારવાર **یَامُغْنِی "યા મુગ઼નીય્યુ"**નો ઝિક્ર કરશે તે જ વખતે તેની અસર જાહેર થવાની શરૂ થઈ જશે. વલ્લાહુ અઅ્લમ.

## અલ્માનિઅ્ المَانِعُ

**(દરેક નુકસાનથી રક્ષા આપનાર)**

**સમજૂતી** : શરીર તથા જાન તથા ઈમાનના નુકસાન તથા તબાહીના સબબોને તે જ દૂર કરે છે. જો તે તબાહીઓ, બર્બાદીઓ તથા હલાકતોથી હિફાઝત કરે છે તો તે 'હફીઝ' છે અને નુકસાન તથા બર્બાદીના સબબોને રોકે તથા દૂર કરે છે તો તે 'માનિઅ્' છે અને આ બંનેવ અસ્માએ હુસ્ના છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **المَانِعُ "અલ્માનિઅ્"**થી બંદાનો હિસ્સો એ છે કે જો તેને હિકમત ગૈર અહલ (અપાત્ર)થી પણ મળે તો તેને લઈ લે, તેને રોકે નહીં. અને જેનાથી તેના ખાલિક઼ે મના ફર્માવ્યું છે તેનાથી દૂર રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે શખ્સ એ મક઼સદથી ઝિક્ર કરે કે તે નુકસાન તથા બુરાઈથી મેહફૂઝ રહે તો યક઼ીનન ! એનો મક઼સદ હાંસલ થશે.

## الضَّارُّ، النَّافِعُ
## અદ્દારુ-અન્નાફિઅ્

**(દરેક નફા નુકસાનનો માલિક તથા મુખ્તાર)**

**સમજૂતી** : તે ઝાતે અક્દસ જેનાથી દરેક ખૈર તથા શર (ભલાઈ તથા બુરાઈ) અને દરેક નફા નુકસાન બહાર પડે છે. એ સર્વ કાંઈ એના થકી છે અને તેના જ તરફથી છે, ચાહે ફરિશ્તાઓ માનવો તથા નિર્જીવ ચીજોના વાસ્તાથી હોય કે વાસ્તા વિના હોય.

તમે એ ગુમાન ન કરશો કે ઝહેર જાતે પોતે નુકસાન આપી શકે છે અથવા મૌત આપી શકે છે, અથવા ખાણુ ભૂખ મિટાવી શકે છે કે લાભ આપી શકે છે. કોઈ પણ મખ્લૂક્ જેમ કે આસ્માન તથા તારાઓ વગેરે કોઈ ભલાઈ તથા બુરાઈ તથા નફા નુકસાન પર જાતે પોતે શક્તિમાન થઈ શકે છે ? નહીં ! હરગિઝ નહીં ! એ સર્વ એ જ ઝાતે અક્દસના તાબા હેઠળ તથા કબજામાં છે. જે ચીજને અલ્લાહ તઆલા ચાહે છે તે જ તેના વાસ્તાથી જાહેર તથા પ્રદર્શિત થાય છે અને તે સર્વ કાંઈ તેની અઝલી કુદરતની તરફ સંબંધિત છે.

**દર્સ તથા સબક્** : નામ મુબારક الضَّارُّ **"અદ્દાર"**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે હક્ક્ સબ્હાનહુ વ તઆલાએ જેમને નુકસાન પહોંચાડવાનો એને હુકમ આપ્યો છે, દા.ત. નફ્સે અમ્મારા, મનેચ્છાઓ તથા અલ્લાહના દુશ્મનો તેમને નુકસાન પહોંચાડે. અને النَّافِعُ **"અન્નાફિઅ્"**થી દર્સ એ લેવો જોઈએ કે રબ તઆલાએ જેમને નફો તથા ફાયદો પહોંચાડવાનો હુકમ આપ્યો છે તેમને ફાયદો પહોંચાડે. અને સૌથી અફઝલ એ છે કે પોતાના નફ્સને ખ્વાહિશાતે નફસાનીથી દૂર રાખીને ખુદાને ફાયદો પહોંચાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક الضَّارُّ **"અદ્દાર"**ની ખાસિયતોમાંથી છે કે જે શખ્સ દર જુમ્આની રાત્રે ૧૦૦ વખત يَاضَار **"યા દ્દાર"**નો વિર્દ કરશે તો લોકોમાં તેની પ્રતિષ્ઠા (વકાર) વધશે. અને નામ મુબારક النَّافِعُ **"અન્નાફિઅ્"**ની ખૂબીઓમાંથી છે કે જે પત્ની સાથે સોહબતના સમયે એનો ઝિક્ર કરશે એનાથી તેની પત્નીની મહોબ્બતમાં વધારો થશે.

## અન્નૂર النُّورُ

**(હક઼ીક઼ી નૂર)**

**સમજૂતી** : તે એવું નૂર છે જેનાથી દરેક ચીજ જાહેર તથા રોશન છે. જે ખુદ રોશન હોય અને અન્યોને રોશન કરી આપે તેને નૂર કહે છે વજૂદ તથા અદમ (અસ્તિત્વ, અન અસ્તિત્વ) અને નૂર તથા અંધકારની ગમે તેટલી તુલના કરવામાં આવે પણ ગલ્બો (ચઢિયાતાપણુ) યકીનન ! વજૂદનો જ થાય છે. અને અદમ (અનઅસ્તિત્વ) તો સૌથી મહાન અંધકાર તથા તારીકી છે. અને એનું નૂર તો સૃષ્ટિની દરેક ચીજ પર જાહેર તથા સ્પષ્ટ છે એટલે કે તે નૂરુસ્સમાવાત વલ્અર્દ્ (આસ્માનો તથા જમીનનું નૂર) છે.

**દર્સ તથા સબક્** : ઈસ્મ મુબારક النُّورُ **"અન્નૂર"** થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે દરેક ખૈર તથા હિદાયત જાહેર તથા ગાલિબ કરી લે, અને દરેક માહોલને નૂરે હિદાયતથી મુનવ્વર તથા રોશન કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : النُّورُ **"અન્નૂર"**નો ઝિક્ર કરવાવાળાનું દિલ અને અંગો રોશન થાય છે. અર્બઈને ઈદરીસિયામાં આ શબ્દો આવેલા છે :

**يَانُورَ كُلِّ شَىْءٍ وَهُدَاهُ أَنْتَ الَّذِى فَلَقَ الظُّلْمَةَ بِنُورِهٖ**

**"યા નૂર કુલ્લિ શયઈન વહુદાહુ અન્તલ્લઝી ફલક઼ઝ્ઝુલ્મત બિનૂરિહી."** "હે દરેક ચીજના નૂર તથા હિદાયત ! તેં જ અંધકારને તારા નૂર વડે નષ્ટ કર્યો." આ શબ્દો સાથે વિર્દ કરવાના ફાયદા કાંઈ ઔર જ છે.

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

**અનુવાદક તથા સંપાદક**
**પટેલ શબ્બીર અલી રઝવી**

**અર્શે હક્ક હૈ મસ્નદે રિફઅત રસૂલુલ્લાહ કી** ﷺ
**દેખની હૈ હશ્રમેં ઈઝઝ્ત રસૂલુલ્લાહ કી** ﷺ

*(મસ્નદે = બેઠક, રિફઅત = ઉચ્ચારતા)*

**અર્થાત** : આપણે સૌએ (આપણા તથા ગૈરોએ, માનવાવાળાઓ તથા નકારનારાઓએ હશ્રમાં અલ્લાહના મહબૂબ ﷺની જે શાન (દુનિયામાં પઢી અને માનવાવાળા થઈ ગયા અને મુન્કિરો પઢીને પણ ઈન્કારી થઈ ગયા) આપણી આંખો વડે જોવાની છે કે ખુદાના અર્શે મુઅલ્લા પર હુઝૂર ﷺ ટેક લગાડીને બેઠેલા હશે. કેમ કે :–

*હૈં મઝહરે ઝાતે હક્ક રસૂલે અકરમ – મુખ્તાર વ ખલીફાએ ખુદાએ આલમ*
*સિર્ફ ઉનકે સબબસે સબ ઉલુલ અઝ્મ હૂએ – હઝરત ઈસા, હઝરત મૂસા, હઝરત ખલીલો નૂહો આદમ*
*–('જમીલ' રઝવી)*

અહલે ઈશ્કો મહબ્બત તથા ઉલમાએ રબ્બાનિય્યીન તો ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ અર્શને બનાવ્યું જ મહબૂબના માટે છે, કેમ કે અર્શ તો બેસવા માટે છે અને અલ્લાહ તઆલા બેસવા ઉઠવાથી પાક છે.

"અર્શ હુઝૂર ﷺના કદમો નીચે છે." *(શયખ સઅદી رحمۃ اللہ علیہ)*

કહેવાતા અહલે હદીષ (ગૈર મુકલ્લિદો)ના ટોચના પેશવા નવાબ સિદીક હસન ભોપાલી લખે છે : "કાલે કયામતના દિવસે જાહેર થઈ જશે કે અલ્લાહ તઆલાની બારગાહમાં તેના મહબૂબનો શું મકામ છે ?"

તફસીરે ઈબ્ને જહીરમાં છે : "કયામતના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તથા આપની ઉમ્મતને બુલંદ મકામ પર બેસાડવામાં આવશે." *(તફસીરે ઈબ્ને જરીર, રવાહુ અહમદ)*

*આલમકા ઉન્હેં ખુદાને સુલ્તાન કિયા – જિબ્રીલે અમીંકો ઉન્કા દરબાન કિયા*
*હર ચીઝકા ઈખ્તિયાર ઉન્કો દેકર – કૌનૈનકો હક્કને ઉનકા મહમાન કિયા*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "મારી ઉમ્મત કયામતના દિવસે એટલી બુલંદીઓ પર હશે કે દરેકે દરેક મેહશરવાળાઓ ખ્વાહિશ કરશે કે કાશ ! અમે પણ એમનામાંથી હોત !"

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : "હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને કયામતના દિવસે અલ્લાહની જમણી બાજુ (નૂરની) ખુરશી પર બેસાડવામાં આવશે, ઈન્શાઅલ્લાહ !

આ વિષયમાં કોઈને અભ્યાસનો શોખ હોય તે આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ "તજલ્લિયુલ યકીન"ને જુએ.

**કબ્રમેં લહરાએંગે તાહશ્ર ચશ્મે નૂર કે**
**જલ્વાફર્મા હોગી જબ તલ્અત રસૂલુલ્લાહ કી ﷺ**

*(તલ્અત = ચહેરો, નૂરાની સૂરત)*

**અર્થાત :** મુસ્તફા ﷺના આશિકોની કબ્રમાં હુઝૂર ﷺના આગમન પર આપના ચહેરાએ અકદસથી નૂરના એવા જલ્વા ઉઠશે જે ઝંડાઓની જેમ દરેક મો'મિનની કબ્રમાં કયામત સુધી લહેરાતા રહેશે. કબ્રમાં ત્રીજો સવાલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જ વિશે થશે અને આપ જાતે પોતે ત્યાં તશરીફ લાવશે. (છબી દેખાડવામાં આવે, પર્દા હટાવી દેવામાં આવે કે ખૂદ તશરીફ લાવે, એક જ વાત છે ! અને નૂરનાં ઝરણાં હશ્ર સુધી મો'મિનની કબ્રમાં લહેરાવવા માટે આટલું પૂરતુ છે.)

**કાફિરોંપે તેગેવાલાસે ગિરી બર્કે ગઝબ**
**અબ્ર આસા છા ગઈ હયબત રસૂલુલ્લાહ કી ﷺ**

*(તેગેવાલા = બુલંદ તલવાર, બર્કે ગઝબ = કહેરની વીજળી, અબ્રે આસા = વાદળની જેમ, હયબત = પ્રભાવ)*

**અર્થાત :** મારા આકા علیہ الصلوٰۃ والسلامએ જ્યારે પોતાના દસ્તે અકદસમાં તલ્વારને લઈને એને બુલંદી અતા ફર્માવી તો આપની હયબત (ધાક) આટલી વાતથી કાફિરોના દિલોમાં એવી બેઠી કે એવું લાગ્યું કે જાણે એમના પર કહેરની વીજળી પડી ગઈ છે ! જાણે રોઅબનું એક કાળુ સિયાહ વાદળ હતું જે એમના દિલો પર છવાઈ ગયું અને તેમનાં દિલ "હયબતે મુસ્તફવી"થી બેસી ગયાં.

આપ ﷺએ ખુદ ફર્માવ્યું છે કે, હું હજી એક મહિનાના અંતરે હોઉ છું તો કાફિરો પર મારો રૂઆબ (ધાક) છવાઈ જાય છે."

**લા વ રબ્બિલ અર્શે જિસકો જો મિલા ઉનસે મિલા**
**બટતી હૈ કૌનૈનમેં નેઅમત રસૂલુલ્લાહ કી ﷺ**

*(લા વ રબ્બિલ અર્શ = કસમ છે અર્શના રબની)*

**અર્થાત :** કેમ નહીં ?! મને અર્શના રબની કસમ છે, બંને જહાનમાં જેને જે નેઅમત પણ મળે છે, દરે રસૂલથી જ મળે છે. રસૂલુલ્લાહ ﷺના કદમોના સદકામાં જ નેઅમતો વહેંચવામાં આવે છે.

આપ ﷺએ ફર્માવ્યું : **انما انا قاسم والمعطی ھو اللہ** "અલ્લાહ જ આપે છે અને હું વહેંચુ છું."

**વહ જહન્નમમેં ગયા જો ઉનસે મુસ્તગ્ની હુવા**
**હૈ ખલીલુલ્લાહકો હાજત રસૂલુલ્લાહ ﷺ કી**

*(મુસ્તગની = બેપરવા)*

**અર્થાત :** આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તે બદઅકીદાઓની રદ કરી છે કે જેઓ નબીને કેવળ 'એલચી' કહે છે, હવે આપણે એમની કોઈ જરૂરત નથી ! (મઆઝલ્લાહ !) આ'લા હઝરત કહે છે : તે સીધો જહન્નમમાં જશે જે મારા આકા ﷺથી બેપરવા, બેનિયાઝ થઈ ગયો, અને એવું કહે કે હવે આપણે એમની જરૂરત નથી રહી. અરે ! જાલિમ ! જ્યારે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامને પણ આકા ﷺની જરૂરત છે અને અલ્લાહથી દુઆ કરી રહ્યા છે : **ربنا وابعث فیھم رسولا** હે અલ્લાહ ! (કા'બા તો મેં બનાવી

આપ્યો છે, હવે એને આબાદ કરવા માટે તારા પ્યારાને મોકલ) રસૂલ મોકલ ! તો પછી તું કોણ છે હુઝૂર ﷺથી બેપરવા થનારો ?!

હુઝૂર ﷺએ ફર્માવ્યું : وان ابراهيم يرغب فى دعائى ذلك اليوم કયામતના દિવસે સઘળી મખ્લૂક મારી બારગાહમાં આવશે, ત્યાં સુધી કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام પણ અને એ દિવસે ઈબ્રાહીમ علیہ السلام પણ મારી દુઆના જ ખ્વાહિશમંદ હશે. *(મુસ્લિમ શરીફ)*

**સૂરજ ઉલ્ટે પાંવ પલ્ટે ચાંદ ઈશારેસે હો ચાક**
**અંધે નજદી દેખ લે કુદરત રસૂલુલ્લાહ કી ﷺ**

**અર્થાત** : હે આંધળા નજદી ! ગુસ્તાખે નબી ! એ અકીદો રાખનારા દેવબંદીઓ ! કે "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." અને નબી ﷺની તાઝીમ "મોટાભાઈ" જેટલી કે ગામના ચૌધરી જેટલી કરવાની તાલીમ દેનારાઓ ! નબીને મજબૂર લાચાર બંદા કહેનારાઓ ! એનાથી વધીને હુઝૂર ﷺની કુદરત તથા ઈખ્તિયારની શું દલીલ હોય શકે છે કે આપ ઈશારો કરે છે તો ડૂબેલો સૂરજ પાછો ફરી જાય છે અને ચાંદ બે ટુકડા થઈ જાય છે. હે આંધળા નજદી ! દેવબંદી ! જરા આંખોએથી પૂર્વગ્રહના ચશમાને ઉતારીને જો તો ખરો !

મોજિઝાએ રદ્દુશ્શમ્સનું બયાન શિફા શરીફ, હુકૂકુલ મુસ્તફા, કાઝી અયાઝમાં વાંચો અને મોજિઝએ શક્કુલ કમરનું વર્ણન કુર્આને પાકની સૂરત અલ્કમરની પહેલી આયતની તફસીર તથા સહીહ બુખારી શરીફમાં જુઓ.

**તુઝસે ઔર જન્નતસે ક્યા મતલબ વહાબી દૂર હો**
**હમ રસૂલુલ્લાહ કે જન્નત રસૂલુલ્લાહ ﷺ કી**


**અર્થાત** : હે નબી ﷺના ગુસ્તાખ ! વહાબી, દેવબંદી ! પાછો હટ ! તને જન્નત સાથે શું લેવા દેવા?! જન્નત તો હુઝૂર ﷺના કેવળ તે ગુલામો માટે છે જેઓ હુઝૂરની એ અઝમતનો ઈકરાર કરે છે કે, "હુઝૂર ﷺ જન્નતના માલિક છે." ત્યારે જ તો આપે કેટલીયે વાર હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہને હાથે જન્નતને વેચી. અને શું તું એટલુ પણ નથી જાણતો કે કબજો કર્યા વિના સોદો ફાસિદ થાય છે અને માલિકીપણા વિના ખરીદ વેચાણ બાતિલ થાય છે. જેથી સાબિત થયું કે તું માન કે ન માન ! જા જહન્નમમાં જા ! પણ મારા આકા ﷺ જન્નતના માલિક પણ છે અને જન્નત પર તેમનો કબજો પણ છે.

## :: ઈદ કે દીન ઈન બાતોં સે પરહેઝ કરેં ::

અબ હમ ચંદ ઐસી ચીઝોં કા ઝિક્ર કરને જા રહે હૈં જો હમારે મુઆશરે મેં રાઈજ હૈં મગર શરીઅત કી રૂ સે ઉન્કા કરના કિસી તૌર પર દુરૂસ્ત નહીં બલ્કિ દુન્યા વ આખિરત મેં તબાહી કા સબબ હૈ.

✯ ઈદ કા દિન આને પર આમ તૌર પર મુસલમાન સિનેમા, ડ્રામા, સર્કસ વગૈરા દેખને જાતે હૈં.

✯ બઅઝ મુસલમાન ઈદ કે દિન શરાબ નોશી, જુઆ વગૈરા ખેલતે હૈં. બઅઝ જગહોં પર ગાને વગૈરા લગા કર લળકોં કે સાથ–સાથ લળકિયાં ભી નાચતી હૈં. ✯ બઅઝ જગહોં પર પટાખે વગૈરા ફોળે જાતે હૈં. ✯ બઅઝ લોગ ગૈર મુસ્લિમોં કી બાકાયદા એહતિમામ કે સાથ દઅ્વત કરતે હૈં ઔર ઉન્હેં ભી અપને ઈસ મુકદ્દસ ત્યોહાર મેં શરીક કરના ચાહતે હૈં. ✯ બઅઝ જગહોં પર બાકાયદા ટી.વી. લગાકર લોગોં કો જમા કરકે લોગ ફિલ્મેં દેખતે હૈં. (મઆઝલ્લાહ !) *–(બરકાતે શરીઅત ગુજરાતી, ભાગ : ૧, પેજ : ૨૩૬)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન


અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### ગુનાહ પ્રતિ મૂકાયેલ પગ કાપી નાખ્યો !

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર બદખ્શાંની તરફ હું મુસાફિર હતો. એ શહેરમાં બુઝુર્ગ અવલિયા રહેતા હતા. જેમ કે શહેરની બહાર એક ગુફામાં ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہના મુરીદ શયખ અબ્દુલવાહિદ رحمۃ اللہ علیہ રહેતા હતા. જ્યારે હું ખિદમતમાં હાજર થયો તો જોયું કે ખૂબ દુબળા થઈ રહ્યા છે અને એક પગ ગુફામાં છે અને બીજો બહાર છે. એક પગ પર ઉભા રહીને આલમે તહય્યુરમાં આંખો ઉપરની તરફ લગાડેલ છે. નજીક જઈને સલામ કરી. ફર્માવ્યું, થોભી જાવ ! ત્રણ દિવસ બાદ આલમે સહ્વમાં આવ્યા તો ફર્માવ્યું, હે ફરઝંદ ! મારી નજીક ન આવતો, નહીં તો સળગી જઈશ, અને દૂર પણ ન જા કેમ કે તારા પર જાદૂની અસર થઈ જશે.

હવે મારી કહાની સાંભળ ! આજે ૭૦ વરસોથી આ ગુફામાં ઉભો છું. એક સ્ત્રીને જોઈને મારું દિલ આકર્ષાયું. મેં ગુફાથી બહાર આવવા ચાહ્યું તો ગયબી અવાજ આવ્યો કે હે દાવેદાર ! તારો વાયદો તો એ હતો કે અમારા સિવાય કોઈના પ્રતિ આકર્ષિત થઈશ નહીં. છરી પાસે હતી એના વડે એક પગ કાપીને બહાર ફેંકી દીધો એટલા માટે કે એ પગ નફસની ઈચ્છાના કારણે ગુફાની બહાર રાખવામાં આવ્યો હતો. હવે લગભગ ૩૦ વરસોથી આ જ આલમે તહૈયુરમાં છું અને ડરું છું કે કયામતના દિવસે આ મોં કેવી રીતે દેખાડીશ ?! એ જ હાલતમાં શર્મિંદો છું.

### વલીની કરામતનો કમાલ !

પછી મલિકુલ મશાઈખે ફર્માવ્યું કે રાત ત્યાં જ રહ્યો. ઈફતારના સમયે દૂધ તથા અમુક ખજૂરો થાળ માં રાખીને એની પાસે લાવ્યા. મેં ગણી તો સંખ્યામાં ૧૦ હતી. ફર્માવ્યું, હે ફરીદ ! પાંચ હું ખાયા કરતો હતો અને આજે દસ આવી છે જેથી પાંચ તારી છે. આવો ! દૂધ લઈને ઈફતાર કરો. જ્યારે એ બુઝુર્ગે દૂધ તથા ખજૂરો સામે રાખી અને હું આદાબ બજાવી લાગ્યો અને ખાય ગયો. તે બુઝુર્ગ પણ આલમે તહૈયુરમાં મશગૂલ થયા. બદખ્શાંનો ખલીફા પોતાના બાદશાહી લશ્કર સાથે આવ્યો અને ઉભો રહી ગયો. તે બુઝુર્ગે પૂછયું, તારી શું હાલત છે ? ખલીફાએ કહ્યું, સીવિસ્તાનનો માલિક માલ નથી આપતો. હવે ઈજાઝત તલબ કરું છું કે એના પર ચઢાઈ કરું. હસીને લાકડી સીવિસ્તાનની તરફ ફેંકીને ફર્માવ્યું, મેં સીવિસ્તાનના માલિકને મારી નાખ્યો છે. જ્યારે

ખલીફાએ જોયું તો પાછો ચાલ્યો ગયો. થોડાક દિવસો પસાર થવા ન પામ્યા હતા એવામાં તેના માણસો ઘણો બધો માલ લઈને આવ્યા અને વર્ણવ્યું કે સીવિસ્તાનનો માલિક આમ દરબારમાં તખ્ત પર બેસીને હુકમ આપી રહ્યો હતો એવામાં દીવાલમાંથી લાકડી જાહેર થઈ અને તેની ગરદન પર વાગી જેનાથી એની ગરદન અલગ થઈ ગઈ. પછી અવાજ આવ્યો કે આ હાથ શયખ અબ્દુલવાહિદ બદખ્શાંનીનો છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે, થોડાક દિવસ એમની ખિદમતમાં રહ્યો પછી ઈજાઝત લઈને પરત ચાલ્યો આવ્યો. આ ખત્મ કરીમે શયખુલ ઈસ્લામ નમાઝમાં મશગૂલ થઈ ગયા.

## નાની સરખી લાકડીનો કમાલ

એ જ મહિનાની તેરમી તારીખે હિ.સ. ૬૫૫ના કદમબોસીનો શરફ હાંસલ થયો. શયખ અબુલ ગયષ અયની رحمۃ اللہ علیہ અતિશય વૃધ્ધ હતા. આપે શયખ યૂસુફ હસની, શયખ શહાબુદ્દીન સુહરવર્દી, શયખ ફરીદુદ્દીન અત્તાર, અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہم اجمعین ની ઝિયારત કરી હતી તેમજ અન્ય ઘણા બુઝુર્ગોની ઝિયારત કરી હતી.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર મોગલોએ યમનને ઘેરી લીધું એ વખતે ખ્વાજા અબુલ ગયષ ઝુપડીમાં હતા. ખલીફાએ જઈને મોગલોના આવવા વિશે વિગત અર્ઝ કરી. ખ્વાજા સાહબે પાસે પડેલી નાની સરખી લાકડી આપી અને ફર્માવ્યું કે રાતે એમના લશ્કરી તરફ ફેંકી દેજો. તેણે એવું જ કર્યું. તેના ફેંકવાથી તેઓએ આપસમાં લડવાનું શરૂ કરી આપ્યું, તો સર્વ મોગલો તબાહ થઈ ગયા. છેવટે જાણવા મળ્યું કે લીલા પોશાકવાળાઓનું લશ્કર હતું જેણે કાફિરોને જહન્નમમાં પહોંચાડી આપ્યા. જ્યારે દિવસ ચઢયો તો એક પણ જીવતો ન રહ્યો.

## વલીના તીરનો કમાલ !

પછી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર હું શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ તથા શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہ મુલ્તાનમાં હતા. એ દિવસે કુબાચા મુલ્તાનના વાલીએ આવીને અર્ઝ કરી કે મોગલો શહેરની નજીક આવી પહોંચ્યા છે. આપ શું ફર્માવો છો ? શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہની પાસે એક તીર હતું તે એને આપીને ફર્માવ્યું કે મોગલોના લશ્કરની તરફ ફેંકી દેજે. તેણે એવું જ કર્યું તો મોગલો ભાગી છૂટયા.

## દુકાળમાં વલીની દુઆથી તરત જ વરસાદ થયો !

ત્યારબાદ ફર્માવ્યું એકવાર યમનમાં લાંબા ગાળા સુધી વરસાદ ન પડયો અને દુકાળમાં લોકો મૃત્યુ પામવા લાગ્યા, ખેતીઓ સૂકાઈ ગઈ. સર્વ યમનવાળાઓ શયખ અબુલ ગયષની ખિદમતમાં આવ્યા કે વરસાદના માટે દુઆ કરો. ફર્માવ્યું, કાલે સૌ મારી નમાઝગાહમાં ભેગા થજો. સૌ હાજર થયા. શયખ સાહબે મિમ્બર ઉપર ચઢીને પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો ષના કરી અને પછી પયગંબરે ખુદા પર દુરૂદ મોકલીને આસ્માનની તરફ મોંઢું કરીને અર્ઝ કરી, હે પરવરદિગાર ! જો તારી બારગાહમાં મારી તાઅત (ફર્માંબરદારી) મંઝૂર છે તો બારાને રહમત મોકલ. હજી આ વાત જીભેથી નીકળવા ન પામી હતી એવામાં વરસાદ થવા લાગ્યો. અને એટલા પ્રમાણમાં વરસાદ પડયો કે પાંચ દિવસ રાત પાણી ખત્મ ન થયું. ત્યાનાં લોકોએ કસમ ખાઈને કહ્યું કે જીવનભરમાં આવો વરસાદ પડતો નથી જોયો.

## શયખ અબુલ ગયષની વફાતનો હાલ

ત્યાર બાદ શયખ અબુલ ગયષની વફાતનો હાલ આ પ્રમાણે વર્ણન કર્યો કે જે દિવસે આપનો ઈન્તેકાલ થયો એ દિવસે સવારની નમાઝ અદા કરીને રોજના નિયમાનુસાર આપ મુસલ્લા પર બેઠેલા રહ્યા અને ઈશ્રાકની નમાઝ અદા કરીને સૌ સાથીઓને કહ્યું કે ગુસ્લ આપનારાને બોલાવો, અને કપડાં, ઘડો અને ખુશ્બુ હાજર કરો. સાથીઓએ ગુસ્લ આપનારને

બોલાવ્યો અને જરૂરી ચીજો હાજર કરી. ત્યારબાદ ફર્માવ્યું કે જગા ખાલી કરો જેથી અલ્લાહ તઆલાના શહસવાર (ફરિશ્તા) અહીં આવે. શયખ સાહબે સૂરએ યાસીન શરૂ કરી. જયારે فَسُبْحٰنَ الَّذِیْ بِیَدِهٖ مَلَكُوْتُ كُلِّ شَیْءٍ وَّاِلَیْهِ تُرْجَعُوْنَ પર પહોંચ્યા તો આખરી શ્વાસ લીધો અને ઘરના ખૂણેથી અવાજ આવ્યો કે દોસ્ત દોસ્તને મળી ગયો. પછી શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂંએ રડયા અને બેહોશ થઈ ગયા.

## મૂસા علیہ السلام અને મલકુલ મૌતનો બનાવ

હોશમાં આવતાં શોકના ગલ્બા હેઠળ તેમને ફર્માવ્યું કે જયારે મૂસા علیہ السلامની ઉમરના દિવસો પૂરા થયા તો એક રોજ મસ્તોની જેમ રાહમાં ટહેલી રહ્યા હતા. મલકુલ મૌતથી મુલાકાત થઈ. સલામ કરી, સલામનો જવાબ મળ્યો. પૂછયું, તું કોણ છે ? કહ્યું, મલકુલ મૌત ! એ વખતે મૂસા علیہ السلام શૌક તથા ઈશ્તિયાકમાં હતા. એના ચહેરા પર એવી થપ્પડ મારી તે સામેથી ભાગી ગયા, અને કહ્યું કે હું ફરી આવીશ નહીં.

મલકુલ મૌતે પોતાના મકામ પર આવીને સજદો કર્યો, અને અર્ઝ કરી કે પરવરદિગાર ! તેં એવા શખ્સની પાસે મોકલ્યો હતો કે જો હું ભાગી ન આવત તો હલાક થઈ જાત ! તે જ વખતે સંબોધન થયું કે આ તે કારણે હતું કે તને જાણ થઈ જાય કે મારા અને મારા મહબૂબોની વચ્ચે ગૈરને દખલ નથી, કેવળ હું જાણું છું અને મારા દોસ્ત. બીજા દિવસે મૂસા علیہ السلام નમાઝ અદા કરીને કિબ્લા બાજુ બયતુલ મુકદસમાં બેઠેલા હતા એવામાં જિબ્રઈલ علیہ السلامએ આવીને અર્ઝ કરી અને જન્નતી સફરજન આપ علیہ السلامના હાથમાં આવ્યું. જેવું જનાબે સૂંઘ્યું તો એ સફરજનથી દોસ્તથી ખુશ્બુ દિમાગમાં પહોંચી, તો નારો મારીને જાન યારના હવાલે કરી દીધી. શયખુલ ઈસ્લામ આ હિકાયત ખત્મ કરીને એટલા પ્રમાણમાં રડયા કે હાજરજનોએ પણ રડવાનું શરૂ કરી આપ્યું. મજલિસથી નારો ઉઠયો અને શયખુલ ઈસ્લામ બેહોશ થઈ ગયા.

પેજ નં. ૧૪ નું ચાલુ...

બલ્કે કામિલતર થઈ જતી હતી. **ત્રીજુ** એ કે જો ચાલુ નમાઝની જમાઅતની હાલતમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લઈ આવે તો મૌજૂદ રહેલા ઈમામની ઈમામત મન્સૂખ (રદ) થઈ ગઈ અને તે સમયથી હુઝૂર જ ઈમામ થશે. નહીં તો હઝરત અબ્દુર્રહમાન પાછળ હટવાની કોશિશ ન કરતા. **ચોથુ** એ કે એ ઈમામને જો હુઝૂર ઈમામતનો હુકમ આપે તો હુઝૂર ﷺનો નાઈબ થઈને ઈમામત કરશે. **પાંચમું** એ કે અફઝલની નમાઝ મફઝૂલની પાછળ જાઈઝ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺએ કેવળ એ એક રકાત બીજાની પાછળ પઢી છે, બાકી તમામ નમાઝો પઢાવી છે, કોઈની પાછળ પઢી નથી. એવો જ બનાવ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને પણ ઉપસ્થિત થયો હતો. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ તેમને ઈકામત પર કાયમ રહેવાનો ઈશારો કર્યો હતો, પણ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ન માન્યા અને મુકતદી બની ગયા. એ સિદ્દીકે અકબર رضی اللہ عنہનો અદબ હતો. (નમાઝમાં રસૂલની તા'ઝીમ આને કહે છે !) અને આ હઝરત અબ્દુર્રહમાનની ફર્માબરદારી હતી. બંનેવ અલ્લાહના પ્યારા છે, પણ સિદ્દીક સિદ્દીક જ છે !

**૧૪.** એનાથી જાણવા મળ્યું કે મસ્બૂક પોતાની બાકી રહેલી રકાત અદા કરવા માટે ઈમામના બંને બાજુ સલામ ફેરવ્યા બાદ ઉભો થાય, જેવું فَلَمَّا سَلَّمَથી જાણવા મળ્યું.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૧૧)** :: **અનુવાદક** ::
**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## (૯) આલ્કોહોલયુક્ત દવાઓનો હુકમ

આલ્કોહોલનો અર્થ થાય છે "શરાબની રૂહ, શુદ્ધ દારૂ" (દારૂનો માદ્દો) તેને દવાઓની હિફાઝત તથા સુરક્ષા માટે ઉપયોગ કરવામાં આવે છે. અંગ્રેજી દવાઓમાં લગભગ દરેક પ્રવાહી દવામાં તેમજ અમુક ઈંજેક્શનોમાં તેને મિક્સ કરવામાં આવે છે. અને હોમિયોપેથિકની તો સો ટકા દવાઓમાં તેની મિલાવટ હોય છે. એ આલ્કોહોલ જ હોમિયોપેથિક દવાઓનું મોટુ તત્વ તથા ભાગ હોય છે. મૂળ તથા અસલ મઝહબમાં આવી દવાઓનો ઉપયોગ હરામ છે.

ફતાવા રઝવિય્યહ્માં છે :–

સહી એ છે કે જેટલી વસ્તુઓ પ્રવાહી તથા પાતળી હોય અને નશો લાવનારી હોય ભલે ને તે મહુવાથી બનાવવામાં આવે કે ગોળ અથવા અનાજ અથવા લાકડુ કોઈ પણ વસ્તુથી બનાવવામાં આવે તે દરેક શરાબ તથા દારૂ છે. તેનું એક ટીપું પણ હરામ છે અને પેશાબની જેમ નાપાક પણ છે અને તેનો નશો કરવા પર દારૂની જેમ "હદ" (ઈસ્લામી સજા) પણ લાગુ થશે. અને સહી એ છે કે દવાઓમાં પણ તેનો ઉપયોગ હરામ છે. દુર્રે મુખ્તારમાં છે :

**حرّمها محمد مطلقًا قليلها وكثيرها۔ وبه يفتى**

ઈમામ મુહમ્મદે તેને બિલ્કુલ હરામ ઠરાવ્યું ભલે ને ઓછુ હોય કે વધારે અને તે મુજબ જ ફત્વો આપવામાં આવે છે." *(ફતાવા રઝવિય્યહ્, ૧૧/૮૫)*

આ ફત્વાની એક સદી બાદ જ્યારે પરિસ્થિતિ ઘણી બદલાય ગઈ અને લોકોનું આલ્કોહોલ મિશ્રિત દવાઓથી બચવું મુશ્કેલ થઈ ગયું તો જામિઆ અશરફિયા મુબારકપુરમાં આ વિષય પર ફિક્હી સેમિનાર યોજાયો. આ જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈ થકીનો પહેલો સેમિનાર હતો જેમાં ૭૦ ઓલમાએ અહલે સુન્નત શરીક થયા હતા તેમાંના વિશેષ નામો આ હતાં :–

(૧) જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી دام ظلہ العالی બરેલી શરીફ (૨) નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક્ અમજદી رحمۃ اللہ علیہ ઘોસી. (૩) બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલમન્નાન આ'ઝમી رحمۃ اللہ علیہ (૪) હઝરત મૌલાના સૈયદ ઝહીર અહમદ ઝૈદી શાર્ગિદે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ, અલીગઢ (૫) મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરી, સદર મજલિસે શરઈ મુબારકપુર (૬) ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ (૭) હઝરત અલ્લામા ખ્વાજા મુઝફ્ફરહુસૈન રઝવી (૮) હઝરત મૌલાના મુફતી મુહમ્મદ આ'ઝમ સાહબ ટાંડવી, શયખુલ હદીષ દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ તથા સદર મુફતી રઝવી દારુલ ઈફતા બરેલી શરીફ (૯) હઝરત મૌલાના મુફતી કાઝી અબ્દુર્રહીમ બસ્તવી رحمۃ اللہ علیہ મુફતી મરકઝી દારુલ ઈફતા બરેલી શરીફ.

સેમીનારમાં શરીક થયેલા ઓલમાએ તમામ મક઼ાલાઓ (લખાણો)ને સાંભળીને તથા તેના ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ બહષનું પરિણામ ફૈસલ બોર્ડને રજૂ કર્યું :–

''આલ્કોહોલ મિશ્રિત દવાઓનો ઉપયોગ જાઈઝ છે કે નાજાઈઝ તે વિચારવા પાત્ર છે. વધુ પડતા ઓલમાનું મંતવ્ય જાઈઝ હોવાનું છે.''

ત્યારબાદ ૩,૪, શાબાન હિ.સ. ૧૪૧૪ મુતાબિક઼ ૧૬, જાન્યુઆરી ૧૯૯૪ (શનિ, રવિ અને સોમવારની રાત્રે) ફૈસલ બોર્ડની બેઠક બનારસમાં થઈ જેમાં બનારસના ઓલમા તથા ઓલમાએ અશરફિયા પણ શરીક હતા. ત્યાં પણ બહષો થઈ. ત્યાર બાદ ફૈસલ બોર્ડે આ ફૈંસલો લખ્યો :–

''મજલિસે શરઈની તમામ બહષો તથા મુફ્તિયાને કિરામ દ્વારા પ્રાપ્ત થયેલા મક઼ાલાઓ (લખાણો) પર વિચાર કર્યા બાદ ફૈસલ બોર્ડ આ પરિણામે પહોંચ્યું છે :–

''આ યુગમાં અંગ્રેજી દવાઓ એટલે કે સ્પિરિટ, અલ્કોહોલ તથા ટિંકચર મિશ્રિત દવાઓનો ઉપયોગ ''ઉમૂમે બલ્વા''ની હદ સુધી પહોંચી ચૂક્યો છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સ્પિરિટ મિશ્રિત પડીકીઓની રંગતના વિષયમાં ઉમૂમે બલ્વા તથા હરજ (મુશ્કેલી)ને દૂર કરવાના આધારે તેના પાક હોવા તથા જાઈઝ હોવાનો ફત્વો આપ્યો છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૪૫ તથા પેજ : ૫૦, તેમજ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૧, પેજ : ૫૪ **الفقه التسجيلى فى عجين النار جيلى** માં છે. આ ઈર્શાદની રોશનીમાં ફૈસલ બોર્ડના સભ્યો એ વાત પર સહમત છે કે ઉપરોક્ત અંગ્રેજી દવાઓના ઉપયોગની પણ ઉમૂમે બલ્વાના કારણે તથા હરજ દૂર કરવા માટે ઈજાઝત આપવામાં આવે છે. હા ! આ ઈજાઝત માત્ર તે જ પરિસ્થિતિઓમાં રહેશે જેમાં સામાન્યતઃ લોકો સપડાયેલ હોય તથા હરજ (દુશ્વારી)ની ઉપસ્થિતિ હોય.

ફૈસલ બોર્ડના સભ્યો :–

૧. જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અઝહરીમિયાં સાહબ કિબ્લા دام ظلہ العالی
૨. મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ ક઼ાદરી
૩. ફક઼ીહે મિલ્લત હઝરત મૌલાના મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ

આ હઝરતોનો ઉપરોક્ત ફૈંસલો નિશ્ચિત રીતે ફતાવા રઝવિય્યહથી ઈન્હેરાફ (વિમુખ થવું) તથા ઈખ્તિલાફ ન કહી શકાય બલ્કે હક઼ીક઼તમાં તે પરિસ્થિતિઓ તથા સંજોગોમાં પરિવર્તનથી હુકમમાં પરિવર્તનનું ઉદાહરણ છે.

આપણે આજના અસ્હાબે ફિક઼્હ તથા તેહક઼ીક઼ ઓલમાએ કિરામની તેહક઼ીકોને પણ એ જ નજરથી પઢવી તથા સમજવી જોઈએ.

## (૧૦) ચાલતી રેલગાડીઓમાં નમાઝનો હુકમ

રેલ લગભગ દોઢ સદી પહેલાંની શોધ છે, જેથી તેનો હુકમ મઝહબની કિતાબોમાં નથી જોવા મળતો. આપણા હનફી ઈમામોએ ચાલતા જાનવર પર તથા નાવડી (હોડી)માં નમાઝના હુકમોને સામે રાખીને ચાલતી ટ્રેનમાં નમાઝના હુકમો પર તેહક઼ીક઼ કરી અભ્યાસ કર્યો પરંતુ તેમની તેહક઼ીકો અલગ અલગ થઈ ગઈ. અમુકે જાઈઝ હોવાનો ક઼ૌલ કર્યો★ તો અમુકે જાઈઝ ન હોવાનો ક઼ૌલ કર્યો અને

★ *જેમ કે : હઝરત અલ્લામા અબ્દુલ હય્ય ફિરંગી મહલ્લી લખનવી આપે પોતાની કિતાબ ''મજમુઅતુલ ફતાવામાં'' ચાલતી રેલમાં નમાઝને દુરૂસ્ત તથા જાઈઝ કહ્યું છે. જેમ કે જાઈઝ હોવાના ફત્વા પર તસ્દીક઼ કરતાં લખે છે : Farsi તેમાં કોઈ શંકા નથી કે નમાઝ ભલે ફર્ઝ હોય અથવા ફર્ઝ સિવાય રેલગાડીમાં જાઈઝ છે ભલે ને તે ચાલતી હોય કે રોકાયેલી. અને ઉપરોક્ત સવાલમાં રજૂ કરેલા કારણો તથા ઉઝરો (મજબૂરીઓ) નિશ્ચિત છે. અલ્લાહ બેહતર જાણે છે.*

અમુકે જાઈઝ ન હોવાને "અધિક સાવધાની" ઠરાવ્યું છે.

ચૌદમી સદી હિજરીના એક મહાન ફકીહ તથા મુહદ્દિષ, મુહક્કિક હઝરત મૌલાના વસી અહમદ સૂરતી رحمۃ اللہ علیہએ નાજાઈઝ હોવાને વધારે સાવધાની બતાવ્યું. પરંતુ જે તેહકીક પર જમ્હૂર (વધુ પડતા) ફુકહાએ કિરામે સામાન્ય રીતે ભરોસો તથા અમલ કર્યો છે તે તેહકીક છે ફકીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની. આપના ફતવાનો એક ટુકડો આ પ્રમાણે છે :–

"ફર્ઝ તથા વાજિબ જેમ કે વિત્ર, મન્નત (ની નમાઝ) અને તેના જેવી એટલે કે ફજરની સુન્નત ચાલતી રેલ પર નથી થઈ શક્તી. જો રેલ ન રોકાય અને (નમાઝનો) સમય જતો હોય તો પઢી લે અને રોકાયા બાદ તેને દોહરાવી લે. તેહકીક એ છે કે રોકાવું (સ્થિર થવું) સંપૂર્ણપણે તથા કોઈ આધાર દ્વારા જમીન પર અથવા જમીન પર સ્થિર કોઈ વસ્તુ પર હોય. જે (ઉપરોક્ત) નમાઝોના સહી થવા માટે શરત છે. હા ! જો કોઈ ઉઝર (કારણ) હોય તો (અલગ વાત છે). એટલા માટે જ ચોપાયા જાનવર પર કોઈ કારણ વિના જાઈઝ નથી.....હા ! ચાલતી કશ્તી, હોડી કે જેનાથી ઉતરવું મયસ્સર નથી થતું કે તેને જો રોકાવામાં પણ આવે તો તે પાણી પર સ્થિર રહેશે, જમીન પર નહીં. જેથી તેનું ચાલવું તથા ઉભુ રહેવું બરાબર છે. પરંતુ જો રેલ રોકાવામાં આવે તો તે જમીન પર જ સ્થિર થશે અને તખ્તની જેમ થઈ જશે. અંગ્રેજોના ખાવા પીવા વગેરે માટે રોકાવામાં આવે છે અને નમાઝ માટે નહીં. તો આ રોકવું બંદાઓ તરફથી થયું અને આવી રોકાવાની સ્થિતિમાં હુકમ એ જ છે કે નમાઝ પઢી લે અને જ્યારે રોક દૂર થાય તો દોહરાવી લે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૩, પેજ : ૪૪)*

આ ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ નિમ્ન

**લખનાર** : *અબુલ હસનાત મુહમ્મદ અબ્દુલ હય્ય* عفا اللہ عنہ *(મજમુઅતુલ ફતાવા કિતાબુસ્સલાત, ખુલાસતુલ ફતાવાના હાશિયા પર, ભાગ : ૧, પેજ ૯૮) ઉમ્દતુર્રિઆયા હાશિયા શરહે વકાયામાં પણ આ જ પ્રમાણે છે. મુહદ્દિષે સૂરતી* رحمۃ اللہ علیہ*એ પણ અત્તઅલીકુલ્ મુજલ્લીમાં તેની સ્પષ્ટતા કરી છ કે અમુક ઓલમા ચાલતી ટ્રેનમાં નમાઝ સહી હોવાનું મંતવ્ય ધરાવે છે. અને ત્યારબાદ પણ ઈસ્લામી જગતના કેટલાયે ઓલમા ચાલતી રેલમાં નમાઝના જાઈઝ હોવાના કાઈલ રહ્યા છે અને આજે પણ છે. જેમ કે ફકીહે આ'ઝમે પાકિસ્તાન હઝરત મૌલાના મુહમ્મદ નૂરુલ્લાહ નઈમી કાદરી બાની દારુલ ઉલૂમ હનફિયા બસીરપૂરે ચાલતી ટ્રેનમાં નમાઝ જાઈઝ હોવાની સ્પષ્ટતા પોતાના કેટલાયે ફતવાઓમાં કરી છે. એક ફત્વાનો ટુકડો આ પ્રમાણે છે : બપોરના સૂરજની જેમ સ્પષ્ટ થયું કે ચાલતી રેલમાં ફર્ઝ જાઈઝ છે....... અને ચાલતી ગાડીમાં નમાઝના જાઈઝ હોવાની ત્રીજી દલીલ એ છે કે જો મુસાફિરને ઉતારવામાં જાનનો અથવા બીમાર થઈ જવાનો અથવા બીમારી વધી જવાનો અથવા દરિંદા જાનવર અથવા દુશ્મનનો ખતરો અથવા ગાડી ઉપડી જવાનો ખતરો હોય તો આવી પરિસ્થિતિમાં ચાલતી ગાડીમાં નમાઝ જાઈઝ છે. (ફતાવા નૂરિયા, ભાગ : ૧, પેજ : ૧૨૮, ૫૯)*

*તેનાથી જાહેર થયું કે ચાલતી ટ્રેનમાં નમાઝના સહી હોવા ન હોવાનો મસ્અલો પ્રારંભથી જ ઈખ્તિલાફી રહ્યો છે અને આજે પણ ઈખ્તિલાફી છે. આ મસ્અલો ન તો ઈજમાઈ હતો, ન છે. વળી ઈજમાઅ નામ છે દરેક મુજતહિદ ફકીહોની સહમતિનું અને એક લાંબા અરસાથી ઈજિતહાદનો દરવાજો બંધ થઈ ચૂક્યો છે. સદીઓથી મુજતહિદો થયા જ નથી. એટલા માટે હવે કોઈ મસ્અલામાં "ઈજમાએ શરઈ" થઈ નથી શકતું અને "મેહફિલે મીલાદ શરીફ" જે હકીકતમાં "મેહફિલે ઝિક્રે રસૂલ* صلی اللہ علیہ وسلم*" છે. તેના જાઈઝ હોવાને ઓલમાએ "ઈજમાઈ" ઠરાવ્યું છે તેનું કારણ એ છે કે તેની બુનિયાદો તથા કિતાબ સુન્નતથી સાબિત તથા ઈજમાઈ છે. શામીમાં છે :–*

**اجمع العلماء علی استحبا الذکر سلفاً و خلفاً**–*(મુહમ્મદ નિઝામુદ્દીન ગુફિરલહૂ)*

લિખિત વાતોનો ફાયદો પહોંચાડયો છે :–

**(અ)** ફર્ઝ, વાજિબ તથા ફજરની સુન્નતના સહી થવા માટે જમીન પર એક જગ્યાએ સ્થિર રહેવું જરૂરી છે. ચાલતામાં પઢશે તો નમાઝ થશે નહીં.

**(બ)** હા ! જો કોઈ ઉઝર તથા કારણ હોય તો ચાલતા ચોપાયા જાનવર ઉપર પણ નમાઝ સહી છે. ઉઝરથી મુરાદ ઉઝરે સમાવી છે.

**(ક)** ચાલતી રેલમાં નમાઝ પઢવી પણ ઉઝર (વાંધા)ના કારણે છે કેમ કે જ્યારે રેલ ચાલતી હોય તો તેમાંથી ઉતરી નથી શકતા.

**(ડ)** પરંતુ આ ઉઝર (કારણ, વાંધો) સમાવી (હકીકી) નથી. કેમ કે અંગ્રેજોના ખાવા વગેરે માટે રેલ ઉભી રાખવામાં આવે છે અને નમાઝ માટે નહીં. તો આ બંદાએ પોતાના ઈખ્તિયાર (શક્તિ, મરજી)થી પેદા કરેલ ઉઝર તથા કારણ છે. અને બંદો જો પોતાના ઈખ્તિયારથી કોઈ વાંધો પેદા કરે તો હુકમ એ જ છે કે નમાઝ પઢી લે અને વાંધો (કારણ) દૂર થઈ ગયા બાદ દોહરાવી લે.

જ્યારે અંગ્રેજો નાસી ગયા અને ૧૯૫૦માં રેલ્વે વ્યવસ્થા હિંદુસ્તાની ગવર્મેન્ટના હાથમાં આવી ગઈ તો હવે તમામ મુસાફરોના ખાવા પીવા વગેરે માટે ટ્રેન રોકવામાં આવવા લાગી. વીસ, બાવીસ વર્ષ પહેલાં જ્યારે રેલ્વે વિભાગે ટ્રેનમાં અંદર જ મુસાફરો સુધી ભોજન પહોંચાડવાની વ્યવસ્થા કરી આપી તો ત્યાર બાદથી ટ્રેન કોઈના પણ ખાવા માટે રોકવામાં નથી આવતી.

લગભગ એક સદી પહેલાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે આધારોને લઈને ચાલતી રેલમાં નમાઝ સહી ન હોવાનો ફત્વો આપ્યો હતો તે આધારો ૨૦મી સદીના છેલ્લા દસકામાં બદલાય ગયા હતા એટલા માટે હવે હુકમ પણ બદલાય જવો જોઈતો હતો.

## :: નોંધપાત્ર પહેલી વાત ::

પરંતુ તેના માટે ગૌરો ફિક્ર (ચર્ચા વિચારણા) તથા નઝરેષાની (ફેર વિચારણા)ની જરૂરત હતી. તમને એ જાણીને ખુશી થશે કે બદલાયેલા સંજોગોના આધારે આ'લા હઝરત رحمۃ اللہ علیہના ફત્વા ઉપર બીજીવાર નજર કરવાનું કામ ખુદ આપ رحمۃ اللہ علیہના ઘરેથી જ શરૂ થયું અને તે પણ એક વાસ્તાથી આપ رحمۃ اللہ علیہના જાનશીન હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તર રઝા ખાન અઝહરી دام ظلہ العالیની સ્થાપિત કરેલ *શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, જામિઅતુર્રઝા* થકી થયું.

૨૦૦૩માં જ્યારે નવા ઉદ્‌ભવેલા મસાઈલના શરઈ હુકમોની તેહકીક માટે "શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બરેલી શરીફ"ની સ્થાપ્ના થઈ તો તેમાં સૌથી પહેલાં આ જ (ચાલતી ટ્રેનમાં નમાઝના) મસ્અલાને ચર્ચા તથા બહષનો વિષય બનાવવામાં આવ્યો. ફુકહાએ અહલે સુન્નતને આ વિષય પર તેહકીકી મકાલા (લખાણો) લખવાની દા'વત આપવામાં આવી. તેનાથી ઓલમાને એક હોંસલો મળ્યો અને કેટલાયે ઓલમાએ તથા ફુકહાએ બદલાયેલા સંજોગોના આધારે નમાઝ જાઈઝ હોવાનું સહી હોવા વિશે મકાલાઓ લખ્યા. અને જ્યારે જામિઅતુર્રઝામાં બહષ તથા ચર્ચાની બઝમ સજાવવામાં આવી તો તેના વિશે ખૂબ બહષો થઈ. કોઈ જાઈઝ ન હોવાની દલીલ રજૂ કરતા તો કોઈ જાઈઝ હોવાની. બંને પક્ષોના પુરાવાઓ તથા દલીલો મહત્વની તથા અગત્યની હતી. અને કોઈ પણ દલીલને રદ કરવી મુશ્કેલ મામલો હતો જેથી ફૈસલ બોર્ડ પણ કોઈ ફેંસલો ન કરી શક્યું અને પોતાના ફેંસલાને દફા ૩/૪ હેઠળ આ પ્રમાણે લખીને તેને ઝેરે ગૌર (વધુ વિચારણાને પાત્ર) ઠરાવ્યો કે :–

''(૩) બાકી આ સ્થિતિઓ ધ્યાનપાત્ર છે કે આજના સંજોગોમાં ટ્રેનોના સફરમાં શાફઈ મઝહબ મુજબ સ્ટેશન પર અથવા રોકાયેલી ટ્રેનમાં બે નમાઝોને ભેગી કરીને પઢવી જાઈઝ છે કે નહીં.

(૪) એ જ પ્રમાણે ચાલતી ટ્રેનથી ઉતરવામાં જ્યારે કે જાન તથા માલ જવાનો ખતરો હોય તો ટ્રેનમાં પઢવામાં આવેલી નમાઝને દોહરાવવાનો મતલબ કઝા છે અથવા તેનો અર્થ વાજિબ એહતિયાત છે (તે પણ વિચારણા હેઠળ છે). વલ્લાહુ તઆલા અઅ્લમ. *(માસિક સુન્ની દુન્યા, બરેલી શરીફનો શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો ફિક્હી સેમિનાર વિશેષાંક, પેજ : ૨૩)''*

આ રીતે ફતાવા રઝવિય્યહનો તે તેહકીકી ફત્વો જે લગભગ એક સદીથી તમામ ઓલમાએ અહલે સુન્નતના નજીક ભરોસાપાત્ર તથા સ્વીકાર્ય હતો તે સૌથી પહેલાં ચર્ચાનો વિષય બન્યો. ત્યાર બાદ કાબિલે ગૌર (વિચારણા પાત્ર) થયો. પાંચ વરસ સુધી કોઈ ફેંસલો થયો નહીં અને ચાલતી ટ્રેનમાં નમાઝના જાઈઝ હોવા તથા નાજાઈઝનો મસ્અલો વિચારણા હેઠળ જ રહ્યો. ત્યાર બાદ ૨૪/૨૫ રજબ હિ.સ. ૧૪૩૦, અંગ્રેજી તારીખ ૧૮/૧૯ જુલાઈ ૨૦૦૯ના રોજ શરઈ કાઉન્સિલે આ બહષ લખી :–

''ટ્રેનો પર નમાઝના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેની બહષો બાદ એ નક્કી થયું કે ટ્રેનોનું રોકવું, ચલાવવું બંદાઓના ઈખ્તિયારમાં છે. તેમાં "તયમ્મુમમાં નિશ્ચિત થયેલ ઉઝરોના કારણો"માંથી કોઈ કારણ તથા ઉઝર જોવા મળતુ નથી કે ચાલતી ટ્રેનોમાં ફર્ઝ વાજિબના અદા કરવાથી ફર્ઝ વાજિબ સાકિત (અદા) થઈ શકે. જેથી સમય થઈ રહ્યો હોય તો જે રીતે પઢવી શક્ય હોય પઢી લે અને જ્યારે મોકો મળે તો દોહરાવી લે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનાથી લઈને આજ સુધી ટ્રેનોના ચાલવા, રોકવા તથા ટ્રેનોથી ઉતરવા, ચઢવા વગેરેની સ્થિતિઓમાં કોઈ બદલાવ થયો નથી એટલા માટે તેમના ફત્વાથી હટવાનું કોઈ ખાસ કારણ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(માસિક સુન્ની દુન્યા, સપ્ટેમ્બર–૨૦૦૯, પેજ : ૯૫)''*

આ શરઈ કાઉન્સિલ બરેલી શરીફના ફૈસલ બોર્ડનો આ'લા દરજ્જાનો એહતિયાત (સાવધાની) તથા દયાનતદારી છે કે "અતાયા નબ્વિયા"ના એક તેહકીકી ફત્વાને પાંચ વર્ષ સુધી ઝેરે ગૌર (વિચારણા હેઠળ) રાખ્યા બાદ જ્યારે તેઓને તેનાથી હટીને ફત્વો આપવાનું કોઈ યોગ્ય કારણ ન મળ્યું તો તે જ ફત્વાને જારી રાખ્યો અને આ જ હક્ક પહેચાનવાનો ઉમ્દા તકાઝો છે.

આ ફત્વાથી વિરુદ્ધ ન કરવાના મુખ્ય બે કારણો ફેંસલામાં રજૂ કરવામાં આવ્યા છે :–

''(અ) ટ્રેનોના ચાલવા, રોકાવા, ટ્રેનમાંથી ઉતરવા ચઢવા વગેરેની સ્થિતિઓમાં કોઈ પરિવર્તન થયું નથી.''

આ પહેલા મુદ્દામાં કેટલીયે બાજુએથી ચર્ચા થઈ શકે છે. પરંતુ આપણે માની લઈએ છીએ કે જે પ્રમાણે આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનામાં ટ્રેનો ચાલતી, રોકાતી હતી એ જ પ્રમાણે આજે પણ ચાલે છે, રોકાય છે અને જે રીતે લોકો તે જમાનામાં ટ્રેનોથી ઉતરતા તથા ચઢતા હતા એ જ રીતે આજે પણ ઉતરે છે, ચઢે છે. અને આ બિલ્કુલ સહી (યોગ્ય) છે. આ તરીકો ન બદલાયો છે અને ન તો તેને બદલવાની કોઈ આશા છે.

''(બ) ટ્રેનોનું રોકવું તથા ચલાવવું બંદાના પોતાના ઈખ્તિયાર તથા મરજીથી છે.''

આ પણ સહી છે કે ડ્રાઈવર ટ્રેનને ચલાવે પણ છે અને રોકે પણ છે. આ અતાયાએ નબ્વિયાના ફત્વા ઉપર બીજીવાર વિચાર કરવા તથા નઝર કરવાનો પહેલો મોકો હતો જે ફરી ફરીને ત્યાં જ પહોંચ્યો જ્યાંથી પ્રારંભ થયો હતો.

## :: ચર્ચા વિચારણાનો બીજો પ્રસંગ ::

મજલિસે શરઈ મુબારકપુરે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલી શરીફના નક્શે કદમ પર ચાલીને તેના પહેલા સેમીનારની બહષો તથા મક઼ાલાઓના આધારે ક઼લામે રઝાને સમજવાની કોશિશ કરી. અને એ ન ક્કી કર્યું કે ખૂદ "કલામે રઝા" દ્વારા જ આજના બદલાયેલ હાલાતમાં જાઈઝ હોવાનો કોઈ માર્ગ નીકળી શકે તો તેને અપનાવવામાં આવે, નહીં તો અમલનો જે માર્ગ નક્કી થઈ ચૂક્યો છે તેનાથી રજમાત્ર પણ આમ તેમ ન થઈએ.

મજલિસે શરઈ "કલામે રઝા"ને ખુદ કલામે રઝાથી જ સમજવાને પ્રાથમિક્તા આપે છે તેને અહીંયાં પણ યથાવત રાખ્યું જેમ કે નિમ્ન લખાણથી આપને અંદાજો થઈ જશે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ શબ્દોને ધ્યાનથી પઢો :–

"અંગ્રેજોના ખાવા વગેરે માટે (રેલ) રોકવામાં આવે છે અને નમાઝ માટે નહીં તો (આ) બંદાનું નમાઝથી રોકવું થયું."

બંદાનું નમાઝથી રોકવું ક્યારે સાબિત થશે ? તેના માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બે શરતો વર્ણન કરી છે :–

૧. અંગ્રેજોના ખાવા વગેરે માટે રેલનું રોકવામાં આવવું.

૨. નમાઝ માટે ન રોકવામાં આવવું.

તેનાથી સ્પષ્ટ જાહેર છે કે જ્યારે આ બે શરતો પામવામાં આવશે તો "બંદાનું પોતાના ઈખ્તિયાર દ્વારા નમાઝથી રોકવું" પામી લેવામાં આવશે. અને જ્યારે ઉપરોક્ત બંને શરતો ઉપ્લબધ ન થાય. "ન અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકવું, ન નમાઝ માટે રોકવું" તો બંદાનું પોતાના ઈખ્તિયાર દ્વારા નમાઝથી રોકવું, સાબિત નહીં થાય. આ અમારા તરફથી કોઈ વાત નથી બલ્કે ખૂદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના જામેઅ કલામનો અર્થ તથા ભાવાર્થ છે.

અને આજના બદલાયેલા સંજોગોમાં વીસ બાવીસ વર્ષથી રેલ ન તો અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકવામાં આવે છે, ન તો કોઈ અન્ય ધર્મના મુસાફરોના ખાવા વગેરે માટે રોકવામાં આવે છે, અને ન તો નમાઝ માટે રોકવામાં આવે છે. **આ વાત દરેક વ્યક્તિ સ્પષ્ટ રીતે જાણે છે.** અને લોકોનો અનુભવ તથા મુશાહિદો પણ છે, જેનાથી કોઈ પણ દૃષ્ટિ ધરાવનાર ન્યાયપ્રિયને વિરોધ નહીં હોય.

જેથી ખુદ સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામથી સાબિત થયું કે આજના જમાનામાં ટ્રેનમાં નમાઝથી બંદાના પોતાના ઈખ્તિયાર દ્વારા રોકવું પામી લેવામાં આવશે નહીં. આ એક સ્પષ્ટ સીધો અર્થ છે જે કલામે રઝા દ્વારા સાફ સાફ સમજી શકાય છે.

અને જ્યારે "બંદાનું નમાઝથી રોકવું" ન હોય તો ચાલતી સવારી પર જે નમાઝ પઢવામાં આવે તેને દોહરાવવાની જરૂરત નથી હોતી.

અહીંયાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એકી સાથે બે વાતોને વર્ણવી છે. તેમાંથી એક વાત તો સ્પષ્ટ શબ્દોમાં જાહેર છે અને બીજી વાત ગુપ્ત, શબ્દોમાં ગેર જાહેર છે. અને તે છે કલામનો વિરોધાર્થ.

૧. સ્પષ્ટ શબ્દોમાં જાહેર વાત : તો એ છે કે જ્યારે ઉપરોક્ત બે શરતો પામી લેવામાં આવશે તો "બંદાનું નમાઝથી રોકવું" પણ પામી લેવામાં આવશે અને પઢેલી નમાઝ દોહરાવવી પડશે.

૨. વિરોધાર્થ : એ છે કે જ્યારે ઉપરોક્ત બે શરતો પામી લેવામાં ન આવે તો "બંદાનું નમાઝથી રોકવું" પણ પામવામાં આવશે નહીં. અને પઢેલી નમાઝને દોહરાવાની જરૂર નહીં પડે.

અને ફુક઼હા તથા ઈમામોના કલામમાં વિરોધાર્થ

પણ દલીલ તથા પુરાવો છે. કેટલાય ઠેકાણે પોતે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તેને (વિરોધ અર્થ મુરાદ લેવાને) સાફ સાફ વર્ણન કર્યું છે. જેમ કે આપનું એક લખાણ છે :–

''કલામે સહાબા તથા બાદના ઓલમાના કલામમાં મફહૂમે મુખાલિફ (વિરોધાર્થ મુરાદ લેવો) વિના કોઈ વિરોધે મોઅતબર તથા સ્વીકાર્ય છે. જેમ કે તેહરીરુલ ઉસૂલ તથા નહરે ફાઈક઼ તેમજ દુર્રે મુખ્તાર વગેરે કિતાબોમાં તેની સ્પષ્ટતા છે. અને મેં પોતાના રિસાલા ''અબ્ કતૂફુદ્દાનિયહ''માં તે કિતાબોની ઈબારતો નક઼લ કરી છે.'' *(અરબી લખાણના તર્જુમા સાથે, ફતાવા રઝવિય્યહ્, ૨/૩૯૫)*

અને એ વાત પણ નિશ્ચિત છે કે જ્યારે કોઈ શરત ન રહે તો તેના પર (તે શરત પર) આધારિત હુકમ પણ બાકી નથી રહેતો અને અહીયાં એ જ પ્રમાણે છે કે સંજોગોના બદલાય જવાથી શરત જ બાકી ન રહી. જેનું ઉદાહરણ ઈલેકટ્રિક પંખા તથા લાઈટોનો ઉપયોગ છે જેનું વર્ણન થઈ ચૂક્યું છે.

સહાબાએ કિરામ તથા બાદના ઓલમાના કલામમાં ''વિરોધાર્થ'' (મફહૂમે મુખાલિફ) વડે પુરાવો તથા દલીલ પૂરી પાડવી બરાબર એક હુજ્જત રહ્યું છે. અને તેને સહાબા તથા ઓલમાના કલામ દ્વારા જ પુરવાર તથા સાબિત કરવું ગણવામાં આવતું રહ્યું છે. તો આજે જો ફક઼ીહે બેમિસાલ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામના વિરોધાર્થ દ્વારા દલીલ તથા પુરાવો આપવામાં આવે છે તો તે પણ કલામે રઝા દ્વારા જ ઈસ્તિદલાલ તથા પુરવાર કરવું કહેવાય. તેને ''ઈખ્તિલાફ'' કહેવું ફક઼ીહોની શાનથી દૂર છે.

હા ! એ સહી છે કે ટ્રેનો પર ચઢવા, ઉતરવાનો તરીક઼ો નથી બદલાયો પરંતુ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ વાત પર (ટ્રેનો પર ચઢવા, ઉતરવાના) હુકમને આધારિત પણ નથી કર્યો. આપે હુકમનો આધાર તેના સિવાયની બે શરતો પર રાખ્યો છે. જેમ કે ઉપર વર્ણન થયું.

હવે રહી એ વાત કે : ''ટ્રેનોનું રોકાવું, ચાલવું બંદાના ઈખ્તિયાર (મરજી)થી છે.''

તે સહી છે. ડ્રાઈવર ક઼ાનૂન મુજબ રેલ ચલાવે તથા રોકે છે. પરંતુ ક઼ાનૂન વિરુદ્ધ રેલ ચલાવવી, રોકવી, શરઅન તેના ઈખ્તિયારમાં નથી. કેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં હુકૂમતના ક઼ાનૂન (નિયમ)ની વિરુદ્ધ કરવાને નાજાઈઝ તથા ગુનોહ બતાવ્યું છે. ત્યાર બાદ ક઼ાનૂન વિરુદ્ધ રેલ ચલાવવા, રોકાવાથી દિલમાં જે ખૌફ પેદા થશે તે અલ્લાહ તઆલા તરફથી હોય છે. જેમ કે ફતાવા રઝવિય્યહમાં તેની પણ સ્પષ્ટતા છે.

આપણા ફુક઼હાએ કિરામ સારી રીતે એ વાતને જાણે છે કે બે મસ્અલાઓ જાહેરમાં એક જ પ્રકારના હોય છે પરંતુ કોઈ બારીક ફર્કના કારણે તેના હુકમો અલગ અલગ થઈ જાય છે. આવા મસાઈલ ''હિદાયા''માં કેટલાયે છે અને ''અલ અશ્બાહ વન્નાઈઝાર''માં તો આવા જ મસાઈલને સમજાવવા માટે મુહક્કિક઼ ઈબ્ને નુજૈમ رحمۃ اللہ علیہએ ''ફન્ને જમઅ્ વ ફરક઼''નું ટાઈટલ આપીને ઘણી તફસીલની સાથે ફિક઼્હી મસાઈલને બયાન કર્યા છે. બલ્કે હક઼ીક઼તમાં આવા જ મસાઈલને ''અશ્બાહ વન્નઝાઈર'' કહેવામાં આવે છે. અહીંયાં બંદાના ઈખ્તિયારમાં હોવા, ન હોવાનો મસ્અલો પણ એ જ મસાઈલે અશ્બાહ વન્નઝાઈરમાંથી છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના દૌરમાં પણ બંદો રેલને ચલાવતો, રોકતો હતો અને આજના દૌરમાં પણ બંદો ચલાવે તથા રોકે છે. પરંતુ સમાનતા હોવા છતાં બંનેના હુકમોમાં ફર્ક છે. એક સદી પહેલાં રેલવે વ્યવસ્થા પ્રાઈવેટ કંપનીઓના હાથમાં હતી તે નમાઝ માટે રેલ રોકી શકતી હતી, જેમ કે અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકતી હતી. અને તે કંપનીઓ કોઈ ક઼ાનૂનના

દબાવના કારણે મજબૂર, લાચાર ન હતી. જ્યારે કે આજે રેલ્વે વ્યવસ્થા હુકૂમત (ગવર્નમેન્ટ)ના કબ્જામાં છે. અને પોતે સરકારી લોકો રેલના નિયમો લાગુ થઈ ગયા બાદ કાનૂની દબાવના કારણે મજબૂર છે.

ખૂદ ફતાવા રઝવિય્યહમાં આ પ્રકારના કેટલાયે મસાઈલ છે. અહીયાં ખાસ કરીને બે મસ્અલા એવા રજૂ કરવામાં આવે છે જેમાં "રોકવું" જાહેરમાં તે બંદા તરફથી છે પરંતુ આપે સ્પષ્ટતા કરી છે કે એક મસ્અલામાં ઉઝર (વાંધો) બંદા તરફથી અને બીજામાં ઉઝર (વાંધો, કારણ) સમાવી (આસ્માની) છે.

ફતાવા રઝવિય્યહ, ૧/૬૧૪માં રિસાલા "હુસ્નુત્તઅમ્મુમ"માં છે :–

૧. રેલમાં છે અને તે ડબ્બામાં પાણી નથી અને દરવાજો બંધ છે તો તયમ્મુમ કરે. પરંતુ જ્યારે પાણી પામે તો વુઝૂ કરીને નમાઝ દોહરાવે. કેમ કે રોકવું (વાંધો) બંદા તરફથી છે.

૨. અને જો (રેલથી) ઉતરીને પાણી લાવવામાં માલ જવાનો ભય હોય તો દોહરાવી પણ નહીં પડે. અને જો (ઉતરીને પાણી લાવવામાં) રેલ છૂટી જવાનો ભય હોય તો પણ તયમ્મુમ કરે અને દોહરાવે. ન આ તે મસ્અલાના હુકમમાં છે કે પાણી (એક) માઈલથી ઓછા (અંતરે) છે પરંતુ એટલું દૂર છે કે જો ત્યાં જાય તો કાફલો નીકળી જશે અને તેની નજરોથી ઓજલ થઈ જશે.

**હું કહું છું** : અથવા ભલે હજુ નજરોથી ઓજલ નહીં થાય પરંતુ એટલો કમજોર છે કે (કાફલાથી) મળી શકશે નહીં.

**"قال فی البحر : عن ابی یوسف : إذا كان بحيث لو ذهب إليه وتوضأ تذهب القافلة وتغيب عن بصره فهو بعيد ويجوز له التيمم واستحسن المشايخ هذه الرواية، كذا فی التجنيث۔اه۔"**

બહરુર્રાઈકમાં છે કે ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે જ્યારે પાણી એટલી દૂરી પર હોય કે ત્યાં જઈને વુઝૂ કરે તો કાફલો ચાલતાં ચાલતાં નિગાહોથી ઓજલ થઈ જશે તો તે પાણી દૂર ગણવામાં આવશે અને તેના માટે તયમ્મુમ જાઈઝ થઈ જશે. મશાઈખે આ રિવાયતને મુસ્તહસન ઠરાવી છે અને એ જ પ્રમાણે "તજનીસ"માં છે.

આ મસાઈલની રોશનીમાં રેલના આ મસ્અલાને સમજી શકાય છે.

*અંદાઝે બયાં ગરચે બહુત શોખ નહીં હૈ*
*શાયદ કે તેરે દિલમેં ઉતર જાએ મેરી બાત*

જેમ કે રિસાલતકાળથી લઈને આજ સુધી સેંકડો મસાઈલમાં સમય સંજોગોના બદલાવાથી હુકમોમાં પરિવર્તન થયું છે, તો પણ તે સાહિબે મઝહબની પેરવી ગણાય છે, બરાબર **એ જ પ્રમાણે ચાલતી ટ્રેનમાં નમાઝનો મસઅલો પણ સ્થિતિના બદલાય જવાથી બદલાય ગયો છે.** અને તે પણ સાહિબે મઝહબની જ પૈરવી તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઈત્તેબાઅ છે. ...........*(ક્રમશઃ)*

**ઈદ કે દિન યહ બાતેં મુસ્તહબ હૈં** : હજામત બનવાના, નાખુન કાટના, ગુસ્લ કરના, મિસ્વાક કરના, અચ્છે કપળે પહનના (નયા હો તો નયા વરના સાફ સુથરા ધુલા હુઆ) અમામા બાંધના, અંગૂઠી પહનના, ખુશ્બૂ લગાના, સુબ્હ કી નમાઝ મોહલ્લે કી મસ્જિદ મેં પળ્હના, ઈદગાહ જલ્દ જાના, નમાઝ સે પહલે સદકએ ફિત્ર અદા કરના, ઈદગાહ કો પૈદલ જાના, દૂસરે રાસ્તે સે વાપસ આના, નમાઝ કો જાને સે પહલે ચંદ ખજૂરેં ખા લેના, તીન પાંચ યા સાત યા કમો–બેશ તાક અદદ મેં હોં. ખજૂરેં ન હોં તો કુછ મીઠી ચીઝ ખા લે.

ખુશી ઝાહિર કરના, કષરત સે સદકા દેના, ઈદગાહ કો ઈત્મિનાન વ વકાર સે ઔર નીચી નિગાહ કિયે જાના, આપસ મેં મુબારકબાદ દેના, યહ સબ બાતેં ઈદ કે દિન મુસ્તહબ હૈં.

–*(બરકાતે શરીઅત ગુજરાતી, ભાગ : ૧, પેજ : ૨૩૬)*

# વારસાની વહેંચણીમાં સૌને પૂરો હક્ક઼ આપો !

-:: રજૂકર્તા ::-
હાફેઝ અબ્દુર્રહમાન હાફેઝ દાઊદ પટેલ
(મુતઅલ્લિમ જામિઆ અશરફિયા–મુબારકપુર)

## વારસાની વહેંચણીનું મહત્વ, જરૂરત, જાહિલાના રસ્મો, ખામીઓ અને ઈલાજ

ઈસ્લામ કુદરતનો ધર્મ છે. એટલા માટે તેણે માણસને ફક્ત હલાલ તરીક઼ાથી કમાવાની ઈજાઝત નથી આપી બલ્કે તેની તરફ કાયદેસર ધ્યાન દોર્યું, માલ કમાવાના હલાલ રસ્તા બતાવ્યા, તેના એહકામની સ્પષ્ટતા કરી, હરામ તરીક઼ાઓ દર્શાવ્યા, પછી હલાલ તથા હરામની બધી વિગતો દર્શાવ્યા બાદ હલાલ માલ વિશેના વાજિબ તથા નફ્લ હક્ક઼ો બતાવ્યા, માલ સંબંધી બંદાઓના તથા ખુદાના હક્ક઼ો સ્પષ્ટ કર્યા, અને હક્ક઼ની અદાયગીનો હુકમ આપ્યો. આજનો માણસ જે શિષ્ટાચારી અને રોશન ખયાલ (બુધ્ધિમાન) હોવાનો દાવેદાર છે, ભૌતિક પ્રગતિમાં જમીનને વેર વિખેર કર્યા બાદ આક઼ાશ પર કબ્જાનાં સ્વપ્નો જોઈ રહ્યો છે ! પણ હક઼ીક઼ત એ છે કે જેટલો વધુ દુનિયાની ઉપર કબજો જમાવી રહ્યો છે માણસ તેટલો જ જહાલતના સમયથી નજીક થતો (અધોગતિમાં) જઈ રહ્યો છે, જાહિલિયતના રસ્મો રિવાજને રોશન ખયાલી અને પ્રગતિનું કપડુ ઓઢાડી અપનાવવામાં આવી રહ્યા છે. જાહિલિયતના સમયમાં લોકો જે રીતે કુફ્રો શિર્કમાં ડૂબેલા હતા, જાત જાતની જાલિમાના રસ્મોનો રિવાજ હતો, ગુલામો પર નિરર્થક જુલ્મ કરવો, બાળકીઓને જીવતી દફનાવવી, યતીમો અને બેવાઓનો માલ હડપ કરી જવો અને સ્ત્રીઓને તેમના જાઈઝ હક્ક઼ોથી વંચિત રાખવી સામાન્ય વાત હતી, એ જ પ્રમાણે તે સમયે આજના નવયુગની જેમ એનો પણ રિવાજ હતો કે મૃત્યુ પામનારનો માલ ફક્ત અને ફક્ત તે પુરુષો લેતા હતા જે યુધ્ધ કરવાના લાયક હોય, બાકીના વારસદારો, યતીમ બાળકો, સ્ત્રીઓ, રડતાં કકડતાં રહી જતાં, તેમના મજબૂત અને તાક઼તવર કાકા અને ભાઈઓ તેમની આંખો સમક્ષ બધા જ માલ સામાન પર કબ્જો કરી લેતા હતા.

હુઝૂર અક઼રમ ﷺની પેદાઈશથી જેવી રીતે કુફ્ર તથા શિર્ક ખતમ થયું અને બીજી ગલત રસ્મોની સુધારણા થઈ, તેવી જ રીતે યતીમોના માલ, અને સ્ત્રીઓના હક્ક઼ો તથા વારસા વિશે પણ વિગતવાર એહકામ નાઝિલ થયા અને માણસોની દુનિયા જાહિલિયતની સંસ્કૃતિથી નીકળીને ઈસ્લામના પવિત્ર સમાજમાં જીવન પસાર કરવા લાગી.

## જાહિલિયતના સમયમાં વારસાની વહેંચણી

જાહિલિયતના સમયમાં જે કારણોસર વ્યક્તિને વારસો મળતો હતો તેમાં એક સબબ વંશ હતો, તો બીજો ક઼રાર (એટલે એકબીજાને સુખ દુ:ખમાં મદદ કરીશુ, એક મરશે બીજો તેનો વારસદાર થશે, એ વાતનો ક઼રાર થતો). ત્રીજો સબબ દત્તક (એટલે મોં બોલેલો પુત્ર) વારસદાર થતો. આ સિવાય શરૂ ઈસ્લામમાં ભાઈચારા અને હિજરતના લીધે પણ વારસામાં ભાગ હતો જે હક઼ીક઼તમાં ક઼રારનો જ એક પ્રકાર હતો.

## વસિય્યતનો હુકમ તથા તેનું મહત્વ

અલ્લાહની ઝાત હકીમો અલીમ છે. અલ્લાહ તઆલા પોતાની મખ્લૂક઼ની હાલતથી પૂર્ણ રીતે બાખબર છે એટલા માટે પોતાની હિકમત મુજબ જાહિલિયતની રસ્મોની સુધારણા વિશે તેણે ધીરે ધીરે એહક઼ામ નાઝિલ ફર્માવ્યા. આ અંગે સૌ પ્રથમ એ

હુકમ નાઝિલ ફર્માવ્યો કે દરેક વ્યક્તિ મૃત્યુ પહેલાં પોતાના મા, બાપ અને નજીકના સગાંઓ માટે, પોતાની રાયથી યોગ્ય વસિય્યત કરે. જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

كُتِبَ عَلَيْكُمْ اِذَا حَضَرَ اَحَدَ كُمُ الْمَوْتُ اِنْ تَرَكَ خَيْرَانِ الْوَصِيَّةُ لِلْوَ الِدَيْنِ وَالْاَقْرَبِيْنَ بِالْمَعْرُوْفِ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ

"તમારા પર ફર્ઝ થયું કે જ્યારે તમારામાં કોઈનું મૃત્યુ થાય, જો કાંઈક માલ છોડે તો વસિયત કરી જાય પોતાનાં મા બાપ અને નજીકનાં સગાંઓના માટે દસ્તૂર પ્રમાણે."*(સૂ. બક઼રહ–૧૮૦)*

શરૂ ઈસ્લામમાં જ્યાં સુધી વારસાના ભાગ નક્કી થયા ન હતા, હુકમ એ હતો કે વારસાના ત્રીજા ભાગ સુધી મૃત્યુ પામનાર પોતાનાં માતા પિતા અને બીજા સગાંઓને જેટલું યોગ્ય લાગે બતાવી દે. આટલો તો તે લોકોનો હક઼ હતો, બાકી જે વધતુ તે ઔલાદનો હક્ક઼ રહેતો. આ આયતમાં વસિય્યતના હુકમનું વર્ણન છે. આ હુકમના ત્રણ ભાગો હતા : **૧.** ઔલાદ સિવાય બીજા વારસના હિસ્સા અને હક્કો ફિક્સ ન હોવા. **૨.** આવા સગાઓ માટે વસિય્યતનું વાજિબ હોવું. **૩.** ત્રીજા ભાગથી વધુની વસિય્યત માટે પરવાનગી ન હોવી. તો પ્રથમ ભાગ તો વારસાની આયતથી મન્સૂખ છે, બીજો હદીષથી મન્સૂખ છે કે જેના પર ઈજમાઅ્ છે કે મન્સૂખ છે. અને વાજિબ હોવાના સાથો સાથ જાઈઝ હોવુ પણ મન્સૂખ ગયું, એટલે શરઈ વારસદાર માટે માલની વસિયત હોવી જરૂરી નથી. ત્રીજો ભાગ હજુ પણ બાકી છે, ત્રીજા ભાગથી વધુમાં બાલિગ વારસદારોની રજા વગર વસિય્યત બાતિલ છે, એટલે રદ થશે.

વસિય્યત વિશે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "કદી પણ મુસલમાન પાસે કોઈ વસ્તુ હોય જેની વસિય્યત કરવી હોય તો તેના માટે યોગ્ય નથી કે બે રાત્રીઓ પસાર થઈ જાય અને તેની વસિય્યત તેની પાસે લખેલી ન હોય. *(સહીહ બુખારી, હદીષ : ૨૫૮૭)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલૂલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જે વ્યક્તિને વસિય્યત પર મોત આવી (એટલે વસિય્યત કરીને મર્યો) તે સીધા રસ્તે અને સુન્નત પર મર્યો અને તક઼વા તથા શહાદત પર મર્યો અને બખ્શાયેલો થઈ મર્યો." *(સુનને ઈબ્ને માજહ, હદીષ : ૨૭૦૧)*

વસિય્યત વિશે ધીરે ધીરે એહકામ નાઝિલ થયા. તેના પર અમલ થતો ગયો તો પછી વારસાના એહકામ ધીરે ધીરે નાઝિલ થયા. આ વિશે સૌ પ્રથમ એ હુકમ નાઝિલ થયો કે વારસો જે રીતે પુરૂષોનો હક઼ છે તે રીતે સ્ત્રીઓનો પણ હક઼ છે, જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "મર્દો માટે હિસ્સો છે એમાંથી જે છોડી ગયાં મા બાપ અને સગાં અને સ્ત્રીઓ માટે હિસ્સો છે એમાંથી જે છોડી ગયાં મા બાપ તથા સગાં વારસો, થોડો હોય કે વધારે, હિસ્સો છે અંદાજો બાંધેલો." *(સૂ. નિસાઅ–૭)*

આ આયતના નાઝિલ થવાનું બેકગ્રાઉન્ડ આ રીતે છે કે તફસીરે કુર્તુબીમાં છે કે હઝરત ઔસ બિન ષાબિત رضی اللہ عنہનો ઈન્તેક઼ાલ થયો તો બાકી રહેનારાઓમાં પત્ની ઉમ્મે કજ્જા અને ત્રણ પુત્રીઓ હતી, હઝરત ઔસ બિન ષાબિતના પિતરાઈ ભાઈ સુવૈદ અને અર્ફજા જે એમના વસી (જેને વસિય્યત કરવામાં આવે) પણ હતા, તેમણે બધો માલ જાતે લઈ લીધો અને ઉમ્મે કજ્જા તથા હઝરત ઔસ બિન ષાબિતની પુત્રીઓને મિલ્કતમાં હિસ્સાથી વંચિત કરી દીધી.

મઝલૂમોની પનાહગાહ હુઝૂરે અક઼દસ ﷺ સિવાય કોણ હતુ ! જેથી ઉમ્મે કજ્જા હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયાં અને આખો પ્રસંગ રજૂ કર્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, પોતાના મકાનમાં પાછી જતી રહો આજે જ્યાં સુધી અલ્લાહનો કોઈ ફેંસલો ન આવે ત્યાં સુધી સબ્ર કરો. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ ઉપરોક્ત આયત નાઝિલ ફર્માવી. અલ્લાહ તઆલાએ સંક્ષિપ્ત રીતે આ આયતમાં જહાલતના

સમયના તે કાર્યનો રદ કર્યો અને વારસામાં સ્ત્રીઓનો હિસ્સો હોવાનો હુકમ પણ ઈર્શાદ ફર્માવ્યો કે **વારસો ફક્ત પુરૂષોનો હક્ નથી બલ્કે તેમાં સ્ત્રીઓનો પણ હક્ક્ છે.** આ આયતના નાઝિલ થવા પર હુઝૂર ﷺએ સુવૈદ અને અર્ફજાને હુકમ આપ્યો કે અલ્લાહ તઆલાએ વારસામાં સ્ત્રીઓનો પણ હિસ્સો નક્કી કર્યો છે એટલા માટે તમે હઝરત ઔસ બિન ષાબિતનો માલ સાચવીને રાખજો, તેમાથી કાંઈ ખર્ચ ન કરશો.

તફસીરે મઝહરીમાં છે કે આ પ્રસંગને વધુ દિવસો ન થયા હતા અને સ્ત્રીઓનો હિસ્સો હજુ વિગતવાર બયાન કરવામાં આવ્યો ન હતો કે બીજો પ્રસંગ બન્યો. ત્રણ હિજરી ઓહદની જંગમાં ટોચના સહાબી સઅ્દ બિન રબીઅ્ અન્સારી رضی اللہ عنہ શહીદ થયા, તેમની શહાદત પર રિવાજ પ્રમાણે ભાઈઓએ બધી માલ મિલ્કત પર કબ્જો કરી લીધો અને તેમની પત્ની તથા બે પુત્રીઓને વારસાથી વંચિત રાખી. હઝરત સઅ્દની પત્નીએ હુઝૂર ﷺની બારગાહમાં આવીને પ્રસંગ બયાન કર્યો કે બધો માલ તેમના કાકાએ લઈ લીધો છે. હુઝૂર ﷺએ તેમને પણ એ કહીને પરત કરી દીધાં કે સબ્ર કરો જલ્દી જ અલ્લાહ તઆલા આ વિશે કોઈ ફૈંસલો ફર્માવશે.

## વારસાના વિગતવાર એહકામ

તફસીરે કુર્તુબી, મઝહરી અને રૂહુલ મઆનીમાં છે કે આ પ્રસંગ બાદ અલ્લાહ તઆલાએ સ્ત્રીઓ અને પુત્રીઓનો હિસ્સો બયાન કરવા માટે આ આયત નાઝિલ ફર્માવી : ''અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં પુત્રનો હિસ્સો બે પુત્રીઓ જેટલો. પછી જો એકલી પુત્રીઓ હોય ભલે બેથી ઉપર તો તેમને વારસાનો ૨/૩ ભાગ. અને જો એક પુત્રી છે તો તેનું અડધુ. અને મૈયતના મા બાપને દરેકને તેના વારસામાંથી છઠ્ઠો જો મૈયતને ઔલાદ હોય. વળી જો તેને ઔલાદ ન હોય અને માબાપ છોડયાં તો માનો ત્રીજો ભાગ, વળી જો તેને કેટલાયે બહેન ભાઈ હોય તો માંનો છઠ્ઠો. તે વસિયત પછી જે કરી ગયો, અને કરજના. તમારા બાપ અને તમારા પુત્રો તમે શું જાણો કે એમાં કોણ તમને વધારે કામ આવશે. આ હિસ્સા બાંધેલો છે અલ્લાહના તરફથી. બેશક ! અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે.'' *(સૂ. નિસાઅ–૧૧)*

આ આયતે મુબારકામાં અલ્લાહ તઆલાએ મા બાપને સ્પષ્ટ હુકમ આપ્યો છે કે જે રીતે વારસામાં પુત્રોનો હક્ક્ છે, એ જ રીતે પુત્રીઓનો પણ હક્ક્ છે. આ આયત નાઝિલ થવા પર હુઝૂર ﷺએ હઝરત સઅ્દના ભાઈને કહેડાવ્યું કે પોતાના માલમાંથી ૨/૩ (બે તૃત્યાંશ) પુત્રીઓને અને આઠમો હિસ્સો તેમની બેવાને આપો અને બાકી માલ તમારો છે. ઈસ્લામના વારસાના કાયદા પ્રમાણે સૌ પ્રથમ હઝરત સઅ્દ رضی اللہ عنہનો વારસો વહેંચાયો.

## જીવનમાં માલ મિલ્કતની વહેંચણી

અમુક લોકો પોતાની હયાતીમાં જ પોતાની માલ મિલ્કત ઔલાદ અને સગાં વહાલામાં વહેંચી દે છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે ફક્ત પુત્રોને ભાગ આપવામાં આવે છે અને પુત્રીઓ તથા પત્નીને વંચિત કરી નાખવામાં આવે છે, જયારે અમુક પુત્રીઓને હજ કરાવવાની લાલચ આપી હિસ્સાથી વંચિત રાખે છે. એ લોકોને તંદુરસ્તીની હાલતમાં ભલે ફેરબદલનો સંપૂર્ણ અધિકાર છે પણ યાદ રાખશો કે તેમનું આ કાર્ય ઈસ્લામી તાલીમાત અને તેની રૂહના વિરૂધ્ધ છે. જેમ કે બુખારી અને મુસ્લિમે હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત નક્લ કરી છે. તે કહે છે કે હુઝૂર ﷺ અને હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ બનૂ સલ્મામાં મારી ખબર લેવા આવ્યા, હું બેહોશ હતો. હૂઝૂર ﷺએ પાણી મંગાવ્યું, વુઝૂ કર્યું અને થોડા છાંટા મારા પર માર્યા તો મને હોશ આવ્યો. મેં પૂછયું, હું મારો માલ લઈ કઈ રીતે વહેચું ?

તિર્મિઝી શરીફની રિવાયતના આ શબ્દો છે :

? كيف اقسم مالى بين ولدى હું મારી ઔલાદ દરમિયાન પોતાનો માલ કેવી રીતે વહેંચું? તે સમયે આ આયત નાઝિલ થઈ : يوصيكم الله فى اولادكم "અલ્લાહ તમને હુકમ આપે છે ઔલાદના બારામાં." *(સહીહ બુખારી, હદીષ : ૪૫૭૭, મુસ્લિમ, હદીષ : ૪૨૩૧)*

મિશ્કાત શરીફની એક સહીહ હદીષમાં આવ્યું છે કે, "અમુક લોકો આખી જિંદગી ખુદાના આજ્ઞાપાલનમાં રહે છે પણ મૃત્યુના સમયે વારસદારોને નુકસાન પહોંચાડે છે, એટલે કે કોઈ શરઈ મજબૂરી કે કારણ વગર કોઈ બહાનાથી કયાં તો હકદારોનો હિસ્સો ઓછો કરી દે છે, કયાં તો પૂરા હિસ્સાથી વંચિત કરી દે છે, એવી વ્યક્તિને અલ્લાહ તઆલા સીધો જહન્નમમાં પહોંચાડી દે છે."

વારસા વિશે અલ્લાહ તઆલાના આ એક હુકમ બાબતે હીલા બહાનાથી કામ લેનારની આખા જીવનની ઈબાદતો, નમાઝ, રોઝા, હજ, ઝકાત, તબ્લીગ અને બીજા અમલો બર્બાદ થવાની સખત સંભાવના બલ્કે આવા વ્યક્તિ વિશે જહન્નમની સખત ચેતવણી પણ આવેલી છે.

સુનને સઈદ બિન મન્સૂરની રિવાયતમાં હુઝૂર ﷺનો ઈર્શાદ આ શબ્દોમાં વર્ણન થયેલ છે : **જે વ્યક્તિ પોતાના માલમાંથી અલ્લાહ તઆલા તરફથી નક્કી કરેલ વારસદારને વંચિત કરે અલ્લાહ તઆલા તેને જન્નતથી વંચિત કરી દે છે.** *(૨૫૮)*

**વિચારવાનો મકામ** : તમે અલ્લાહ તઆલાના આ ઈર્શાદ પર ધ્યાન આપો للذكر مثل حظ الا نثيين એટલે પુત્રને બે પુત્રીઓ જેટલો ભાગ મળશે. અલ્લાહ તઆલાએ للا نثيين مثل حظ الذكر ફર્માવ્યું કે બે પુત્રીઓને એક પુત્ર જેટલો હિસ્સો મળશે. અલ્લામા આલૂસીએ રૂહુલ મઆનીમાં લખ્યું છે કે અલ્લાહ તઆલાએ للذكر مثل حظ الانثيين ફર્માવ્યું, એનું કારણ એ છે કે અરબવાળા ફક્ત પુત્રોને હિસ્સો આપ્યા કરતા હતા, પુત્રીઓને આપતા ન હતા, તેમની આ બુરી આદતના રદ અને પુત્રીઓ પ્રત્યે મહત્વ દર્શાવવા માટે ફર્માવ્યું કે પુત્રને બે પુત્રીઓ જેટલો ભાગ મળ શે. જાણે કે એમ ફર્માવ્યું કે ફક્ત પુત્રોને હિસ્સો આપો છો, અમે તેમનો હિસ્સો ડબલ કરી દીધો છે પુત્રીઓની સરખામણીમાં, પરંતુ પુત્રીઓને પણ હિસ્સો આપવો પડશે, તેમને સંપૂર્ણ રીતે વારસાથી વંચિત રાખવામાં નહીં આવે.

ઈમામ કુર્તુબી આ આયત વિશે અહકામુલ કુર્આનમાં ફર્માવે છે :–

هذه الآية ركن من اركان الدين، وعمدة من عمد الدين، وام من امّهات الآيات، فان الفر ائض عظيمة القدر، حتى انهاثلث العلم

આ આયતે કરીમા يوصيكم الله فى او لادكم અરકાને દીનમાંથી છે અને દીનના મહત્વના સ્તંભોમાંથી છે અને ઉમ્મહાતે આયાતમાંથી છે, એટલા માટે કે વારસાનો ઘણો મોટો દરજ્જો છે, ત્યાં સુધી કે એ ત્રીજા ભાગનો ઈલ્મ છે.

આ આયતે કરીમામાં વારસાના એહકામ બયાન કર્યા બાદ તેના અંતે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું : تلك حدود الله એટલે આ વારસાના એહકામ અલ્લાહ તઆલાએ બયાન ફર્માવેલી હદો છે. આ હદો પર અમલ કરનારાઓ માટે ઈનામ રૂપે ફર્માવ્યું :–

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ

"આ અલ્લાહની હદો છે, અને જે હુકમ માને અલ્લાહ અને અલ્લાહના રસૂલનો તેને અલ્લાહ બાગોમાં લઈ જશે જેની નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહેશે અને આ જ છે મહાન કામયાબી." *(સૂ. નિસાઅ–૧૩)*

વારસા બાબતે બયાન થયેલા હુકમો પર અમલ ન કરનારાઓ માટે આગ અને બેઈઝ્ઝતીનો અઝાબ હશે. ઈર્શાદ ખુદાવંદી છે :–

وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ يُدْخِلْهُ نَارًا خَالِدًا فِيْهَا وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ

''અને જે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરે અને તેની કુલ હદોથી વધી જાય, અલ્લાહ તેને આગમાં દાખલ કરશે જેમાં હમેશાં રહેશે અને તેના માટે ખુવારીનો અઝાબ છે.'' *(સૂ. નિસાઅ–૧૪)*

## જાહિલો જેવી કાર્યપધ્ધતિ

પુત્રને હિસ્સો આપી પુત્રીઓને વંચિત રાખવી અથવા ભાઈ કે કાકા વગેરેનું પોતે લઈ સ્ત્રીઓને વંચિત રાખવું **આ જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ના સમયના કાફિરોનો અમલ છે.** અલ્લાહ તઆલાના સ્પષ્ટ અને વિગતવાર હુકમને પીઠ પાછળ નાખી એક કાફિરોની રસ્મ પર અમલ કરવો કોઈ નજીવી ભૂલ નથી બલ્કે મોટી બગાવત અને ઉચ્ચ દરજ્જાનો ગુનોહ છે બલ્કે કુફ્ર સુધી પહોંચી જવાનો ભય છે !

## ઈલ્મે મીરાષનું (વારસાનું) મહત્વ અને ફઝીલત

આજે આપણે જેવી રીતે શરીઅતના બીજા ઈલ્મો પ્રત્યે ગફલતથી કામ લીધું છે તેવી જ રીતે ઈલ્મે મીરાષથી પબ્લિક તો પબ્લિક ખાસ લોકો પણ બેખબર છે. યાદ રાખશો કે મીરાષના જ્ઞાનની શરીઅતમાં ફકત માગ જ નહીં બલ્કે તેનું ઘણુ મહત્વ પણ છે. હુઝૂર ﷺએ આને અડધુ જ્ઞાન દર્શાવ્યું છે. દારે કુત્નીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : ''હે લોકો ! મીરાષ (વારસા)નું જ્ઞાન શીખો. બેશક ! તે જ્ઞાનનો અડધો ભાગ છે અને તે (વારસાનો ઈલ્મ) સૌ પ્રથમ ભૂલાવવામાં આવશે અને તે સૌ પ્રથમ મારી ઉમ્મતથી ઉઠાવવામાં આવશે.

**ઘણા બધા દીનદાર કહેનારાઓ જે નમાઝ, રોઝા અને બીજા ઈસ્લામી હુકમોના પાબંદ હોય છે તેમને આમ તેમ ઘણી બધી વાતો, કિસ્સા, કહાનીઓ તો યાદ રહે છે પણ વારસાનો કોઈ એક મસ્અલો પણ તેમને ખબર નથી !** આ છેલ્લા દરજ્જાની ગફલતની વાત છે. અલ્લાહ તઆલા આપણને સૌને આ ગફલતથી બચાવે. (આમીન)

## વારસદારો માટે માલ જરૂર છોડો

આ વાત યાદ રાખશો કે પોતાની ઔલાદ અને વારસદારો માટે માલ છોડીને જવું પણ સવાબનું કાર્ય છે. ઈમામ બુખારીએ પોતાની સહીહમાં નક્લ કર્યું છે કે હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ કહે છે કે હું ફત્હે મક્કાવાળા વર્ષે એવો બીમાર થયો કે એવું લાગતુ હતું કે જાણે હમણા મૌત આવવાની છે. હુઝૂર ﷺ મારી ખબર લેવા માટે આવ્યા તો મેં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ મારી પાસે ઘણો માલ છે, મારી ફક્ત એક જ પુત્રીને વારસાનો હિસ્સો પહોંચે છે, તો શું હું મારા સંપૂર્ણ માલની વસિયત કરી દઉં ? આપ ﷺએ ફર્માવ્યું, નહીં ! મેં અર્ઝ કરી, અડધા માલની વસિયત કરી દઉં ? આપ ﷺએ ફર્માવ્યું, નહીં ! મેં અર્ઝ કરી, ત્રીજા ભાગના માલની વસિયત કરી દઉં ? આપ ﷺએ ફર્માવ્યું, ત્રીજો ભાગ પણ બહુ છે. પછી ફર્માવ્યું, તમે તમારા વારસદારોને માલદારીની હાલતમાં છોડી જાવ તે એનાથી બેહતર છે કે તેમને ફકીરીની હાલતમાં છોડી જાવ કે તેઓ લોકો સામે હાથ ફેલાવે.

છેલ્લે એક વખત ફરીથી આ ગુઝારિશ છે કે યતીમો, સ્ત્રીઓ અને પુત્રીઓને વારસા અને મિલ્કતથી વંચિત રાખવી બહુ મોટો જુર્મ અને ગુનોહ છે, ખુદાના કાનૂનથી બગાવત સમાન છે. આ વિશે કોઈ પણ પ્રકારના હીલા કે બહાનાંનો સહારો ન લેવામાં આવે બલ્કે જે શરઈ હિસ્સેદારોનો હક્ક બને છે તે તેમને સોંપી દેવામાં આવે. હા ! જો પોતાના હિસ્સા પર કબ્જો કર્યા બાદ તે પોતાની ખુશીથી થોડો કે સંપૂર્ણ કોઈને આપવા ઈચ્છે તો તેના માટે જાઈઝ રહેશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૬, અઝ : મુહમ્મદ આરિફ)*

# ક઼ાદયાની-અહમદિયા જમાઅતને ઓળખો !

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*મુસલમાનોને ચેતવીએ છીએ કે આ કોઈક સાઝિશ ચાલી રહી છે કોઈ ખાસ ગૃપ તરફથી કે મુસલમાનોમાં બને તેટલા વિખવાદો ખડા કરવામાં આવે. જેની એક કડીરૂપે તા. ૨-૬-૨૦૧૬ના **"કચ્છ મિત્ર"** પેપરમાં **"ધર્મ ભૂમિ"** કોલમમાં **"અહમદિયા મુસ્લિમ જમાઅતનો સંક્ષિપ્ત પરિચય"** એવા ટાઈટલ સાથે એનો પોતાની રીતે પરિચય આ અખ્બારે છાપ્યો છે. જે તદ્દન ગલત તથા મુસલમાનોને ગેરમાર્ગે દોરનાર છે. તેનાથી મુસલમાનો સાવધાન થાય. **"અહમદિયા જમાત"** એ એ જ **"ક઼ાદયાની જમાઅત"** છે જેનો સ્થાપક મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની જેણે પોતે નબી હોવાનો જૂઠો દાવો કર્યો હતો. પાકિસ્તાનના ક઼ાદયાનમાં પેદા થયો હતો. **ખુદ પાકિસ્તાનમાં આ જમાઅતને "ગૈર મુસ્લિમ લઘુમતિ" ત્યાંની ગવર્નમેન્ટે ઠરાવેલ છે.** આવા પેપરોના લેખોથી મુસલમાનોમાં અત્રે ગુમરાહી ન ફેલાય એટલા માટે **"ક઼ાદયાની અહમદિયા જમાઅત"** કેવો ગુમરાહ ફિર્કો છે તેની વિગત અત્રે રજૂ કરીએ છીએ. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈસ્લામ વિરૂધ્ધ દિન પ્રતિ દિન વિવિધ પ્રકારના નિત નવા રૂપમાં ઉઠતાં તોફાનો ઉછાળા મારતાં રહીને ઈસ્લામના કિલ્લાની દીવાલોની સાથે ટકરાતાં રહે છે અને તેના પાયાને હચમચાવા કોશિશ કરે છે પણ જેનો મુહાફિઝ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત છે તે પાકીઝા મઝહબ ઈસ્લામના અસલી ચહેરાને બગાડવા કોઈ તોફાન સફળ થઈ શક્યું નથી અને ન ક઼િયામત સુધી સફળ થશે. આજે પણ કુર્આન તથા ઈસ્લામ તેના અસલી તાબનાક ચહેરાને સાચવીને વિશ્વમાં પોતાની રોશની ફેલાવી રહેલ છે.

તેરમી સદી હિજરીની વિદાય અને ૧૪ મી સદી હિજરીના પ્રારંભમાં કેટલીયે નામ માત્રની ઈસ્લામી ચળવળોએ અખંડ ભારતમાં જન્મ લીધો જેમ કે વહાબી, ગૈર મુકલ્લિદ (અહલે હદીષ), ચકળાલ્વી (અહલે કુર્આન), દેવબંદી, ક઼ાદયાની....વગેરે, એ સૌ ચળવળો પાછળ ઈસ્લામ દુશ્મન શક્તિઓનો હાથ હતો એના માટે તેમનો ઈતિહાસ સાક્ષી છે. આ સર્વ ફિર્કાઓનો અભ્યાસ કરવામાં આવે તો પરિણામ એ નીકળે છે કે **સૌની જડ એ વહાબી ફિર્કો** છે, કારણ કે અલ્લાહને એક માનવામાં તો સૌ એકી અવાજે છે પણ નબીઓની શાનમાં ગુસ્તાખી કરવામાં ઉપરોક્ત સર્વ ફિર્કાઓ વહાબીઓની તે જ પગદંડી પર દોડી રહ્યા છે કે જે જહન્નમને જઈને મળે છે. નબીઓની બારગાહમાં ગુસ્તાખી કરવી એ જ જાણે તેમના ધર્મમાં દાખલ થવાનું પ્રવેશદ્વાર જણાય છે ! એથીયે આગળ વધીને કોઈએ હદીષોને માનવાથી ઈન્કાર કર્યો જે **અહલે કુર્આન** (ચકળાલ્વી)

કહેવાયો તો કોઈએ ચારેવ ઈમામોની તકલીદનો ઈન્કાર કર્યો અને ડાયરેક્ટ હદીષોને માનવાનો દા'વો કર્યો અને ઓર ગુમરાહીમાં પડયો તે **અહલે હદીષ** (ગૈર મુકલ્લિદ) કહેવાયો.

વળી દેવબંદીઓના પેશ્વા મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ સહાબાથી લઈને આજ સુધી ચાલ્યો આવતો મશહૂર અકીદો કે **હુઝૂર** ﷺ **આખરી નબી છે અને આપના પછી હવે કોઈ નબી થશે નહીં**, ૧૪૦૦ વરસથી મુસલમાન ઉમ્મત જેના પર ઈમાન રાખતી આવી છે તે અક઼ીદામાં ફાચર મારી દીધી કે, "ધારો કે નબી ﷺ ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં !" *(તહઝીરુન્નાસ)*

અને એક મહાન નવા ફિત્નામાં મુસલમાનોને ઝોંકી દીધા ! અને તેમના બનાવેલા આ પ્લેટફોર્મ પરથી **મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની** ક઼ાદયાનની ભૂમિ પરથી પોકારી ઉઠયો કે, "હું નબી છું !" અને તેણે નબીઓની શાનમાં, સહાબા, અવલિયા, કુર્આન, મક્કા, મદીના, હજ્જ......વગેરેની શાનમાં ભયાનક ગુસ્તાખીઓ કરીને ફિત્નાઓની વણઝાર શરૂ કરી આપી.

ભલુ થાય અહલે સુન્નતના ઉલમાએ કિરામનું કે તેમણે ઈસ્લામ વિરૂધ્ધ ઉઠતા દરેક ફિત્નાનો પીછો કરીને હમેશાં તેની નાકને ધૂળમાં રગડી કાઢી છે અને હક્ક મઝહબનો ઝંડો બુલંદ કર્યો છે. આ કાદયાની ફિર્કાનો પણ અહલે સુન્નતના ઉલમાએ વિશેષતઃ મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ નકાબ ઉલ્ટાવી નાખ્યો અને તેનો અસલી ભયાનક ચહેરો લોકો સમક્ષ પેશ કરીને કરોડો મુસલમાનોના ઈમાનની રક્ષા કરવાનો શરફ આપે હાંસલ કર્યો.

જો કે અલ્લાહના ફઝ્લો કરમથી ક઼ાદયાની ફિત્નો આ તરફ નથી પણ સમાચાર મુજબ ગુજરાતમાં ક્યાંક ક્યાંક તે ડોકાઈ રહ્યો છે અને કચ્છમાં તથા આણંદ જિલ્લાનાં ગામોમાં તેમના આંટા ફેરા થતા હોવાનું જાણવા મળ્યું તો મુઝ નાચીઝમાં ગુજરાતીમાં તેની રદ બહાર પાડવાની તાલાવેલી તથા ચિંતા જાગૃત થઈ અને સરકાર ﷺ ની નઝરે ઈનાયતથી બુઝુર્ગોના ફયૂઝાને કરમથી આ અલ્પજ્ઞાનીએ મશહૂર ઉલમાએ અહલે સુન્નતની કિતાબોનો★ અભ્યાસ કરીને તેના આધારે આ સંક્ષિપ્ત પુસ્તિકા ગુજરાતી સુન્ની ભાઈ બહેનો માટે સંપાદિત કરી છે.

અલ્હમ્દુલિલ્લાહ ! **"અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)"**એ એને અગાઉ પ્રકાશિત કરી હતી. પણ ઉમ્મીદ કરું છું કે **"સુન્ની મુસ્લિમ કમિટી (ગોંડલ)"** તથા **"હુસૈની કમિટી (સુન્ની)–મોરબી"** જેવી સંસ્થાઓ એને ફરી છાપે જેથી વધુ સંખ્યામાં મુસલમાનો આ ફિર્ક઼ાની ગુમરાહીઓથી માહિતગાર થઈ શકે.

દુઆ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં લોકોને દીન પ્રત્યે હક્ક઼ સ્વીકારવાની તથા નિખાલસ રહીને ઈસ્લામ તથા ઈમાનની ક઼દર કરવાની તૌફીક઼ આપે, અમારાં મર્હૂમો તથા સર્વ ઈમાનવાળાઓની મગફિરત ફર્માવે અને આપણો ખાત્મો ઈમાન પર ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–પટેલ શબ્બીર અલી રઝવી , તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

★ *(૧) ક઼ાદયાની ધર્મ, લેખક : મૌલાના મુફતી અબ્દુલવાહિદ સાહબ ક઼ાદરી, પ્રકાશક : જામે નૂર–દિલ્હી અને (૨) ખાતિમુલ મુરસલીન, લેખક : અલ્લામા હાફિઝ મુહમ્મદ મઝહરુદ્દીન અમૃત્સરી, પ્રકાશક : અલ્ મજમઉલ મિસ્બાહી–મુબારકપુર (યુ.પી.)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نحمدہٗ ونصلی علی رسولہ الکریم

## કાદયાની ધરમની શરૂઆત ક્યાંથી થઈ

ઈ.સ. ૧૮૫૭ માં અંગ્રેજો વિરૂધ્ધ હિંદુસ્તાનના મુસલમાન મિલ્લતના આલિમોએ જેહાદનો ફત્વો આપ્યો અને મુસલમાનોને એ વાત માટે પ્રોત્સાહિત કર્યા કે તેઓ તે અંગ્રેજો કે જેમણે હિંદની રાજય સત્તા જબરદસ્તી પચાવી પાડી છે તે જાલિમોને હિંદમાંથી તગેડી મૂકે અને તેમની પાસેથી સત્તા છીનવી લે. જો કે તે વખતના ખાસ સંજોગોના કારણે આઝાદી માટેની જેહાદ તે વખતે કામયાબ ન થઈ શકી. પણ તનના ગોરા મનના કાળા (અંગ્રેજ) સંસ્થાનવાદીઓએ એ યકીન કરી લીધું કે જો મુસ્લિમ કૌમ ફરીવાર આલિમોની સરદારી હેઠળ જેહાદ માટે તૈયાર થઈ ગઈ તો તેમની સત્તા સરળતાપૂર્વક ઉઠલાવી દેશે અને તેમની સત્તાનો સૂરજ હમેશાં માટે અસ્ત થઈ જશે.

જેથી તેમણે એક આયોજનપૂવકના પ્લાન હેઠળ મુસલમાનોમાં વિખવાદનું બીજ રોપ્યું અને વિવિધ બાતિલ ફિર્કાઓને જન્મ આપ્યો અને તેમને સપોર્ટ કર્યો. (જેમાં વહાબી, દેવબંદી વગેરે ફિર્કા જનમ્યા જેનો વિગતે ઈતિહાસ ''રહનુમાએ હક્ક''માં વાંચી શકશો.) એ તમામ બાતિલ ફિર્કાઓમાં **કાદયાનિયત** સૌથી ખતરનાક ફિર્કો છે. આ ફિર્કાનો સ્થાપક મુસૈલમા કાદયાની **ગુલામ અહમદ કાદયાની**એ મુસલમાનોના ખત્મે નબુવ્વતના ઈજમાઈ અકીદા સાથે બગાવત કરી અને ન કેવળ નવા નબી થવાની શક્યતાને સ્વીકારી બલ્કે ખુદ પોતે નબુવ્વત (નબી હોવા)નો દા'વો કરી બેઠો. તેણે હઝરત મરયમ તથા ઈબ્ને મરયમની શાનમાં અતિશય અપમાનિત કરતા શબ્દો વાપર્યા, ઈસા علیہ السلام ની નબુવ્વતનો ઈન્કાર કર્યો અને પોતાને મસીહ મવઊદ બનાવીને રજૂ કર્યો. આ બનાવટી નબીએ તમામ કુર્આની નસો (દલીલો)નો ઈન્કાર કર્યો જેના પર ૧૪૦૦ વરસથી ઈસ્લામી મિલ્લતના ઉલમાનો ઈજમાઅ છે.

ઉપરાંત તેણે કુર્આનના જેહાદ માટેના હુકમ સાથે વિવાદ કર્યો અને અંગ્રેજોની ગવર્નમેન્ટને અલ્લાહનો સાયો ઠરાવ્યો અને તેમની સાથે જેહાદ કરવાને ગૈર ઈસ્લામી અમલ ઠરાવ્યો અને તેમની સાથે વફાદારીને ગર્વ લેવા સમાન ઠરાવી. પશ્ચિમી કૌમોએ ખાસ કરીને બ્રિટને આ ફિર્કાને ભરપુર સાથે આપ્યો અને પોતાના આ સર્જન કરેલા છોડને મજબૂત ઘટાદાર વટવૃક્ષ બનાવવા માટે તમામ સગવડો પૂરી પાડી.

ઈસ્લામના ઉલમાએ ખાસ કરીને મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબમાં આ ફિર્કાનાં કુફ્રી અકીદાઓ અને તેમના મુર્તદ થવાને ઓપન કર્યું. અને પોતાના શાગિર્દો તથા ખલીફાઓની એક એવી મહાન જમાઅત તૈયાર કરી જેમણે બાતિલ ફિર્કાઓની ખરાબીઓથી લોકોને માહિતગાર કર્યા, ખાસ કરીને કાદયાનીઓના ધોકાથી લોકોને સાવધાન કર્યા જેથી તે ઝાઝો કદમ ન જમાવી શક્યા. પણ હિંદ તથા પાક. ના અમુક પછાત વિસ્તારોમાં તેમજ આફ્રિકા તથા દક્ષિણ અમેરિકાના કેટલાક અંદરના વિસ્તારોમાં લોકો તેના પ્રપંચમાં સપડાઈ ગયા અને આ રીતે કાદયાનીએ એક વિશ્વવ્યાપી ચળવળની હૈસિયતથી પોતાને ઓળખાવવાની કોશિશ કરી. મુર્તદ ગુલામ અહમદ કાદયાનીની જિંદગીમાં જ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી તથા મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી તથા તેમના શાગિર્દો ઉપરાંત શહનશાહે વિલાયત હઝરત સૈયદ પીર મહેર અલી ગોલળવી رحمۃ اللہ علیہ, અમીરે મિલ્લત હઝરત પીર સૈયદ જમાઅત અલી શાહ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہ એ કાદયાનિયતની ભરપુર રદ કરી.

ક઼ાદયાનના કઝ્ઝાબને મુનાઝરાની દા'વત આપી, મુબાહેલાના ઈજલાસમાં બોલાવ્યો, પણ તે સામનો ન કરી શક્યો અને પોતાના ખરાબ અંજામે પહોંચીને એક ધ્રુજાવી દેનારી મૌતને ભેટયો. ફલઅ્નતુલ્લાહિ અલૈહ.

ક઼ાદયાની ધરમ ૧૪ મી સદી હિજરી તથા ૨૦ મી સદી ઈસ્વીનો એક નવો ધરમ છે. એના બાતિલ તથા જૂઠા હોવા માટે એટલુ જ પૂરતુ છે કે તે ૧૪૦૦ વરસ પછી નવો ઉદ્ભવ પામેલો ધર્મ છે અને મુસલમાનનું દરેક બાળક દરેક વ્યક્તિ જાણે છે કે **અલ્લાહ એક છે અને મુહમ્મદ ﷺ તેના રસૂલ છે, આપ આખરી નબી છે, હવે આપના બાદ કોઈ નબી નથી થઈ શકતો. અને આપ ﷺ ના પછી નબી થવાની શક્યતા દર્શાવે અથવા પોતે નબી હોવાનો દા'વો કરે તો તે બદ્બખ્ત કાફિર તથા મુર્તદ છે. ૧૪૦૦ વરસથી સર્વ મુસલમાનોનો કુર્આન હદીષથી સાબિત આ અક઼ીદો છે.** જેમ કે કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે :–

## હુઝૂર અંતિમ નબી હોવા વિશે કુર્આની હુકમ

مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ

આ આયતનો તર્જુમો અમે ખૂદ નથી કરતા બલ્કે ક઼ાદયાનીઓના ઈમામનો કરેલો તર્જુમો જ રજૂ કરીએ છીએ જેથી તેમને કાંઈ કહેવાનો અવકાશ જ ન રહે. મિર્ઝા ક઼ાદયાની તર્જુમો લખે છે :–

**"મુહમ્મદ તમારામાંથી કોઈ મર્દના બાપ નથી પણ તે અલ્લાહના રસૂલ છે ખત્મ કરનાર નબીઓનો."**

આ આયત સાફ દર્શાવી રહી છે કે આપણા નબી ﷺ પછી કોઈ રસૂલ દુનિયામાં આવશે નહીં. *(ઈઝાલાએ અવહામ–૨૫૨, ૬૧૪)*

**તર્જુમો** : શું તમે નથી જાણતા "હે નાદાન મિર્ઝાઈઓ ! કે રહીમ તથા કરીમ ખુદાએ આપણા નબી ﷺ ને **કોઈ અપવાદ વિના ખાતિમુલ અંબિયા (અંતિમ નબી)** ઠરાવ્યા છે અને આપણા નબી ﷺ એ **ખાતમુન્નબિય્યીન**ની તફસીર **લા નબીય્ય બઅ્દી** સાથે ફર્માવી છે કે **મારા પછી કોઈ નબી થશે નહીં** અને હક્ક઼ના તલબ કરનારાઓ માટે આ વાત સ્પષ્ટ છે." *(હુમામતુલ બશરી, પેજ–૩૪ તથા મજમૂઆ, પેજ–૧૬૮)*

મિર્ઝા કાદયાનીએ આ આયતની તફસીરમાં જે હદીષનો હવાલો આપ્યો છે તે આ છે : **અના ખાતમુન્નબિય્યીન લા નબી બઅ્દી.** *(મિશ્કાત કિતાબુલ ફતન)* **"હું નબીઓને ખત્મ કરનારો છું મારા પછી કોઈ નબી નથી."**

આટલી સ્પષ્ટતા પછી કોઈ ક઼ાદયાની માટે **ખાતિમ**ના અર્થમાં ઉલઝવા માટે હવે કોઈ અવકાશ રહેતો નથી.

## હુઝૂર ﷺ અંતિમ નબી હોવા વિશે હદીષથી સાબિતી

**હદીષ નં. ૧** : "ચોક્કસ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ (જૂઠા) પેદા થશે, તેમાંથી દરેક નબુવ્વતનો દા'વો કરશે. જો કે હું નબીઓને ખત્મ કરનારો છું, મારા પછી કોઈ નબી પેદા થશે નહીં." *(અબૂ દાઊદ, તિર્મિઝી, મિશ્કાત, કિતાબુલ ફતન)*

જાણવા મળ્યું કે ઉમ્મતે મુહમ્મદીમાં જે વ્યક્તિ પોતે નબી હોવાનો દા'વો કરે તે કઝ્ઝાબ (જૂઠો) છે. જેમ કે મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની વગેરે.

**હદીષ નં. ૨** : આં હઝરત ﷺ એ ફર્માવ્યું કે આદમ જ્યારે ગુંદેલી માટીના રૂપમાં હતા તે વખતે પણ હું અલ્લાહની નજીક નબીઓને ખત્મ કરનારો લખવામાં આવ્યો હતો." *(શરહુસ્સુન્નહ, અહમદ તથા મિશ્કાત, પ્રકારણ ફઝાઈલે નબી ﷺ )*

**હદીષ નં. ૩ :** "હું નબીઓનો સરદાર છું, હું ખાતમુલ અંબિયા છું, આ વાત હું ફખ્રથી નથી કહેતો બલ્કે હક઼ીક઼ત દર્શાવુ છું." *(દારમી, મિશ્કાત)*

**હદીષ નં. ૪ :** "મારાં કેટલાંયે નામો છે, હું મુહમ્મદ છું, હું અહમદ છું, આક઼િબ છું, અને આક઼િબથી મુરાદ એ છે કે **મારા બાદ કોઈ નબી થશે નહીં."** *(બુખારી તથા મુસ્લિમ, મિશ્કાત)*

**હદીષ નં. ૫ :** આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હું છ વાતોમાં સર્વ નબીઓ પર ફઝીલત ધરાવું છું : **(૧)** મને જામેઅ કલેમાત મળ્યા. **(૨)** મને રુઆબની સાથે ફતહ આપવામાં આવી છે. **(૩)** મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી છે. **(૪)** તમામ દુનિયા મારા માટે પવિત્ર સજદાગાહ બનાવવામાં આવી. **(૫)** હું તમામ લોકોની તરફ રસૂલ બનાવવામાં આવ્યો છું. **(૬)** મારી સાથે **અંબિયા (નબીઓ) ખત્મ** થાય છે. *(બુખારી, મિશ્કાત)*

**હદીષ નં. ૬ :** અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ એ صلی اللہ تعالیٰ علیہ وسلم ફમાવ્યું કે મારું અને પાછલા અંબિયાનું દ્રષ્ટાંત એક એવા મહેલ જેવું છે જેની ઈમારત સારી બનાવવામાં આવી હોય, પણ એમાં એક ઈંટની જગા ખાલી હોય. લોકો તેની આસપાસ ઘુમે છે અને ઈમારતની ખૂબસૂરતીથી અચંબો અનુભવે છે પણ એક ઈંટની જગા ખાલી જોઈને આશ્ચર્ય પામે છે. તો હું તે મુબારક ઈંટ છું જેણે એ જગા પૂરી કરી આપી. મારી જાતના કારણે નબુવ્વતના મહેલની પરિપૂર્ણતા થઈ ગઈ. એ જ પ્રમાણે **મારી જાતથી રસૂલોનો ક્રમ ખત્મ થઈ ગયો** છે. એક રિવાયતમાં છે કે **નબુવ્વતની અંતિમ ઈંટ હું છું** અને **હું જ નબીઓનો ખત્મ કરનારો છું.** *(બુખારી વ મુસ્લિમ, મિશ્કાત પ્રકારણ ફઝાઈલે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

**હદીષ નં. ૭ :** "જો મારા બાદ કોઈ **નબી હોત તો** તે ઉમર હોત." એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم **પછી કોઈ નબી થશે નહીં."**

ઉપરોક્ત લખાણથી સ્પષ્ટ ભાષામાં **કુર્આન** તથા **હદીષ** થકી હુઝૂર નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ નબી થશે નહીં તે સિધ્ધ થાય છે. એથી ઉલ્ટુ મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીએ પોતે નબી હોવાનો દા'વો કર્યો જેથી તે કુર્આન તથા હદીષનો ઈન્કાર કરવાથી કાફિર ઠર્યો છે અને તેના અનુયાયીઓ પણ કાફિર ઠરે છે.

## હુઝૂર ﷺ અંતિમ નબી હોવા બાબતે ઉમ્મતનો ઈજમાઅ

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ફર્માવે છે કે, "વહીનો ક્રમ કટ થઈ ગયો અને દીન સંપૂર્ણ થઈ ગયો."

હઝરત ઉમરે આપની વફાત પર કહ્યું કે, "મારાં મા બાપ આપના પર કુર્બાન! તમને **ખુદાએ અંતિમ નબી મોકલ્યા** હતા. *(મવાહિબ, ભાગ–૨, પેજ–૪૯૬)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : "આપ **નબીઓને ખત્મ કરનારા** છે." *(શમાઈલે તિર્મિઝી, ભાગ–૨)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم **અંતિમ નબી** છે. *(તલ્ખીસુત્તારીખ, ભાગ–૧, પેજ–૨૯૪)*

**ઉમ્મતનો ઈજમાઅ :** આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم નું અંતિમ નબી હોવું એ મસાઈલમાંથી છે **જેના પર તમામ આસ્માની કિતાબો સાક્ષી** છે અને નબવી હદીષો સ્પષ્ટપણે વર્ણન કરે છે અને તમામ ઉમ્મતનો એના પર "ઈજમાઅ" છે. જેથી એની વિરૂધ્ધ દા'વો કરનાર **કાફિર** છે, જો તૌબા ન કરે તો ક઼ત્લ કરવામાં આવશે. *(હવાલો : રૂહુલ મઆની, ભાગ–૭, પેજ–૬૫)*

અલ્લામા ઈબ્ને હજર મક્કી ફર્માવે છે : "જે શખ્સ આપના પછી કોઈ વહીનો મોઅતક઼િદ (માનનાર) બન્યો તે **કાફિર** છે." *(ફતાવા ઈબ્ને હજર મક્કી)*

મુલ્લા અલી ક઼ારી ફર્માવે છે : "આપણા નબી ﷺ પછી નબી હોવાનો દા'વો કરવો ઈજમાઅ સાથે **કુફ્ર** છે." *(શરહે ફિક઼્હે અકબર, પેજ–૨૦૨)*

**"શિફા"** ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ માં નકલ થયેલ છે, આપે ખબર આપી કે આપ ﷺ ખાતમુન્નબિય્યીન (અંતિમ નબી) છે અને આપના પછી કોઈ નબી નથી થઈ શક્તો અને અલ્લાહ તઆલાના તરફથી એ ખબર આપી છે કે **આપ અંબિયાને ખત્મ કરનાર છે અને એના પર ઉમ્મતનો ઈજમાઅ** છે કે આ કલામ બિલ્કુલ પોતાના જાહેર પર અવલંબિત છે અને જે એનો ભાવાર્થ જાહેરી શબ્દોથી સમજમાં આવે છે તે કશાય અર્થઘટન વિના એ જ મુરાદ છે. જેથી **તે લોકોના કુફ્રમાં કોઈ શંકા નથી જે એનો ઈન્કાર કરે,** અને આ ક઼તઈ ઈજમાઈ અક઼ીદો છે. *(શિફા શરીફ)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ જણાવે છે કે, "સૌ પયગંબરો પછી આપણા રસૂલ ﷺ ને દુનિયા તરફ મોકલવામાં આવ્યા અને આપની નબુવ્વતને એવા કમાલના દરજા સુધી પહોંચાડી કે હવે એનાથી અધિક્તા મુહાલ છે (અશક્ય) એટલા માટે આપને ખાતમુન્નબિય્યીન કહ્યા કે **આપના બાદ કોઈ નબી થશે નહીં.** *(કીમિયાએ સઆદત, પેજ–૬૧)*

શરહે ફિક઼્હે અકબરમાં મુલ્લા અલી કારી, પેજ–૬૯ ઉપર જણાવે છે કે, "નબીઓમાં પ્રથમ આદમ છે અને **છેલ્લા નબી મુહમ્મદ ﷺ છે.** એ જ પ્રમાણે શરહે અક઼ાઈદે નફ઼્સી, પેજ–૯૯ માં પણ છે.

ફતૂહાતે મક્કિયહ્ શરીફ, પેજ–૫૧, ભાગ–૩ માં હઝરત મુહ્યુદ્દીન ઈબ્ને અરબી ફર્માવે છે :–

"નબુવ્વત ખત્મ થઈ ચૂકી, અમરો નવાહી (કરવા ન કરવા વિશેના હુકમો)નો દરવાજો બંધ થઈ ગયો. જે હુઝૂર ﷺ પછી એવો દા'વો કરે કે મારી વહીમાં અમ્ર (સારી વાતોનો હુકમ) છે અને નહી (બુરી વાતોથી રોકવું) પણ, તો **તે (નવી) શરીઅતનો દાવેદાર** છે, ભલે તે શરીઅતનો વિરોધી હોય કે સમર્થક હોય." (અને એવો દાવેદાર **કાફિર** છે.)

ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ આ લખાણ સાથે અધિક વધારો કરતાં જણાવે છે કે, "શરીઅતવાળો (નવી) હોવાનો દાવેદાર (જેમ કે ક઼ાદયાની) પોતાના અમરો નવાહી બતાવનાર (જેમ કે કાદયાનીએ કહ્યું) જો આક઼િલ હોય તો **મુર્તદ ઠરશે** અને **તેની ગરદન ઉડાડી દેવામાં આવશે** અને કોઈ પાગલ આવી વાતો કરશે તો ગાંડો સમજીને છોડી મૂકવામાં આવશે.

આમ આપણે જોઈ લીધું કે એ વાત પર ઉલમાનો ઈજમાઅ છે કે હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ અંતિમ નબી છે, તેમના બાદ કોઈ નબી થશે નહીં અને જે નબી હોવાનો દા'વો કરશે તે ઈસ્લામથી ખારિજ થઈ **કાફિર** ઠરશે.

## ક઼ાદયાની વિરૂધ્ધ અહલે સુન્નતના ઉલમાના ફત્વા

કાદયાની ફિર્કાનો ઉદ્ભવ થતાં જ અહલે સુન્નતના ઉલમાએ, રહનુમાઓએ ખાસ કરીને મુફ્તી તેમજ મશાઈખે ૧૯ મી સદીના અંતિમ દસકામાં જ મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની અને તેના નવરચિત ક઼ાદયાની ધરમનો પીછો શરૂ કરી દીધો, તેને દરેક રીતે સીધા માર્ગે લાવવાની કોશિશ કરી પરંતુ તમામ કોશિશો બેકાર થઈ તો ચર્ચાઓ,

મુનાઝરા તથા મુબાહેલા થતા રહ્યા પરંતુ સૌ નિરર્થક જતાં છેવટે ઈ.સ. ૧૯૦૬ માં હજજના મુબારક પ્રસંગે જયારે હરમૈન તૈયેબેનમાં દુનિયાભરના આલિમો, સાલેહો, મશાઈખ, મુફતી, કાઝી તથા ઈસ્લામી દાનિશ્વરોનો ઈજતેમા થયો તો શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, મુજદ્દિદે આ'ઝમ **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની સહિત અન્ય અમુક કુફ્ર તથા ગુમરાહીના સરદારોની કુફ્રી વાણીઓને એકત્ર કરીને એના પર **શરીઅતનો હુકમ લાગુ પાડયો કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કાફિર, મુર્તદ, ઈસ્લામથી ખારિજ અને જહન્નમી છે. અને જે એના કુફ્ર તથા અઝાબમાં શક કરે તે પણ કાફિર છે.** પછી તે શરઈ હુકમની તસ્દીક (સમર્થન) હજજ માટે આવનાર તમામ ટોચના ઉલમા તથા શયખો તથા હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના તમામ અગ્રગણ્ય ઉલમાએ કિરામ વ મુફતીયાને એઝામે કરી. આજે પણ તે તસ્દીક ફતાવા **''હુસ્સામુલ હરમૈન''**ના નામથી મળી શકે છે. એટલુ જ નહીં પણ પેશાવરથી બંગાળ સુધી બસો અડસઠ (૨૬૮) મશહૂર વિખ્યાત ઉલમાએ ઈસ્લામે, મુફતી સાહબોએ તેમજ મહાન શયખોએ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને કુફ્રનો ફત્વો આપ્યો. તેમની સાથે શાદી વહેવાર, ઉઠક, બેઠક, ખાવા, પીવા..... વગેરે હરામ ઠરાવ્યું. એ ફત્વો **''અસ્સવારિમુલ હિંદિયા''**ના નામથી મશહૂર છે.

## કાદયાનીઓના ગલત અકીદા તથા માન્યતાઓ

કાદયાની ધર્મનો સ્થાપક મિર્ઝા ગુલામ અહમદ કાદયાની'' છે એટલા માટે તેના નામના ચારેવ ભાગો વડે આ મઝહબ ઓળખાય છે. એને **''મિર્ઝાઈ''** તથા **''ગુલામિયા''** તથા **''અહમદિયા''** તથા અધિક્તર **''કાદયાની''** કહે છે. મિર્ઝા ગુલામ અહમદ કાદયાની તથા તેના ખલીફાઓ તેમજ નિકટના અનુયાયીઓએ પોતાના ધર્મનો પાયો જે ઈંટો પર રચ્યો છે તે સર્વ ઈંટો ટેઢી છે એટલે કે કાદયાની ધર્મની આખી ઈમારત શરૂથી અંત સુધી ટેઢી છે જેથી તેમના સર્વ અકીદા તથા માન્યતાઓ ગલત છે. **ખાસ તો તેમણે અંબિયા તથા રસૂલો** علیہم السلام **ની શાને પાકમાં ગુસ્તાખીઓ, નમાઝ, રોઝા તથા હજ્જ વગેરે ઈસ્લામી અરકાનની તૌહીન, નબુવ્વત તથા રિસાલતની ''હકીકી'' તથા ''ઝિલ્લી'' અને અવતારમય (બરૂઝી) વહેંચણી, બધા મુસ્લિમોને કાફિર ઠરાવવું.... વગેરે.**

## હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની તૌહીન

કાદયાની ધર્મ સ્થાપક ગુલામ અહમદ કાદયાનીએ પોતાની કુખ્યાત કિતાબ ''ખુત્બાએ ઈલ્હામિયા''માં **સૈયેદેના હઝરત આદમ** علیہ الصلوٰۃ والتسلیم ના વિશે કહ્યું કે :–

''અલ્લાહ તઆલાએ આદમને પેદા કરીને ઈન્સાન તથા જિનના સરદાર તથા હાકિમ બનાવ્યા, જેમ કે આયત اسجدوا لآدم થી જાણવા મળે છે. પછી શૈતાને તેમને બહેકાવ્યા અને જન્નતોએથી કઢાવ્યા અને હુકૂમત તે અજગર (શૈતાન) પ્રતિ વાળવામાં આવી. આ લડાઈમાં આદમને બેઈજ્જતી તથા રુસ્વાઈ નસીબ થઈ. અને જંગ ક્યારેક આ રુખની તો કદીક તે રુખની થાય છે. અને રહમાનને ત્યાં પરહેઝગારો માટે નેક અંજામ છે. એટલા માટે અલ્લાહે **મસીહ મવઊદ (કાદયાની)**ને પેદા કર્યો જેથી અંતિમ જમાનામાં શૈતાનને હાર આપે.''
*(ખુત્બાએ ઈલ્હામિયા, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ લખાણમાં પ્રથમ હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની સરદારી સ્વીકારીને બાદમાં તેણે હુકૂમત તથા સરદારીના ગર્વમય તાજને શૈતાનના સર પર નાખ્યો

અને હઝરત આદમ عليه السلام ના નસીબમાં (મઆઝલ્લાહ !) બેઈજ્જતી તથા બદનામી લખી મારી, અને લખાણના અંતે છેવટમાં પોતાના સંબંધે ગપ્પુ હાંક્યુ કે આદમના મુકાબલામાં હું જ પરહેઝગાર તથા નેક અંજામ પામનારો છું કે જેને અલ્લાહે શૈતાનને હાર આપવા માટે પેદા કર્યો છે !

યાદ રાખશો કે તમામ નબીઓ عليهم السلام ની નબુવ્વત તથા તેમની ખુદાદાદ મહાનતા તથા કરામતને માનવી જરૂરિયાતે દીનમાંથી છે જેથી તેનો ઈન્કાર કરનાર શરીઅતની રૂએ કાફિર તથા જહન્નમી છે. મિર્ઝા કાદયાનીએ ન કેવળ હઝરત સૈયેદેના આદમ عليه السلام ની નબુવ્વતનો જ ઈન્કાર કર્યો બલ્કે તેમને **શૈતાનના બહેકાવામાં આવનાર, જન્નતથી કાઢી મૂકવામાં આવનાર, સરદારી તથા હુકૂમતથી મેહરૂમ થનાર, શૈતાનના મુકાબલામાં હાર ખાનાર, ઝલીલ તથા બેઈજ્જત અને બદનામ તથા બદ્અંજામ ઠરાવી દીધા.** અને આ સર્વ વાતો કોઈ નબીના માટે સાબિત કરવી અધર્મતા (ઈલ્હાદ) તથા બેદીની છે જેથી મિર્ઝા કાદયાની હઝરત આદમ عليه السلام ની બારગાહમાં સખ્ત પ્રકારની ગુસ્તાખી તથા બદ્તમીઝી કરીને ઈસ્લામી શરીઅતની રૂએ કાફિર મુર્તદ તથા કાયમી જહન્નમી છે અને જે તેના આ કુફ્રી અકીદાઓથી માહિતગાર થવા છતાં તેના કુફ્ર તથા અઝાબમાં શંકા કુશંકા કરે તે શરીઅતની દ્રષ્ટિએ **કાફિર** તથા **જહન્નમી** છે.

હવે તે લોકો જેઓ કોઈ લાલચમાં કે લોભમાં કાદયાનીને પોતાનો સરદાર, રહનુમા તથા મુસલમાન માનીને પોતે શું બન્યા ? વિચારે !

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પોતાની એ જ કિતાબ "ખુત્બાએ ઈલ્હામિયા"ના વધારામાં એ પણ દા'વો કર્યો કે :–

"....... આદમ મતભેદ તથા અદાવતની આગ ભડકાવવા માટે દુનિયામાં આવ્યો અને હું મતભેદો તથા અદાવતની ખરાબીઓને દૂર કરવાના માટે આવ્યો છું." *(ખુત્બાએ ઈલ્હામિયાનો વધારો, હેડીંગ : આદમ તથા મસીહ મૌઊદમાં ફરક)*

અખબાર "અલ્ ફઝ્લ'માં મહમૂદ અહમદ કાદયાની (જે મિર્ઝા કાદયાની આંજહાનીનો બીજો ખલીફા તથા તેનો પુત્ર અને તમામ કાદયાનીઓનો આદમ હતો) લખે છે :–

"મારો પોતાનો અકીદો એ છે કે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) આ દૌરના ખાતિમ (અંતિમ) અને આગલા દૌરના આદમ પણ આપ જ છે. કેમ કે પ્રથમ દૌર સાત હજાર વરસનો આપના પર ખત્મ થયો અને આગલો દૌર આપનાથી શરૂ થયો. એટલા માટે આપના વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : مَاجَرِىُ اللّٰهِ فِىْ حُلَلِ الْاَنْبِيَاءِ એનો એ જ અર્થ છે કે આપ આવનારા નબીઓના રૂપમાં આવ્યા છે જેવી રીતે પહેલા નબીઓનો પ્રારંભિક બિંદુ હઝરત આદમ عليه السلام હતા, એ જ પ્રમાણે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) જે આ જમાનાના આદમ છે અને ભાવિમાં આવનારા નબીઓના પ્રારંભિક બિંદુ છે." *(અલ્ ફઝ્લ, કાદયાન, તા. ૧૪–૨–૧૯૨૮, જિલ્દ–૧૫)*

ઉપરોક્ત અકીદાની સ્પષ્ટતામાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એક પૂરી કિતાબ લખી જેનું નામ **મલ્ ફરકુ ફી આદમ વલ્ મસીહિલ મૌઊદ** રાખ્યું. પછી તેના પ્રથમ ખલીફા હકીમ નૂરૂદીન અને બીજા ખલીફા ઉપરાંત કાદયાની મુફતીઓ તથા ઈમામોએ અકીદાની સ્પષ્ટતા તથા વિસ્તરણ કરીને અલ્ બદર, અલ્ ફઝ્લ અખબારો તથા અંકોમાં પ્રસિધ્ધ કર્યો. તેનો એક અધિક નમૂનો જોઈ લો :–

"فَقَعُوْا لَهٗ سَاجِدِيْنَ નો પણ એ જ અર્થ છે કે પ્રથમ આદમના વિશે ફરિશ્તાઓને હુકમ થયો

કે તેના આજ્ઞાંકિત તથા ગુલામ બની જાવ ! જ્યારે આદમના વિશે ફરિશ્તાઓને આ હુકમ થયો, તો બીજા આદમ મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) **જે પ્રથમ આદમ કરતાં શાનમાં વધેલો હતો,** તેના માટે કેમ ન કહેવામાં આવતું કે આગ તમારી ગુલામ બલ્કે ગુલામોની ગુલામ છે.'' *(મલાઈકતુલ્લાહ, પેજ–૬૫, મિયાં મહમૂદ કાદયાનીની તકરીર)*

કાદયાનીઓના લખાણો તથા નવા નવા ગંદા અકીદાઓ તથા માન્યતાઓના વાંચનથી પણ ખુદા મુસલમાનોને બચાવે કે જેને વાંચવાથી કેવળ મુસલમાનોનાં દિલ જ ઘાયલ નથી થતાં બલ્કે તમામ આદમની ઔલાદ દુઃખ અનુભવે છે. મજબૂરન્ અમારે લોકોને સાવધાન કરવા તેમની ગંદકીઓ વાંચકો સમક્ષ રાખવી પડે છે. જુઓ :–

## કાદયાનીનું એક ખતરનાક લખાણ

લખે છે કે, ''આ જમાનો જે અંતિમ જમાનો છે તેમાં ખુદા તઆલાએ એક વ્યક્તિને હઝરત આદમના કદમ પર પેદા કર્યા જે આજ લખનાર છે અને એનું નામ પણ આદમ રાખ્યું....... ખુદાએ ખુદ રૂહાની બાપ બનીને આ આદમને પેદા કર્યો અને જાહેરી પેદાઈશની રૂએ એ જ પ્રમાણે નર તથા માદા પેદા કર્યા જેવી રીતે કે પ્રથમ આદમ પેદા કર્યો હતો. એટલે કે તેણે મને પણ જે આખરી આદમ છું જોડમાં પેદા કર્યો.'' *(તિર્યાકુલ કુલૂબ, પેજ–૧૫૬, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ છે મિર્ઝા કાદયાનીનો પાયાનો અકીદો કે હઝરત આદમ عليه السلام ને ખુદાએ ચાર તત્વો (માટી, આગ, પાણી, હવા) વડે પેદા કર્યા પણ મિર્ઝા કાદયાનીને **રૂહાની બાપ** બનીને ખુદ પેદા કર્યો ! અને જેવી રીતે હઝરત આદમ તથા હવ્વાને જોડુ પેદા કર્યા એ જ પ્રમાણે મને અને મારી બહેન જિન્નતને જોડુ બનાવીને પેદા કર્યા પરંતુ એ જુદી વાત છે કે મારા જોડ થકી મારો વંશવેલો ન ચાલ્યો, કેમ કે નાની વયે તે મૃત્યુ પામી. સારાંશ કે મિર્ઝા કાદયાનીએ પોતાના આ લખાણમાં એવું સાબિત કરવાની કોશિશ કરી કે હું આદમ સમાન, આદમનો સાયો અને આદમ અવતાર છું. (અલ્લાહની પનાહ !)

## હઝરત નૂહ عليه السلام ની શાનમાં ગુસ્તાખી

મુસલમાનો હઝરત નૂહ عليه السلام ને એટલા માટે આદમે ષાની (બીજા) કહે છે કે નૂહના તોફાન વખતે હઝરત નૂહ عليه السلام ના ત્રણ પુત્રો, અન્ય અમુક આજ્ઞાંકિતોના સિવાય આદમની સર્વ ઔલાદ ડૂબી ચૂકી હતી. પૃથ્વીના પટ પર આદમ વંશનું અસ્તિત્વ તથા આબાદી હઝરત નૂહ عليه السلام ને આભારી છે, જેથી હઝરત નૂહ عليه السلام આદમે ષાની છે. પરંતુ કાદયાનીઓની દ્રષ્ટિએ મિર્ઝા ગુલામ કાદયાની ખલ્કત, ફિતરત તથા શાન તથા મહાનતાના એતબારે આદમે ષાની છે, જે શરીઅતની રૂએ તેમ જ બુદ્ધિની રૂએ તદ્દન બાતિલ (ખોટુ) છે.

મિર્ઝા કાદયાની એક જગાએ લખે છે કે :–

''.....ખુદા તઆલા મારા માટે એટલી અધિક્તાપૂર્વક નિશાનીઓ દેખાડી રહ્યો છે કે જો નૂહના જમાનામાં તે નિશાનીઓ દેખાડવામાં આવત તો તે લોકો ગર્ક ન થાત.'' *(તતિમ્મએ હકીકતુલ વહી, પેજ–૧૩૭, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ નાપાક લખાણમાં મિર્ઝા કાદયાનીએ હઝરત નૂહ عليه السلام ના મો'જિઝાઓની તૌહીન અને પોતાના શૈતાની ઈલ્હામો તથા નિશાનીઓ (મો'જિઝાઓ)ની અધિક્તાને એ રીતે વર્ણવી જાણે નૂહ عليه السلام ના મો'જિઝાના કારણે જ કાફિર તથા મુશ્રિકો ગુમરાહ થયા અને પોતાની ગુમરાહીના કારણે ડૂબી ગયા.

## કાદયાની સ્વમૂખે કઝ્ઝાબ ઠર્યો !

આ કાદયાની કઝ્ઝાબ જૂઠા નબીએ પોતાના ત્રણ લાખ મો'જિઝાઓનો દા'વો કર્યો છે ! જે સર્વ ધોકો તથા જૂઠ બયાની છે. દા. ત. ઈ. સ. ૧૯૦૮ થી પહેલાં તેણે એક પેશનગોઈ (આગાહી) કરી કે અમારું બુરુ તાકનાર ફલાણો મોલ્વી હૈઝા (એક ભયાનક બીમારી)ના અઝાબમાં સપડાઈને આટલા દિવસોમાં જહન્નમમાં સિધાવી જશે. અને જો તે હૈઝામાં સપડાઈને ન મરે તો મને કઝ્ઝાબ (જૂઠો) જાણજો. પણ તેની આ પેશનગોઈ ઉલ્ટી પડી ! કે ઈ.સ. ૧૯૦૮ માં હૈઝામાં ખુદ સપડાઈ ગયો અને બંને કાણાઓએથી ગંદા પાણીની નીક ચાલુ થઈ ગઈ જેના પરિણામે તેના દુશ્મનને બદલે તે પોતે જ જહન્નમમાં સિધાવી ગયો અને પોતે જ સાબિત કરી આપ્યું કે તે પોતાની જીભ વડે પણ સાચે જ કઝ્ઝાબ (જૂઠો) હતો.

કાદયાની ખલીફાએ ષાની મિર્ઝા મહમૂદનું નૂહ عليه السلام ની ગુસ્તાખી કરતું કુફ્રી બયાન :–

''હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા ગુલામ કાદયાની લઅ્નતુલ્લાહિ અલૈહ)નું નામ અલ્લાહ તઆલાએ નૂહ રાખ્યું છે. વળી આપની સાથે એવો સૂલૂક (વર્તાવ) થશે જે પહેલા નૂહથી વધીને હોય. જેમ કે અલ્લાહ તઆલાએ એક તરફ જ્યારે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)નું નામ નૂહ રાખ્યું તો બીજી તરફ આપના પુત્રને હિદાયતથી વંચિત કરી દીધો જેથી બતાવે કે આ નૂહ عليه السلام ની સાથેની સાથે મળતાપણાના કારણે છે. પણ પછી આ પુત્રને હિદાયત નસીબ કરી જેથી જાહરે કરી આપે કે **પ્રથમ નૂહ આવ્યો અને તેનો પુત્ર હિદાયતથી વંચિત રહ્યો**, પણ આ બીજો નૂહ આવ્યો તો તેનો પુત્ર જો કે અરસા સુધી હિદાયતથી વંચિત રહ્યો પણ છેવટે ખુદાએ તેને હિદાયતમાં દાખલ કરીને જાહેર કરી આપ્યું કે પ્રથમ નૂહની સાથે જે અલ્લાહનો સુલૂક હતો તેનાથી વધીને તેનો સુલૂક આ બીજા નૂહ સાથે છે.'' *(અલ્ ફઝ્લ, જિલ્દ–૧૯, અંક–૫, ૧૧–જૂલાઈ, ઈ.સ. ૧૯૩૧)*

કાદયાનીની ઔલાદે અલ્લાહ પર એ આક્ષેપ લગાડયો કે કાદયાની દજ્જાલનું નામ અલ્લાહ તઆલાએ જ નૂહ રાખ્યું અને કાદયાનીના પુત્રને ગુમરાહ કરીને બંનેમાં સમાનતા પેદા કરી, પછી તે પુત્રને હિદાયત આપીને મિર્ઝા કાદયાનીને હઝરત નૂહ عليه السلام થી ચઢિયાતો કર્યો અને નૂહ عليه السلام ને તેની સરખામણીમાં ઘટાડી દીધા !

## હઝરત યૂસુફ عليه السلام ની શાનમાં ગુસ્તાખી

ઈમામુલ મુરસલીન, ખાતમુન્નબિય્યીન હુઝૂર પુરનૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એ યૂસુફ عليه السلام ને પોતાના ભાઈ કહ્યા છે. તેમની ઉચ્ચ શાનમાં ગુસ્તાખી તથા બદ્તમીઝી કરતાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાની પોતાની કુખ્યાત કિતાબ ''બરાહીને અહમદિયા''માં લખે છે :–

''આ ઉમ્મતનો યૂસુફ એટલે આ આજિઝ (મિર્ઝા કાદયાની) ઈસ્રાઈલી યૂસુફથી વધીને છે. કેમ કે આ આજિઝ કૈદની દુઆ કરીને પણ કૈદથી બચાવવામાં આવ્યો પણ યૂસુફ ઈબ્ને યા'કૂબને કૈદમાં નાખવામાં આવ્યો. અને આ ઉમ્મતના યૂસુફ (કાદયાની)ના છૂટકારા માટે પચીસ વરસ પહેલાં જ ખુદાએ પોતે ગવાહી આપી અને નિશાન દેખાડયાં પણ યૂસુફ ઈબ્ને યા'કૂબ પોતાના છૂટકારા માટે ઈન્સાની ગવાહીનો પણ મોહતાજ રહ્યો.'' *(બરાહીને અહમદિયા, ભાગ–૫, પેજ–૭૬)*

**જુઓ ! કોઈ પણ નબીની જરા સરખી તૌહીન પણ કુફ્ર છે** જ્યારે આ ગુસ્તાખ કાદયાની નબુવ્વતનો દા'વો કરે તો છે સાથે સાથે જલીલુલ કદર નબી હઝરત યૂસુફ عليه السلام ની કેવી કેવી તૌહીન કરી રહ્યો છે ?! (અલ્લાહની પનાહ !)......*(ક્રમશઃ)*

બરકાતે ખ્વાજાની ટપાલ (ફ઼ર્યાદ઼)

## દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં

### દાખલા માટે જરૂરી સૂચના

દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (ઠે. મસ્જિદે રઝા, ચાર રસ્તા બસ સ્ટેન્ડ–આમોદ, જિ. ભરૂચ, મો. ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૪૨૭૪ ૬૪૪૧૧) ખાતે હાફિઝ ક્લાસ, ક઼ારી ક્લાસ, આલિમ ક્લાસમાં દાખલા માટે ૧૦–શવ્વાલના જન્મ તારીખનો દાખલો તથા ફોટો આઈ. ડી. પ્રુફ સાથે આવવાનું રહેશે. ચકાસણી બાદ દાખલો થઈ શકશે.

*–લિ. સંચાલકો*

### નેત્રંગ મદ્રસાના બાંધકામમાં સહાય કરો !

**નેત્રંગ** : (જિ. ભરૂચ) ખાતે મદ્રસાનું મકાન ન હોવાથી તેના માટે બાંધકામનું કામ ઉપાડયું છે. અંદાજિત ખર્ચ ૩૦ લાખ છે. સખીદાતાઓને વિનંતિ કે પોતાના તેમજ મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહથી મદદ કરે અથવા **ઝકાત, ખૈરાત, વગેરેથી ભરપુર મદદ કરે.** રોકડ અથવા સ્ટીલ, સિમેન્ટ, બારી દરવાજા વગેરે મટિરિયલ પૂરુ પાડી સહાય કરે.

**સંપર્ક કરો** : મદ્રસાએ ગુલશને મદીના, ઠે. જવાહર બજાર–નેત્રંગ,
મો. ૯૮૯૮૫૨૮૪૩૯, ૯૮૯૮૩૩૦૪૦૮ અથવા તંત્રી : બરકાતે ખ્વાજાનો સંપર્ક કરવો.

**ભરૂચ** : (સોનેરી મહેલ–મલેકવાડા) મોહતરમા ફાતમાબીબી વઝીરખાનના પૌત્ર ''મુહમ્મદ હમ્ઝા'' તથા નવાસા ''મુહમ્મદ અહમદ''ની પેદાઈશની ખુશીમાં રૂા. ૩૦૧/– બરકાતે ખ્વાજા મંથલીને મળ્યા છે, જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદક઼ામાં નવાસા તથા પૌત્રને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

**દયાદરા** : ખાતે તા. ૩૦–૫–૨૦૧૬, ૨૨–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૭ સોમવારના રોજ ઝુલેખા મુહમ્મદ ગાડીવાલાનો ઈન્તેક઼ાલ થયો છે.

**દયાદરા** : ખાતે તા. ૧૩–૬–૨૦૧૬, ૭–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૭ સોમવારના રોજ હજીયાણી હૂરીબેન યાકૂબ ટોલીવાલાનો ઈન્તેક઼ાલ થયો છે. જેમની દફનવિધિ સાંજે ચાર કલાકે રાખવામાં આવી.

**રોઝાટંકારીઆ** : ખાતે તા. ૨૦–૪–૨૦૧૬, ૧૨ રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૭, બુધવારના રોજ અબ્દુલ્લાહ ઈબ્રાહીમ યૂસુફ પટેલ કે જેઓ ઘણા સમયથી વિવિધ બીમારીઓનો સામનો કરી રહ્યા હતા તેમનો લગભગ ૫૦ વરસની યુવાન વયે દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## લાતૂરમાં જશ્ને દસ્તારબંદી

**લાતૂર** : (મહારાષ્ટ્ર) ખાતે તા. ૧૮–૪–૨૦૧૬, ૧૦–રજબ હિ. ૧૪૩૭ના રોજ ઈશાબાદ દારુલ ઉલૂમ હસનાત દીનયાત (કાઝી મહોલ્લા)નો વાર્ષિક દસ્તારબંદીનો શાનદાર જલસો થયો. જેમાં ૪–હાફિઝ તથા ૩–કારીની ઉલમા હઝરાતના મુબારક હાથો વડે દસ્તારબંદી કરવામાં આવી. હઝરત મૌલાના સૈયદ અબ્દુલહબીબ સાહબ (બુંદલખંડ) તથા હઝરત મૌલાના જમાલુદીન સાહબ કિબ્લા (યુ.પી.)નાં ઈમાન અફરોઝ બયાનો થયાં. મોડે સુધી જલસો ચાલેલો જેમાં આસપાસથી મોટી સંખ્યામાં સુન્ની ભાઈઓ હાજર રહ્યા. હાજરજનોને ન્યાઝ જમવાની પણ વ્યવસ્થા કરી હતી. એવો રિપોર્ટ દારૂલ ઉલૂમના કર્તાહર્તા હાજી ઉમર કચ્છી અલીયાબાડાવાળા તથા હાજી નિષાર વિંધાણી તરફથી મળ્યો છે. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## કિતાબો મંગાવો

**(૧) વહાબિયત અને યહૂદિયત** (પેજીસ–૧૧૨) હદિયો : ૩૦/– રૂા.

**સંપાદક :** અલ્લામા સૈયદ શાહ રૂકનુદ્દીન અસ્દક ચિશ્તી (જમશેદપુર)

**અનુવાદક** : મુહમ્મદ અમીન એ. ચોલા–જામનગર

**પ્રકાશક** : મુહમ્મદ અમીન એ. ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર–૩૬૧૦૦૧, મો. ૯૮૨૪૮૩૬૫૦૦

**(૨)દુનિયાની પહેલી મુસલમાન ઔરત** (પેજીસ–૬૪) હદીયો : ૧૦/– રૂા.

**સંપાદક** : મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા જામનગરી

**પ્રકાશક** : સુન્ની મિશન, મુહમ્મદ અમીન એ. ચોલા નૂરી, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ જામનગર–૩૬૧૦૦૧

## રૂા. ૮૦ મોકલી કિતાબ મંગાવો

**તોહફતુલ મજાલિસ** (પેજીસ–૧૬૦) હદિયો–૮૦ રૂા.

**મૂળ લેખક** : શયખ મેહમૂદ બિન સઈદ ઈરજી (ફારસી)

**ગુજરાતી અનુવાદક** : શાહિદ અહમદ જી. કલીમી

(હઝરત શયખ અહમદ ખટ્ટુ رحمة الله عليهના મલ્ફૂઝાતનો સંગ્રહ છે.)

**પ્રકાશક** : સરખેજ રોજા કમિટી, ડી.વી. પબ્લિકેશન એન્ડ લાયબ્રેરી, મકરબા, પો. જીવરાજ પાર્ક, અહમદાબાદ–૩૮૦૦૫૧ ફોન : ૦૭૯ ૨૬૮૨૮૬૭૫, ૩૦૨૮૫૫૨૫

## પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો

**(૧) શહીદે કર્બલા ઝિંદાબાદ** (કર્બલાની દાસ્તાન) પેજીસ–૨૩૬

**અઝ** : જનાબ રબ્બાનીમિંયા અલીમિંયા સૈયદ

**(૨) ઈલ્મનો ખઝાનો** (જેમાં કુર્આન શરીફ, વહી, લોહે મરફૂઝ, ઘણા અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ, સહાબિયાત, ફરિશ્તા, જિન્નાત...વગેરે માહિતી છે.) (પેજીસ–૩૬૪)

**સંપાદક** : વહોરા અબ્દુલકૈયૂમ અ. રહમાન (નરસંડા)

**બંનેવના પ્રકાશક** : સુન્ની મુસ્લિમ કમિટી, ઈમામ અહમદ રાઝા મંઝિલ વેરી દરવાજા, ગોંડલ–૩૬૦૩૧૧, ફોન : ૦૨૮૨૫ ૨૨૪૭૮૬

## ખિલાફત અર્પણ

**માણસા** : ખાતે જનાબ તુફૈલ હુસૈન સૈયદ સાહબ વિજાપુરવાળા બરકાતે ખ્વાજા (માસિક)ના ખાસ ચાહક પ્રચારકને કેટલાક સમય પહેલાં પીરે તરીકત હઝરત સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી દરિયાઈ અશરફી સાહબે ખિલાફત ઈજાઝતથી નવાઝયા છે. મુબારકબાદ ! રબ્બે કરીમ સૈયદ સાહબથી ઔર દીનની ખિદમતે લે અને મખ્લૂકે ખુદાને એમના થકી ફયઝયાબ ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

**દયાદરા** : ખાતે દર રવિવારે અસર બાદ હપ્તાવારી ઈજતેમામાં સુન્ની તર્બિયતી ઈજતેમામાં અક઼ીદા તથા અમલની મજબૂતી તથા ઈસ્લાહ કરતાં બયાનો મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી થકી તેમજ એ સિવાય ડેઈલી અસર બાદ કિતાબ "બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ "માંથી દર્સ તંત્રી "બરકાતે ખ્વાજા–માસિક" થકી તેમજ રમઝાન પહેલાં "ઈસ્તિક઼બાલે રમઝાન"નો પ્રોગ્રામ તા. ૨૭–૫–૨૦૧૬ના રોજ અસરથી ઈશા સુધી થયો જેમાં અસરથી મગરિબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી થકી ફઝાઈલે રમઝાન તથા નફ્લ નમાઝો તથા ક઼ઝાએ ઉમરી વિશે, મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી થકી ફઝાઈલ વ મસાઈલની છણાવટ થઈ. મગરિબ બાદ **જામિઆ અશ્રફિયા–મુબારકપુરથી** તશરીફ લાવેલ **હઝરત મુફતી મુહમ્મદનસીમ મિસ્બાહી સાહબે** વિવિધ પ્રશ્નો રોઝા, ઝકાત, વારસા વિશે તથા અન્યના જવાબો આપી હાજરજનોને ફૈઝયાબ કર્યા હતા. રમઝાન દરમ્યાન અસરબાદ દર્સે કુર્આન મૌલાના તૌસીફ હલદરવી સાહબે જારી રાખ્યો. ૩ રમઝાનના વિસાલે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا નિમિત્તે જુમ્આમાં શાને ખાતૂને જન્નત પર મૌલાના ઝહીર સાહબે શાનદાર બયાન કરી આપનો કિરદાર, શરમો હયા શું હતી તે દર્શાવી અવામને તેના પ્રમાણે ચાલવા તાકીદ કરી હતી.

**પાલેજ** : થી હપ્તાવારી ઈજતેમાઓ વારી વારી કરવા માટે કાફલા સાધલી, ડભોઈ, સાધિયાપૂરા, બોડેલી, કનાયડા, કીયા, બીલીમોરામાં શાદીમાં ૨૯–૪–૨૦૧૬ના નઅતો બયાન ઈમરાન નૂરી, મૌલાના ઈબ્રાહીમ જંબુસરી, યૂસુફ નૂરી (પાલેજ), ઉપરાંત શીનોર, સાપા જુમ્આમાં, ૧૪–૫ના સાધલીથી નવયુવાનોના કાફલા સાથે ભરૂચ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી માલેગાંવના બયાનમાં, તેમજ રાજપીપળા મદીના મસ્જિદ–નૂરાની મસ્જિદ તથા સાધલીના પેશ ઈમામ સાહબ ઉમરા કરીને આવતાં ત્યાં ઈસ્તક઼બાલિયા પ્રોગ્રામ નઅત તથા બયાન હઝરત મૌલાના સૈયદ ઝાકિરઅલી ટુંડાવવાળા થકી, રાજપારડી, પારખેત, નેત્રંગ વગેરે ઈજતેમા થયા.

**ભરૂચ** : મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)એ ૨૮–૫ના મગરિબથી ઈશા સુધી હઝરત મુફતી મુહમ્મદનસીમ મિસ્બાહી સાહબનો સવાલો જવાબનો પ્રોગ્રામ રાખ્યો. તેમજ મૌલાના સાહબ તેમજ હાફિઝ અ. રહીમ બરકાતી, મુબલ્લિગો મુઈનભાઈ, તારીક઼ભાઈ વગેરે થકી વિવિધ મસ્જિદોમાં હફતાવારી ઈજતેમા થયા.

**પારખેત** : ખાતે ૧–૬–૨૦૧૬ના રોજ અસરથી મગરિબ સુધી ઔરતોની ઈસ્લાહ માટે મદ્રસા હોલમાં રાખેલ ઈજતેમામાં આલિમા ગુલઅફશાએ બહેનોની તર્બિયત કરી. તથા પારખેત ખાતે જ તા. ૫–૬–૨૦૧૬ અસરથી ઈશા સુધી ચિશ્તિયા મસ્જિદમાં "માહે રમઝાન કૈસે ગુઝારેં ?" સંબંધી ઈજતેમામાં હાફિઝ અ. રહીમ બરકાતી તથા મૌલાના ઝહીર મિસ્બાહીએ રમઝાનના ફઝાઈલ મસાઈલ દર્શાવી મજમાના ઈલ્મમાં વધારો કર્યો તથા તાજગી બખ્શી.

**વડોદરા–બાસ્કા** : મુબલ્લિગો સુલ્તાન રઝા, અસ્લમભાઈ, જાવેદભાઈ, ઉષ્માનગની વગેરે થકી હપ્તાવારી ઈજતેમા તથા વિવિધ તર્બિયતી પ્રોગ્રામો જારી રહ્યા.

**જંબુસર** : હપ્તાવારી દર્સ તથા ઈજતેમા મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી, મૌલાના ઈબ્રાહીમ સાહબ, હાફિઝ મુશ્તાક દહેગામી થકી જારી રહ્યા તેમજ ચાંદપીર મસ્જિદ ખાતે સતત ત્રણ દિવસ ઈશા બાદ "ઈસ્તિક઼બાલે રમઝાન" પ્રોગ્રામ હેઠળ હાફિઝ અ. રહીમ તથા મૌલાના ઝહીર મિસ્બાહી થકી તર્બિયત થતી રહી, હાજરજનો ફયઝયાબ થતા રહ્યા.

**વાગરા** : ખાતે નૂરાની મસ્જિદમાં રમઝાન દરમ્યાન મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ફજર બાદ દર્સ અસર બાદ તફસીરમાં હાજરજનોની તર્બિયત ફર્માવી.

**ડભોઈ** : ખાતે હફતાવારી ઈજતેમા દારુલ ઉલૂમ ફયઝાને નૂરીના મુદર્રિસ જનાબ મૌલાના અ. રઉફ તથા સાથીઓ થકી વિવિધ ઠેકાણે કરવામાં આવ્યા.

**ધોરાજી** : ખાતે મૌલાના મુફતી મુનવ્વર રઝા તથા મૌલાના યૂસુફ નૂરી સાહબ (કાઠિયાવડી) તેમજ અન્ય ઉલમા મુબલ્લિગોએ શબે બરાતમાં શબ બેદારીનો પ્રોગ્રામ રાખેલો જેમાં વિવિધ ઈબાદતો, બયાન વગેરે થયાં. આપને એ જાણીને ખુશી થશે કે મુબલ્લિગની તથા ઈમામતની તર્બિયત માટે ધોરાજીમાં "નૂરી તર્બિયતી સેન્ટર" ચાલુ કરવામાં આવેલ છે તો તા'લીમ ઈચ્છનારાઓ મુફતી મુનવ્વર રઝા સાહબનો સંપર્ક કરે. મો. **9824144921, 8140257559**

તદ્ઉપરાંત નબીપુર ખાતે આલિમા મુબલ્લિગા બહેનો થકી ઔરતોમાં હફતાવારી ઈજતેમા થયા તથા બોડેલી, કોસંબા, સૂરત, ભાવનગર વગેરે ગુજરાતભરની શાખાઓ થકી રાબેતા મુજબ ઈજતેમા, તર્બિયતી પ્રોગ્રામો થતા રહ્યા.